

પેજ-08
મૃણાલે ક્રિકેટર યશસ્વી સાથે ડેટિંગ પર મૌન તોડ્યું

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
શ્રીલંકા સામેની ટેસ્ટ સીરિઝ પહેલા ભારતીય ટીમ માટે રાહત: નેટ્સમાં પરત ફર્યો શુભમન




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 27.00 |
| વડોદરા | 30.00 | 27.00 |
| સુરત | 30.00 | 27.00 |

પેજ 5

ક્રૂડ સસ્તું થતા ભારતમાં રોકાણ વધ્યું : ઓગસ્ટના પહેલા અઠવાડિયા...

10 AUGUST-2026 MONDAY

ભારત પર ટ્રમ્પનો 100 ટકા ટેરિફ હાથવેંતમાં

પેજ 10

.....સુવિચાર.....
રસ્તાઓ પણ થાકશે એક દિવસ તમને દોડાવીને શરત એ છે કે તમને વિશ્વાસ તમારાં કદમો પર હોવો જોઈએ...!!!

વર્ષ-15 । અંક-267 । વિક્રમ સંવત-2082 । અષાઢ વદ - 12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## News Brief

### CJI સૂર્યકાંતને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રણ પર ભડક્યા વિદ્યાર્થીઓ, કહ્યું- 'કોકરોચ કહેનારાના હાથે ડિગ્રી નથી લેવી...'



(એજન્સી) નવી દિલ્હી | તા 09

હૈદરાબાદની NALSAR યુનિવર્સિટીમાં આગામી પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે CJI સૂર્યકાંતને આમંત્રિત કરાતા વિવાદ સર્જાયો છે. વિદ્યાર્થીઓના એક જૂથે CJI ના તાજેતરના નિવેદનોને શૈક્ષણિક સ્વતંત્રતા વિરુદ્ધ ગણી આમંત્રિત કરવાનો વિરોધ કર્યો છે. 2026ના બેચના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પ્રશાસનને પત્ર લખી નિર્ણય પર પુનર્વિચાર કરવા માંગ કરી છે. યુનિવર્સિટી પ્રશાસન તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. હૈદરાબાદની પ્રતિષ્ઠિત 'નેશનલ એકેડેમી ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ' (NALSAR) યુનિવર્સિટીમાં આગામી પદવીદાન સમારોહ (કોન્વોકેશન સેરેમની) ને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. યુનિવર્સિટી પ્રશાસન દ્વારા દેશના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતને મુખ્ય અતિથિ (ચીફ ગેસ્ટ) તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે, જેનો ગ્રેજ્યુએટ થઈ રહેલા વિદ્યાર્થીઓના એક જૂથે સખત વિરોધ કર્યો છે. વિદ્યાર્થીઓનો આરોપ છે કે CJI ના તાજેતરના નિવેદનો શૈક્ષણિક સ્વતંત્રતા અને બંધારણીય જવાબદારીના મૂલ્યોની વિરુદ્ધ છે.વર્ષ 2026ના બેચના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર, રજિસ્ટ્રાર, ફેકલ્ટી અને પ્રશાસનને એક પત્ર લખીને આ નિર્ણય પર તાત્કાલિક પુનર્વિચાર કરવાની માંગ કરી છે. વિદ્યાર્થીઓનું માનવું છે કે અદાલતના તાજેતરના કેટલાક વલણો અને નિવેદનોથી વિદ્યાર્થીઓ અને યુવાનો પ્રત્યે તેમની ઉદાસીનતા છતી થઈ છે.યુનિવર્સિટી પ્રશાસનને મોકલેલા પત્રમાં વિદ્યાર્થીઓએ વિરોધ નોંધાવતા લખ્યું છે કે, "યુવાનોને વંદો (કોકરોચ) કહેવાથી લઈને પોલીસ બર્બરતાના વીડિયો જોવાનો સમય ન હોવા જેવા અસંવેદનશીલ નિવેદનો આપીને CJI એ અમારા જેવા વિદ્યાર્થીઓ પ્રત્યે અણગમો દર્શાવ્યો છે. આવા સંજોગોમાં તેમને અમારા કોલેજમાં આમંત્રિત કરવા અને તેમના હસ્તે એ ડિગ્રીઓ પ્રાપ્ત કરવી, જે અમારા માટે શૈક્ષણિક અને ભાવનાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે, તે અમને યોગ્ય લાગતું નથી."

### 'કૃષ્ણ લલ્લા હમ આયેંગે, મંદિર વહીં બનાયેંગે!', મથુરામાં 6 ડિસેમ્બરે કારસેવાની સંતોની મોટી જાહેરાત



(એજન્સી) મથુરા| તા 09

મથુરામાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ વિવાદે ફરી જોર પકડ્યું છે. દેશભરના સાધુ-સંતોએ 6 ડિસેમ્બરે કારસેવાની જાહેરાત કરી છે. સંતોએ "કૃષ્ણ લલ્લા હમ આયેંગે, મંદિર વહી બનાયેંગે" ના નારા લગાવ્યા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મંજૂરી આપે તો પ્રાણ આપવા પણ તૈયાર હોવાનું સંતોએ જણાવ્યું. આ એલાન બાદ મથુરામાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. મથુરા ખાતે આવેલા શ્રી કૃષ્ણ જન્મસ્થાન અને શાહી ઈદગાહ મસ્જિદ વિવાદ અંગે સાધુ-સંતોએ મોટી જાહેરાત કરી છે. મથુરામાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન દેશભરમાંથી એકઠા થયેલા સંતોએ આગામી 6 ડિસેમ્બરના રોજ મથુરામાં 'કારસેવા' કરવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે.આ કાર્યક્રમ દરમિયાન સંતોએ "કૃષ્ણ લલ્લા હમ આયેંગે, મંદિર વહી બનાયેંગે" અને "રામ જન્મભૂમિ બાદ કાશી અને હવે મથુરાનો વારો છે" જેવા આક્રમક નારા લગાવ્યા હતા.ચિત્રગુપ્ત પીઠાધીશ્વર સ્વામી સચ્ચિદાનંદ મહારાજે કાર્યક્રમને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે... ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મંજૂરી આપે. અમે શ્રી કૃષ્ણનું ભવ્ય મંદિર બનાવવા માંગીએ છીએ. આગામી મહિને અમે જન્મભૂમિ તરફ કૂચ કરીશું અને શ્રી કૃષ્ણ જન્મસ્થાનને મુક્ત કરાવીને જ જંપીશું. પોતાના પ્રાણની આહુતિ આપીને પણ અમે ભગવાન શ્રી કૃષ્ણને મુક્ત કરાવીશું. સંતોના આ એલાન બાદ મથુરા અને તેની આસપાસના વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વહીવટીતંત્ર અને પોલીસ અલર્ટ થઈ ગઈ છે.પોલીસ અને તંત્ર પર ગંભીર આરોપ, શિલા પૂજનના પથ્થરો ગાયબ કરવાનો દાવો કાર્યક્રમ દરમિયાન સ્વામી સચ્ચિદાનંદે પોલીસ અને સ્થાનિક પ્રશાસનના વલણ સામે ભારે અસંતોષ અને આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે તંત્ર સંતોને આ આયોજન કરતા રોકવાનો પ્રયાસ કરી રહ્યું છે.અમારા સાધુ અને સંતોને પ્રશાસને રોકવાનો પ્રયાસ કર્યો છે.

## હાઈવે પર રોંગ સાઈડ આવતી ટ્રક સાથે ભયાનક અકસ્માત

# ઉજ્જૈન દર્શન કરી પરત ફરતા વડોદરાના 6 યુવકોના મોત

(એજન્સી) નવી દિલ્હી | તા 09

ધાર-ઉજ્જૈન ફોરલેન હાઈવે પર પંચકવસા ગામ નજીક રવિવારે બપોરે 1 વાગ્યે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વડોદરાના 6 યુવાનો મહાકાલના દર્શન કરી ગુજરાત પરત ફરતા હતા ત્યારે તેમની કારને અકસ્માત નડ્યો હતો. આ દુર્ઘટનામાં 6 યુવાનોના કરૂણ મોત થયા છે, જ્યારે 1 યુવાન ગંભીર રીતે ઘાયલ થતા હોસ્પિટલમાં દાખલ કરાયો છે.ધાર-ઉજ્જૈન ફોરલેન હાઈવે પર રવિવારે(૯ ઓગસ્ટ) બપોરે 1 વાગ્યાની આસપાસ પંચકવસા ગામ નજીક એક ગંભીર અકસ્માતની ઘટનામાં ગુજરાતના વડોદરાના છ યુવાનોના મોત નીપજ્યા છે. યુવકો ઉજ્જૈનમાં મહાકાલ મંદિરના દર્શન કરીને કારમાં ગુજરાત પરત ફરી રહ્યા હતા, ત્યારે રસ્તામાં આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં અન્ય એક યુવાનને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પ્રત્યક્ષદર્શીઓ અને પોલીસની માહિતી અનુસાર, બદનાવર-ઉજ્જૈન ફોરલેન હાઈવે પર રોંગ સાઈડમાં લોખંડના સામાનથી ભરેલી ટ્રક ઉજ્જૈન તરફ ઝડપથી આગળ વધી રહી હતી. આ દરમિયાન



ગુજરાતના વડોદરાના યુવકની કાર ટ્રક સાથે જોરદાર ટકરાઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે કાર સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી અને તેમાં રહેલા 6 યુવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. અકસ્માત બાદ ટ્રકચાલક ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો.અકસ્માતની જાણ થતાં સ્થાનિક તંત્ર સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી પહોંચ્યો હતો. સ્થાનિક ગ્રામજનો અને પોલીસે સાથે મળીને કારનો કાચ તોડીને ભારે પ્રયાસ બાદ મૃતક યુવકોના મૃતદેહોને બહાર કાઢ્યા હતા. જેમાં ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવાનને વાહનમાંથી બહાર કાઢીને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા બદનાવરના સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. જ્યારે મૃતકોના મૃતદેહોને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલના મોકલવામાં આવ્યા હતા.પોલીસે મૃતકોની ઓળખ કરી લીધી છે અને ગુજરાતમાં તેમના પરિવારોને અકસ્માત અંગે જાણ કરી દીધી છે.

### જમ્મુ-કાશ્મીરમાં ડેપ્યુટી CMના કાફલાની ટક્કરથી યુવકનું મોત, ગંગ્યાલમાં સર્જાઈ દુર્ઘટના

(એજન્સી) નવી દિલ્હી | તા 09

જમ્મુના ગંગ્યાલમાં શનિવારે રાત્રે 8:55 વાગ્યે જમ્મુ-કાશ્મીરના નાયબ મુખ્યમંત્રી સુરિંદર ચૌધરીના સુરક્ષા કાફલાની કારે બિહારના ભરત કાપર નામના યુવકને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં યુવકનું કરુણ મોત નિપજ્યું હતું. જોકે, અકસ્માત સમયે ડેપ્યુટી CM કાફલામાં હાજર નહોતા. પોલીસે FIR નોંધી તપાસ શરૂ કરી છે. જમ્મુ શહેરના બહારના વિસ્તાર એવા ગંગ્યાલમાં શનિવારે રાત્રે એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. જમ્મુ-કાશ્મીરના ઉપમુખ્યમંત્રી (ડેપ્યુટી CM) સુરિંદર ચૌધરીના સુરક્ષા કાફલામાં સામેલ એક ઝડપી કારની ઝપેટમાં આવી જતાં એક યુવકનું કરુણ મોત નીપજ્યું છે. અકસ્માત સમયે ડેપ્યુટી CM પોતે કાફલામાં હાજર નહોતા, પરંતુ કાફલો તેમને ઘરે છોડીને પરત ફરી રહ્યો હતો ત્યારે આ દુર્ઘટના ઘટી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ અકસ્માત રાત્રે આશરે 8:55 વાગ્યાના સુમારે બન્યો હતો. મૃતક યુવકની ઓળખ બિહારના સમસ્તીપુર જિલ્લાના વતની ભરત કાપર તરીકે થઈ છે. ભરત ગંગ્યાલ વિસ્તારની એક સ્થાનિક દુકાનમાં કામ કરતો હતો. રાત્રિના સમયે જ્યારે તે રસ્તો ઓળંગી રહ્યો હતો, ત્યારે ડેપ્યુટી CM ના કાફલામાં સામેલ પૂરપાટ ઝડપે આવી રહેલી સ્કોર્પિયો કારે તેને જોરદાર ટક્કર મારી હતી.

#### એઆઈ ટેક્નોલોજીના જમાનામાં હેકર્સ જૂની પદ્ધતિ પર પાછા ફર્યા

### ભારતમાં 'બોસ સ્કેમ'થી કંપનીઓ સાથે સાયબર છેતરપિંડી

નવી દિલ્હી/વોશિંગ્ટન : દુનિયામાં ટેક્નોલોજી આગળ વધવાની સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આધારિત સાયબર હુમલા વધી રહ્યા છે. જોકે, ભારતમાં એકાઉન્ટ સ્ટેટમેન્ટ અને રેગ્યુલેટરી કોમ્યુનિકેશનના નામે માલવેર ફાઈલો મોકલી પ્રોફેશનલ અને વેપારીઓના વોટ્સએપ એકાઉન્ટ હેકિંગ મારફત 'બોસ સ્કેમ'થી છેતરપિંડી વધી રહી છે. બીજીબાજુ અત્યાધુનિક ટેક્નોલોજી વચ્ચે અમેરિકામાં હેકર્સ વોઈસ હેકિંગની સરળ પદ્ધતિથી કંપનીઓના સર્વરમાં ઘૂસણખોરી કરી રહ્યા હોવાની ગૂગલે ચેતવણી આપી છે.કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ઈન્ડિયન સાયબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન સેન્ટર (આઈ૪સી)એ દિલ્હી, ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન સહિત અનેક રાજ્યોમાં 'બોસ સ્કેમ'થી છેતરપિંડની ઘટનાઓની નોંધ લીધી છે. સાયબર ક્રાઈમ કંટ્રોલિંગ વિંગે નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (એનસીઆરપી) પર છેતરપિંડી સંબંધિત ફરિયાદોમાં વધારો થયો હોવાનું નોંધ્યું છે.

સાયબર ગુનેગારો બોસ સ્કેમ હેઠલ કંપનીના વરિષ્ઠ અધિકારીઓના વોટ્સએપ એકાઉન્ટ હેક કરીને તેનો દુરુપયોગ કરે છે, જેથી ફાઈનાન્સ સ્ટાફને મ્યુલ એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરવાનો નિર્દેશ આપી શકે. સાયબર ગૂનેગારો 'સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ.ઝિપ', 'આરબીઆઈ.ઝિપ' અથવા એમસીએ.ઝિપ જેવા નામવાળી કમ્પ્રેસ્ડ ફાઈલો કંપનીના વરિષ્ઠ અધિકારીઓને મોકલીને વોટ્સએપ એકાઉન્ટ હેક કરે છે.

#### અનામત મુદ્દે રાજકારણ બંધ કરો : માયાવતી

### 'ક્રિમીલેયરની વાત જ કરવી ખોટી...' RSS પ્રમુખ ભાગવતના નિવેદન પર માયાવતી ગુસ્સે થયા

(એજન્સી) નવી દિલ્હી | તા 09

બસપા સુપ્રીમો માયાવતીએ RSS પ્રમુખ મોહન ભાગવતના નિવેદન પર પ્રહાર કર્યા છે. તેમણે અનામતમાં ક્રીમી લેયર લાગુ કરવાની વાતને SC-ST વર્ગો માટે અયોગ્ય ગણાવી. માયાવતીએ કહ્યું કે અનામત સામાજિક પરિવર્તન અને આત્મસન્માનનો બંધારણીય અધિકાર છે, માત્ર આર્થિક મદદ નહીં. તેમણે RSSને અનામત પર રાજકારણ બંધ કરવા અપીલ કરી. બહુજન સમાજ પાર્ટી (BSP) ના સુપ્રીમો માયાવતીએ અનામતમાં 'ક્રીમી લેયર' લાગુ કરવાની ચર્ચા અને RSS વડા મોહન ભાગવતના નિવેદન પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે SC અને ST વર્ગો માટે ક્રીમી લેયરની વાત કરવી તે સંપૂર્ણપણે અયોગ્ય છે અને તે બાબા સાહેબ ડો. ભીમરાવ આંબેડકરના માનવતાવાદી બંધારણના પવિત્ર ઉદ્દેશ્યોની વિરુદ્ધ છે. અનામત એ માત્ર આર્થિક મદદ નથી, પરંતુ સદીઓથી શોષિત અને વંચિત સમાજનું સામાજિક પરિવર્તન, આર્થિક મુક્તિ અને આત્મસન્માન સાથે જોડાયેલો બંધારણીય અધિકાર છે.આરએસએસ પ્રમુખ મોહન ભાગવતના એ નિવેદન પર પલટવાર કરતાં–જેમાં તેમણે અનામતના લાભાર્થીઓને સ્વેચ્છાએ લાભ છોડવાની સલાહ આપી હતી અને તેના પર રાજકારણ થતું હોવાનું કહ્યું હતું–માયાવતીએ તેને 'જાતિવાદી સોચ' ગણાવી હતી. તેમણે કહ્યું કે આવી સંકુચિત રાજકીય વિચારસરણીથી સંકીર્ણ સ્વાર્થ પૂરા થઈ શકે છે પણ તેનાથી બંધારણીય મૂલ્યોની અવહેલના થાય છે. તેમણે ઉમેર્યું કે જાતિવાદી ભેદભાવને માત્ર આર્થિક પ્રગતિથી માપી શકાય નહીં, કારણ કે તેની અસર પીડિતોના સમગ્ર જીવન પર પડે છે.છેલ્લે, માયાવતીએ આરએસએસને અનામતના મુદ્દા પર રાજકારણ બંધ કરવા અને સિસ્ટમમાં કોઈ પણ પ્રકારની છેડછાડ કરવાની પેરવી ન કરવા અપીલ કરી છે. આ સાથે જ તેમણે કેન્દ્ર સરકારને વિનંતી કરી છે કે જો તેઓ SC-ST સમાજને ક્રીમી લેયરથી દૂર રાખવા માંગતા હોય, તો અદાલતમાં મજબૂત દલીલો સાથે પોતાનો પક્ષ રજૂ કરે જેથી આ વર્ગોના બંધારણીય હકોનું રક્ષણ થઈ શકે.

#### જેનએઆઈ નોન ફાર્મ સેક્ટરમાં ૪૮ ટકા કર્મચારીઓની કામગીરીને વધુ પ્રભાવશાળી બનાવશે

### ભારતમાં એઆઈ : 12 ટકા નોકરીઓમાં માણસોની જગ્યા લેશે

મુંબઈ : જનરેટિવ એઆઈને કારણે આગામી વર્ષોમાં ભારતના જોબ માર્કેટમાં ફેરફાર જોવા મળશે. ગોલ્ડમેન સેશના રિપોર્ટ અનુસાર, જેનએઆઈને કારણે નોન એગ્રીકલ્ચર સેક્ટરમાં ૧૨ ટકા નોકરીઓમાં માણસોની જગ્યા એઆઈ લેશે. નોન ફાર્મ સેક્ટરમાં ૪૨ થી ૪૮ ટકા નોકરીઓમાં જેનએઆઈ કર્મચારીઓની કામગીરીને વધુ પ્રભાવશાળી બનાવશે.

ભારતના નોન-એગ્રીકલ્ચરલ સેક્ટરમાં હાલમાં થતી કામગીરીમાંથી ૧૭ ટકા સુધીની કામગીરી જેનએઆઈ કરી શકે છે. ક્લર્ક અને રુટિન ઓફિસ જોબ્સમાં એઆઈ વધુ અસરકારક સાબિત થઈ શકે છે. નોન-એગ્રી સેક્ટરમાં ક્લર્ક જોબ્સનો હિસ્સો ૩ ટકા જેટલો હોય છે. સેલ્સ વર્કર્સનો હિસ્સો ૨ ટકા અને ટેકનિશિયન્સનો હિસ્સો ૧ ટકા હોય છે. એજ્યુકેશન, મીડિયા, ફાઈનાન્સ, હેલ્થકેર અને પ્રોફેશનલ સર્વિસ જેવા સેક્ટર્સમાં એઆઈ સ્કિલ્ડ વર્કર્સને મદદરૂપ થઈ



શકે છે. ફાઈનાન્સમાં એઆઈ બેઝિક મોડલિંગ, ડેટા એનાલિસિસ અને રુટિન કામો થયા છે કે નહીં તે ચેક કરી શકે છે. તેનાથી એનાલિસ્ટ જેવા કર્મચારીઓ વધુ જટિલ એનાલિસિસ કરી શકે છે અને મોટા નિર્ણય લઈ શકે છે.

### 25 મહિલાઓ સાથે લગ્ન અને કરોડોની છેતરપિંડી! ભાજપના ધારાસભ્યે પોતાના જ વેવાઈ સામે FIR નોંધાવી

(એજન્સી) સીતાપુર| તા 09

સીતાપુરમાં ભાજપ ધારાસભ્ય જ્ઞાન તિવારીએ પોતાના વેવાઈ અનુજ ત્રિવેદી વિરુદ્ધ છેતરપિંડીની FIR નોંધાવી છે. અનુજ પર 25થી વધુ મહિલાઓ સાથે ઓળખ છુપાવી લગ્ન કરી કરોડોની ઠગાઈનો આરોપ છે. તેણે ધારાસભ્યને મુંબઈના રિયલ એસ્ટેટ બિઝનેસમેન તરીકે ઓળખ આપી હતી. હાલ મુંબઈ પોલીસે અનુજની ધરપકડ કરી છે. સીતાપુર પોલીસ હવે મુંબઈ પોલીસ પાસેથી કસ્ટડી મેળવી વધુ તપાસ કરશે. ઉત્તર પ્રદેશના સીતાપુરમાં 25 થી વધુ મહિલાઓ સાથે ઓળખ છુપાવીને લગ્ન કરવા અને કરોડો રૂપિયાની ઠગાઈ કરવાના આરોપી અનુજ ત્રિવેદીની મુશ્કેલીઓ વધી ગઈ છે. હવે તેમના વેવાઈ અને સ્થાનિક ભાજપ ધારાસભ્ય જ્ઞાન તિવારીએ સીતાપુરના રેઉસા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અંગે એફઆઈઆર (FIR) નોંધાવી છે.ભાજપ ધારાસભ્ય જ્ઞાન તિવારીએ લગભગ બે વર્ષ પહેલાં (14 ફેબ્રુઆરી 2024) પોતાની દીકરી ડૉ. પ્રજ્ઞા તિવારીના લગ્ન અનુજ ત્રિવેદીના પુત્ર પ્રખર ત્રિવેદી સાથે કરાવ્યા હતા. લગ્ન સમયે અનુજ



ત્રિવેદીએ પોતાને મુંબઈમાં રિયલ એસ્ટેટનો બિઝનેસમેન ગણાવ્યો હતો. પરંતુ તાજેતરમાં સોશિયલ મીડિયા અને મીડિયા અહેવાલો દ્વારા ધારાસભ્યને જાણવા મળ્યું કે તેમના વેવાઈ અનુજ ત્રિવેદીએ પોતાની ઓળખ છુપાવીને અલગ-અલગ શહેરોમાં લગભગ 25 મહિલાઓ સાથે લગ્ન કર્યા છે, અને તેમની સાથે કરોડો રૂપિયાની ઠગાઈ આચરી છે. આ મામલે મુંબઈ પોલીસે અનુજ ત્રિવેદીની પહેલાથી જ ધરપકડ કરી લીધી છે, અને તે મહારાષ્ટ્રની જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. ધારાસભ્ય જ્ઞાન તિવારીએ જણાવ્યું કે, તેમની સાથે અને તેમની પુત્રી સાથે મોટો વિશ્વાસઘાત થયો છે.

## પંજાબમાં BSFના ફાયરિંગમાં શંકાસ્પદ ઘૂસણખોર ઠાર:અમૃતસરમાં બોર્ડર પર ગોળી મારી



અમૃતસર | ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર અમૃતસરના દાઉકે ગામમાં શનિવારે BSFએ એક શંકાસ્પદ ઘૂસણખોરને ગોળી મારીને ઠાર કર્યો. આ કાર્યવાહી ઘરિન્ડા પોલીસ સ્ટેશન હેઠળ કાંટાળી તાર પાસે કરવામાં આવી. જણાવવામાં આવી રહ્યું છે કે BSFના જવાનો વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન જવાનોને કાંટાળી તાર પાસે ઝાડીઓમાં કંઈક હલચલ દેખાઈ. મૃતકના કબજામાંથી તમાકુનું પેકેટ મળી આવ્યું છે.

જવાનોએ તરત જ સાવચેતી રાખીને શંકાસ્પદ વ્યક્તિને ઝાડીઓમાંથી બહાર આવવા કહ્યું. થોડીવાર પછી તે વ્યક્તિ બહાર આવ્યો અને કાંટાળી તાર પાર કરવાનો પ્રયાસ કરવા લાગ્યો. BSF જવાનોએ તેને રોકાવાની ચેતવણી આપી અને આગળ ન વધવા કહ્યું.સ્થિતિને જોતા BSF જવાનોએ કાર્યવાહી કરતા ફાયરિંગ કર્યું. ગોળી વાગવાથી ઘૂસણખોરનું ઘટનાસ્થળે જ મોત થયું. ઘટનાના તરત જ બાદ તેની જાણ ઘરિન્ડા પોલીસ સ્ટેશનને કરવામાં આવી. પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને સમગ્ર મામલાની તપાસ શરૂ કરી દીધી.પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકના કબજામાંથી એવો કોઈ દસ્તાવેજ મળ્યો નથી, જેનાથી તેની ઓળખ થઈ શકે. હાલ તેની ઓળખ અજાણી છે. ઘરિન્ડા પોલીસ સ્ટેશને BSFની ફરિયાદના આધારે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.પોલીસે મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. સરહદ પર બનેલી આ ઘટના બાદ BSF જવાનો આસપાસના વિસ્તારમાં પણ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે સરહદ નજીક કોઈ અન્ય શંકાસ્પદ પ્રવૃત્તિ તો નથી થઈ. આ મામલે તપાસ ચાલુ છે અને મૃતકની ઓળખ થયા બાદ જ ઘૂસણખોરીના સમગ્ર મામલા સાથે જોડાયેલી વધુ માહિતી સામે આવવાની અપેક્ષા છે.બીએસએફ જવાનો દ્વારા તેને રોકવા માટે વારંવાર ચેતવણી આપવામાં આવી હોવા છતાં તે ન અટકતા સુરક્ષાને ધ્યાનમાં રાખીને બળપ્રયોગ કરવો પડ્યો હતો. મૃતકના કબજામાંથી પ્રાથમિક તપાસમાં માત્ર એક તમાકુનું પેકેટ મળી આવ્યું છે.ગોળી વાગવાથી ઘૂસણખોરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. આ ઘટનાની જાણ થતાં જ ઘરિન્ડા પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી દીધી હતી.

### ફરજ પર હાજર ન થતા સાથીઓને શંકા થઈ હતી, મોડાસાના હર્ષ પંડ્યાનો સુરત સિવિલની હોસ્ટેલમાં આપઘાત

# રૂમનો દરવાજો તોડ્યો ને રેસિડેન્ટ ડોક્ટર પંખે લટકતા મળ્યા

સુરત | સુરતની નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાંથી એક દુ:ખદ ઘટના સામે આવી છે. આજે 9 ઑગસ્ટે સિવિલ કેમ્પસના બોય્ઝ પીજી હોસ્ટેલમાં રહેતા મૂળ મોડાસાના 30 વર્ષીય રેસિડેન્ટ તબીબ ડૉ. હર્ષ પંડ્યાએ પોતાના રૂમમાં પંખા સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાને પગલે સિવિલ હોસ્પિટલ અને પીજી હોસ્ટેલમાં અરેરાટી ફેલાઈ હતી. હર્ષ પંડયાએ ક્યાં કારણોસર આત્મહત્યા કરી તેની તપાસ કરવામાં આવી રહી છે. સિવિલના ડીને કહ્યું હતું કે, પ્રાથમિક કમિટી બનાવવામાં આવી છે, જે આ મામલે તપાસ કરશે. જ્યારે ડિપોર્ટમેન્ટલ તણાવ હોવાનું મૃતકના સાથીઓનું માનવું છે. ત્યારે આ સમગ્ર મુદ્દે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ તપાસના આદેશ આપ્યા છે.

મૃતક ડૉ.હર્ષ પંડ્યા મૂળ અરવલ્લીના મોડાસાના વતની અને અપરિણિત હતો. સિવિલ હોસ્પિટલના માઈક્રોબાયોલોજી વિભાગમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરવાની સાથે રેસિડેન્ટ ડૉક્ટર તરીકે ફરજ બજાવતા હતો અને સિવિલ કેમ્પસની હોસ્ટેલમાં બિલ્ડીંગ નંબર Bના રૂમ નંબર 1005માં રહેતા હતા. આજે હોસ્પિટલમાં પોતાની નિયમિત ફરજ પર હાજર ન રહેતા, સિનિયર તબીબે તેમને ફોન કર્યો હતો. જો કે, તેમનો ફોન બંધ આવતો હોવાથી હોસ્ટેલમાં રહેતા અન્ય સાથી રેસિડેન્ટ તબીબને રૂમ પર જઈ તપાસ કરવા જણાવ્યું હતું.

સાથી તબીબ જ્યારે પીજી હોસ્ટેલના રૂમ નંબર 1005 પર પહોંચ્યા ત્યારે રૂમનો દરવાજો અંદરથી બંધ હતો. તબીબોએ ડૉ. હર્ષને બૂમો પાડી દરવાજો ખોલવા ઘણો પ્રયાસ કર્યો, પરંતુ અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. આખરે તબીબોએ હોસ્ટેલના સિક્યુરિટી સ્ટાફને સાથે રાખી દરવાજો તોડી નાખ્યો હતો. દરવાજો તૂટતા જ અંદરનું દ્રશ્ય જોઈ સૌ દંગ રહી ગયા હતા. ડૉ. હર્ષ પંડ્યાનો મૃતદેહ સીલિંગ ફેન સાથે દોરીથી લટકેલી હાલતમાં મળી આવ્યો હતો.

સિવિલના ડીન ડો.જયેશ બ્રહ્મભટ્ટે કહ્યું કે, આ ઘટનામાં પ્રાથમિક કમિટીની તપાસમાં જે કંઈ સત્ય હશે તે બહાર આવશે, જે બાદ કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે જ સિવિલના સુપરિટેન્ડ ડોક્ટર પારુલ વડગામા પણ હોસ્ટેલ ખાતે દોડી આવ્યા હતા. ડો. પારુલ વડગામાએ કહ્યું હતું કે, હાલ આપઘાતનું કારણ જાણવા નથી મળ્યું. ગઈકાલે રાતે એ વિદ્યાર્થી એન્જોય કરતા હતા, વાતચીત કરતા હતા, એકબીજા સાથે મળ્યા, બધા ટીચર સાથે પણ વાત કરતા હતા. અમે એવું માનીએ છીએ કે કોઈ પણ વિદ્યાર્થીને કંઈ પણ તકલીફ પડે તો ગમે ત્યારે અમારી પાસે આવી શકે. 24 કલાક અમારા ફોન ચાલુ છે, એટલે દરેક વિદ્યાર્થીને કંઈ પણ હોય તો અમને કહે.

'તકલીફ કે માનસિક તણાવમાં ન હતો'

ડૉ. હર્ષને પરિવાર, પર્સનલ કે માનસિક તણાવ ન હતું. પરંતુ ડિપાર્ટમેન્ટલ એટલે કે કામકાજ કે વિભાગીય સંબંધિત તણાવ હોવાનું તેમના સાથીદારોનું માનવું છે. હર્ષ રૂમમાં એકલો જ રહેતો હતો અને સ્વભાવે ખૂબ શાંત અને ઓછું બોલનારો હતો. હાલ કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે રહસ્યમય બન્યું છે.

ઘટનાની જાણ થતાં જ ખટોદરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ ખસેડ્યો હતો. આ સાથે જ હોસ્ટેલમાં રહેતા અન્ય રેસિડેન્ટ તબીબો તેમજ સ્ટાફના નિવેદનો નોંધવાની કામગીરી હાથ ધરી હતી. એટલે તપાસ બાદ જ આપઘાતનું સાચું કારણ બહાર આવશે.

### સુરતમાં સતીશ મરાઠાની હત્યાનો LIVE વીડિયો વાયરલ

## ખાડો ખોદતા હોય તેમ તલવાર, ધારિયા-કુહાડી અને ચપ્પુથી 39 ઘા ઝીંક્યા

સુરત | સુરતમાં ભેસ્તાનના ભીમનગર સરસ્વતી આવાસ મંદિર પાસે 5 ઓગસ્ટને બુધવારે બપોરે માથાભારે સતીશ ઉર્ફે સતીશ મરાઠાની સરાજાહેર હત્યા કરાઈ હતી. ફાયરિંગ ઉપરાંત, ખાડો ખોદતા હોય તેમ 3 તલવાર, કુહાડીથી છાતી અને મોં પર 39 ઘા ઝીંકી થયેલી હત્યાનો લાઈવ વીડિયો સામે આવ્યો છે. આ ચકચારી પ્રકરણમાં સુરત ક્રાઈમ બ્રાન્ચ અને તાપી જિલ્લા LCB પોલીસે સંયુક્ત ઓપરેશનમાં મહારાષ્ટ્ર સરહદ તરફ ભાગી રહેલા 4 આરોપી અને કાયદાના સંઘર્ષમાં આવેલા 4 બાળ કિશોરને ઝડપી પાડ્યા હતા. અન્ય એક આરોપીની પણ ધરપકડ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ નવ આરોપીઓને ધરપકડ થઈ છે અને એક આરોપીની શોધખોળ ચાલી રહી છે.

બુધવારે સાંજે કુખ્યાત સતીશ મરાઠા એક યુવતી સાથે સ્વિફ્ટ કારમાં ભેસ્તાન સરસ્વતી આવાસ પાસેથી પસાર થઈ રહ્યો હતો. એ વખતે અગાઉથી વોચ કરી રહેલા કાયદાના સંઘર્ષમાં આવેલા સગીરોએ બાઈક પર આવી તેની કારનો ડ્રાઈવર સાઈડનો કાચ તોડી નાખ્યો હતો. સતીશ ગુસ્સામાં કારની બહાર નીકળતા જ આસપાસ છુપાયેલા આરોપીઓએ તેને ચારે તરફથી ઘેરી લીધો હતો. તલવાર, ધરિયા, કુહાડી અને ચપ્પુ વડે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. સતીશે ભાગવાનો પ્રયાસ કરતા તેને ફાયરિંગ કરી ત્યાંનો ત્યાં જ પતાવી દેવાયો હતો.

### E20 મુદ્દે AAP ના ટાઉનહોલ કાર્યક્રમને રોકવાનો પ્રયાસ...

# હોલની મંજૂરી રદ્દ કરવામાં આવતા AAP નેતાઓએ હોલની બહાર જ કાર્યક્રમ કર્યો

**AAP નેતા ઈસુદાન ગઢવી, ગોપાલ ઇટાલિયા અને મનોજ સોરઠિયાની આગેવાનીમાં હોલની બહાર જ E20 મુદ્દે જનજાગૃતિ કાર્યક્રમ શરૂ**

અમદાવાદ | ભેળસેળવાળા E20 પેટ્રોલ મુદ્દે આમ આદમી પાર્ટીએ આજે સુરત ખાતે ટાઉનહોલ કાર્યક્રમનું આયોજન કર્યું હતું પરંતુ આ કાર્યક્રમને ભાજપ દ્વારા રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને હોલની મંજૂરી આપવામાં આવી ન હતી. જેના કારણે AAP નેતાઓએ હોલની બહાર જ કાર્યક્રમ શરૂ કર્યો હતો. આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઇટાલીયા અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની આગેવાનીમાં આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ગરીબ અને મધ્યમ વર્ગનો પરિવાર પોતાની નાની નાની બચત કરીને કે લોન લઈને બાઈક કે કાર ખરીદવાનો વિચાર કરે છે. સુરત, અમદાવાદ, રાજકોટ, જામનગર, ભાવનગર, ગાંધીનગર અને વાપી જેવા શહેરોમાં વસતી સામૂહિક જનતા, વિદ્યાર્થીઓ અને નોકરિયાત લોકો પોતાના બજેટ પ્રમાણે વિચાર કરીને પેટ્રોલથી ચાલતા વાહનો ખરીદે છે. પરંતુ સરકારે હવે જનતા પર E20 (ઈ-૨૦) ફ્યુઅલ જબરદસ્તી થોપી દીધું છે. E20 ના કારણે આ વાહનોના એન્જિન ખરાબ થઈ રહ્યા છે અને જનતાનું ભારે આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ મુદ્દે જ્યારે જનજાગૃતિ માટે કાર્યક્રમો અને આંદોલન કરવાનું નક્કી કરવામાં આવ્યું, ત્યારે ભાજપ સરકારના ડરના કારણે સુરતમાં પણ ટાઉન હોલની પરમિશન રદ્દ કરી દેવામાં આવી. જોકે, ભાજપ સરકાર જાણી લે કે આ ગુજરાત મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા અડગ નેતાઓની ભૂમિ છે. પોલીસ કે તાનાશાહીથી અમે ડરવાના નથી. પરમિશન ન મળી છતાં તીવ્ર તડકામાં પણ અમે આંગણમાં રહીને ગુજરાતની જનતા સાથે લાઈવ માધ્યમથી જોડાયા છીએ અને અવાજ ઉઠાવતા રહીશું. ઈસુદાન ગઢવીએ જનતાને વિનંતી કરતા જણાવ્યું કે, E20 ના નામે લાખો લોકો સાથે આર્થિક છેતરપિંડી થઈ રહી છે. આજે પેટ્રોલ પર નિયંત્રણ મૂકાયું છે, કાલે મુક્તપણે શ્વાસ લેવા અને રસ્તા પર નીકળવા માટે પણ ચાર્જ વસૂલવામાં આવશે. જે લોકો પેટ્રોલ વાહનો ચલાવે છે તે તમામ જનતાને અપીલ છે કે તેઓ હવે મૌન ન રહે. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરો, લાઈવ થાઓ અને આ અન્યાય સામે અવાજ બુલંદ કરો. જો ગુજરાતની જનતા આજે આ આંદોલનમાં સાથે નહીં જોડાય, તો ભવિષ્યમાં ભારે લૂંટ સહન કરવી પડશે.

ત્યારબાદ આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, સરકાર E20 મુદ્દે જે દાદાગીરી કરી રહી છે એના વિરુદ્ધમાં નાગરિક તરીકે આપણે અવાજ ઉઠાવવા માટે એકઠા થયા છીએ. તમારી ગાડીમાં કયું પેટ્રોલ નખાવું એ સરકાર નક્કી કરે છે અને અહીંયા મિટિંગ કરવી કે ન કરવી એ પણ સરકાર નક્કી કરે છે. આ મુદ્દે અમે વિરોધ પક્ષ તરીકે બોલવા આવ્યા તો હોલમાં તાળું મારી દીધું. આપણા સામાન્ય પરિવારમાં ગાડીને ઘરના સભ્યની જેમ સાચવતા હોઈએ છીએ અને એવી ગાડીમાં ભેળસેળવાળું પેટ્રોલ નાખવામાં આવે છે અને સરકાર દાદાગીરી કરે છે કે "આ પેટ્રોલ જ નાખવું પડશે." જે ગાડી E20 પેટ્રોલથી ચાલવા માટે બનાવી નથી એની અંદર E20 કઈ રીતે નાખી શકાય? તો સવાલ એ છે કે સરકાર શા માટે દાદાગીરી કરે છે? અમેરિકાએ બે બાબતમાં દેશના વડાપ્રધાનને દબાવી દીધા છે, એક તો એપ્સ્ટીન ફાઈલમાં એટલે કે શુદ્ધ ગુજરાતીમાં વડાપ્રધાનનું હની ટ્રેપ થઈ ગયું છે. બીજો અમેરિકામાં અદાણી વિરુદ્ધ કેસ ચાલતો હતો. આ બે મુદ્દે ટ્રમ્પે કહી દીધું છે કે "અમે જેમ કહીએ એમ જ કરવાનું." દેશના ત્રણ રાજ્યમાં શેરડી ઉગે છે પણ પેટ્રોલ તો આખા દેશમાં વપરાય છે. ત્રણ રાજ્યની શેરડીથી આખા દેશમાં ઈથેનોલ કઈ રીતે પહોંચી શકે? હકીકતમાં આ લોકો ટ્રમ્પના દબાણમાં આવીને ઈથેનોલની આયાત કરે છે. હજારો કરોડો લિટર ઈથેનોલ અમેરિકાથી આવે છે અને ભારતમાં ભેળસેળ કરીને લોકોને આપવામાં આવે છે. આના કારણે વાહનોની એવરેજ ઘટી ગઈ, લોકોની ગાડીઓ બરબાદ થઈ ગઈ. જો આપણે જાગૃત નહીં થઈએ તો એક પછી એક આવા નિર્ણયો આપણા પર થોપવામાં આવશે. અરવિંદ કેજરીવાલજીએ રાષ્ટ્રીય કક્ષાએ E20 વિરુદ્ધ લોકોને જાગૃત કરવાનું બીડું ઝડપ્યું છે. એમણે માંગણી રજૂ કરી છે કે E20 અને પ્યોર પેટ્રોલ એમ બે પાઈપ પેટ્રોલપંપ પર મૂકવામાં આવે. બીજી માંગણી છે કે ભેળસેળ વાળું E20 પેટ્રોલ સસ્તું મળવું જોઈએ અને શુદ્ધ પેટ્રોલ પણ 80 થી 84માં મળવું જોઈએ. આ મુદ્દે આપણે સુરતમાં એકઠા થયા છીએ. તો હું ગુજરાતના તમામ લોકોને વિનંતી કરું છું.

## 75 વર્ષમાં આદિવાસી સમાજ સાથે થયો સૌથી મોટો અન્યાય : અરવિંદ કેજરીવાલ

**AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે વિશ્વ આદિવાસી દિવસની દેશભરના સમગ્ર આદિવાસી સમાજને શુભેચ્છા પાઠવી**

**જળ, જંગલ અને જમીન પર આદિવાસીઓનો હક્ક, પણ કૌભાંડી નેતાઓએ કંપનીઓને આ હક્ક આપી દીધા: અરવિંદ કેજરીવાલ**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે વિશ્વ આદિવાસી દિવસની શુભકામના પાઠવતા જણાવ્યુ હતુ કે વિશ્વ આદિવાસી દિવસના અવસર પર દેશભરના સમગ્ર આદિવાસી સમાજના લોકોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. છેલ્લાં પંચોતેર વર્ષમાં આદિવાસી સમાજ સાથે સૌથી વધુ અન્યાય થયો છે. દેશમાં પંચોતેર વર્ષમાં પ્રગતિ થઈ, બાકીના તમામ સમાજના લોકોએ પ્રગતિ કરી. પરંતુ આદિવાસી સમાજ પાછળ રહી ગયો. કેમ? કારણ કે આદિવાસી સમાજને જાણી જોઈને પાછળ રાખવામાં આવ્યો. તેમના જેટલા સંસાધનો હતા, તેના પર ડાકુઓ જેવી લૂંટ ચલાવવામાં આવી. જળ, જંગલ અને જમીન એ આદિવાસી સમાજનો જન્મસિદ્ધ અધિકાર છે. પરંતુ આ અધિકારો સમાજ પાસેથી છીનવીને મોટી-મોટી કંપનીઓને આપી દેવામાં આવ્યા. કારણ કે આ પક્ષોના નેતાઓ ચોર હતા, તેમના નેતાઓ ભ્રષ્ટાચારી હતા.

અરવિંદ કેજરીવાલે વધુમાં જણાવ્યુ હતુ કે આમ આદમી પાર્ટી તમારા અધિકારો માટે લડી રહી છે. અને આના માટે કેટલીય વાર અમારા નેતાઓ જેલમાં ગયા. ચૈતર વસાવા તમારો દીકરો છે. ચૈતર વસાવા તમારો ભાઈ છે. ન જાણે કેટલીય વાર તે તમારા હક્કો અપાવવા માટે જેલમાં ગયા. પેસા (PESA) કાનૂન લઈને આવ્યા આ લોકો, પરંતુ પેસા કાનૂન લાગુ ન કર્યો. સમાજને પૂછ્યા વગર, ગ્રામ સભાને પૂછ્યા વગર આ બધા નિર્ણયો લીધા. આજે ચૈતર વસાવા જેલમાં છે કારણ કે તે તમારા માટે લડી રહ્યા છે. તે જલ્દી બહાર આવે, તેના માટે પ્રાર્થના.

## News Brief

## યુવાનની રેઈનકોટ અને હેલ્મેટ સાથે બોડી મળી

**સુરતમાં 7 જુલાઈએ ભારે વરસાદમાં ખાડીમાં તણાયા બાદ એક મહિને મૃતદેહ મળ્યો, 4 પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવી...**

સુરત | સુરત શહેરમાં ગત 7 જુલાઈના રોજ પડેલા ભારે વરસાદ દરમિયાન બનેલી એક દુ:ખદ ઘટનામાં લાપતા થયેલા 44 વર્ષીય ઝિયાદ અહેમદનો મૃતદેહ આખરે એક મહિના જેટલા લાંબા સમય બાદ મળી આવ્યો છે. ખાડી વિસ્તારમાંથી તેમનો મૃતદેહ મળી આવતા જ પરિવારજનો પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો હતો. બનાવ અંગેની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, માથા પર હેલ્મેટ અને રેનકોટ પહેરેલી હાલતમાં જ તેમની બોડી મળી આવી છે.

મૂળ ઉત્તર પ્રદેશના વતની અને સુરતના ઉન પાટિયા વિસ્તારમાં રહેતા 44 વર્ષીય ઝિયાદ અહેમદ ઉર્ફે પપ્પુ ભાઈ ઈન્ટિરિયર ડિઝાઈનમાં સુપરવાઈઝર તરીકે કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. 7 જુલાઈના રોજ ભારે વરસાદ અને પાણી ભરાવાની સ્થિતિ વચ્ચે તેઓ કામ પરથી ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન પાંડેસરા વિસ્તારમાં પાણીનું સ્તર ખૂબ વધી જતાં તેમણે પોતાની એક્ટિવા એક પેટ્રોલ પંપ પાસે મૂકી દીધી હતી અને ત્યાંથી તેઓ પગપાળા જ ઘર તરફ નીકળ્યા હતા.

ઘરની નજીક પહોંચતાં જ ત્યાં આવેલી ખાડીમાં પાણીનો પ્રવાહ અત્યંત તેજ હતો. પગપાળા જતી વખતે પાણીના ભારે વહેણમાં બેલેન્સ ગુમાવી દેતાં તેઓ ખાડીના તેજ પ્રવાહમાં તણાઈ ગયા હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો, મિત્રો અને સ્થાનિક તંત્ર દ્વારા તેમની સતત શોધખોળ હાથ ધરવામાં આવી હતી, પરંતુ તે સમયે તેમનો કોઈ પત્તો લાગ્યો નહોતો.

ઘટના બાદ તપાસ દરમિયાન સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા, જેમાં તેઓ હેલ્મેટ અને રેનકોટ પહેરીને ચાલતા જતા નજરે પડ્યા હતા. એક મહિના સુધી પરિવાર અને મિત્રો સતત તેમની શોધખોળ કરી રહ્યા હતા. આ દરમિયાન ૮ ઓગસ્ટના રોજ ખાડી નજીક લાકડા કાપવા ગયેલા એક સ્થાનિક યુવકને ઝાડીઓમાં મૃતદેહ જેવું જણાતાં તેણે સોસાયટીના લોકોને જાણ કરી હતી. સોસાયટી દ્વારા પરિવારજનો અને પોલીસને જાણ કરાતાં ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી.

**ખિસ્સામાંથી મળેલા પર્સ અને ડોક્યુમેન્ટ્સથી ઓળખ થઈ**

પાણીમાં લાંબો સમય રહેવાને કારણે મૃતદેહ સંપૂર્ણપણે ડીકમ્પોઝ થઈ ચૂક્યો હતો અને ચહેરો ઓળખવો અશક્ય હતો. જોકે, મૃતદેહ પરથી મળી આવેલા હેલ્મેટ, રેનકોટ તેમજ ખિસ્સામાંથી નીકળેલા પર્સ, ફોટો અને સરકારી દસ્તાવેજોના આધારે મૃતદેહ ઝિયાદ અહેમદનો જ હોવાની પુષ્ટિ થઈ હતી. પંચનામા બાદ પોલીસે મૃતદેહને કબ્જે લઈ રાત્રિના સમયે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડ્યો હતો.
મૃતક ઝિયાદ અહેમદ ઘરમાં એકમાત્ર કમાનાર સભ્ય હતા. તેમના પરિવારમાં પત્ની અને ચાર નાના પુત્રો છે. એક મહિનાની લાંબી અને કરુણ પ્રતીક્ષા બાદ પિતાનો મૃતદેહ મળવાના સમાચાર મળતાં જ પરિવારજનો સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ ખાતે દોડી આવ્યા હતા.

## TRB જવાનને લાફો મારી પોલીસને ગાળો આપનાર બંને ભાઈઓની ધરપકડ કરાઇ

રાજકોટ | રાજકોટ જામનગર રોડ પર ગઈકાલે(૮ ઓગસ્ટ) શનિવારના રોજ ઘંટેશ્વર નજીક વાહન ચેકીંગ દરમિયાન ડબલ સવારી વાહન ચાલકને પોલીસે અટકાવતા ડોક્યુમેન્ટ બતાવવા ઈન્કાર કરી પોલીસ સાથે ગાળા ગાળી કરી તમારે અમને જવા જ દેવા પડશે મે કેટલીય પોલીસના માથા વાઢેલા છે, તમારા પણ માથા વાઢી નાખીશ અને તમારા પટ્ટા ટોપી ઉતરાવી નાખીશ એવી ધમકી આપી TRB જવાનને લાફો મારી પોલીસ કર્મી ઉપર પથ્થર મારવા પ્રયાસ કર્યો હતો. સમગ્ર મામલે PSI દ્વારા ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિક બંને સગાભાઈ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટના ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા PSI દિનેશભાઈ પાલાભાઈ ગોહેલ ગઈકાલે સવારે 10થી 12 વાગ્યા સુધી ટ્રાફીક ડ્રાઈવ અનુસંધાને ઘંટેશ્વર ટી-પોઈન્ટ ઉપર હતા, દરમ્યાન 11 વાગ્યા આસપાસ ઘંટેશ્વર ગામ બાજુથી આવતા એક ડબલ સવારી વાહન ચાલકને રોકી ચેક કરતા જીજે.03.એચજે.0126ના ચાલકને પોતાના વાહનના કાગળો બતાવવાનુ કહી નામ પુછતા તેણે પોતાનુ નામ જયેશ ભીખાભાઈ મુછડીયા અને પાછળ બેઠેલ વ્યકતિનુ નામ પ્રવિણ ભીખાભાઈ મુછડીયા જણાવ્યુ હતું. પોલીસે ડોક્યુમેન્ટ માંગતા વાહન ચાલક એકદમ ઉગ્ર થઈ જોરજોરથી રાડો પાડવા લાગ્યો હતો અને કોઈ કાગળો બતાવવાના થતા નથી તમારાથી થાય એ કરી લ્યો કહ્યું હતું. પ્રવિણ મુછડીયાએ કહ્યું કે, પોલીસથી કાઇ નહીં થાય હું પોલીસ ચોપડે ચડી ગયેલ માણસ છું. તમારે અમને જવા જ દેવા પડશે મે કેટલીય પોલીસના માથા વાઢેલા છે.

## ઈસુદાન ગઢવીની રજૂઆત બાદ સરકારે દેવભૂમિ દ્વારકા અને ખંભાળિયાના ડેમોમાં પાણી છોડવાનો નિર્ણય લીધો

અમદાવાદ | ખંભાળિયા સહિત સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખેડૂતો માટે આજે ખૂબ જ સારા સમાચાર આવ્યા છે. બે દિવસ પહેલા આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ અને ખેડૂતોના મસીહા એવા ઈસુદાનભાઈ ગઢવી તથા જિલ્લા પ્રમુખ રામજીભાઈ પરમારે પ્રેસ કોન્ફરન્સ કરીને સરકાર સમક્ષ સ્પષ્ટ માંગણી મૂકી હતી. ખંભાળિયા વિધાનસભા સંગઠન મંત્રી આલાભાઈ જામ એ જણાવ્યું કે, ઈસુદાનભાઈ ગઢવીએ પ્રેસ કોન્ફરન્સમાં માંગ કરી હતી કે આગામી ૨૪ થી ૪૮ કલાકમાં ખંભાળિયા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌની યોજના અંતર્ગત આવતા ઘી ડેમ, સિંહણ ડેમ, સાની ડેમ સહિતના તમામ ડેમો અને તળાવોમાં નર્મદાનું પાણી છોડવામાં આવે. આ વિસ્તારમાં ખેડૂતોને પડતી ભરાવણની તકલીફ, પીવાના પાણીની તકલીફ તેમજ સિંચાઈના પાણીની સમસ્યા તાત્કાલિક દૂર થાય તે માટે આ મજબૂત રજૂઆત કરવામાં આવી હતી.

આ રજૂઆતનું આજે હકારાત્મક પરિણામ મળ્યું છે અને ખંભાળિયાના ડેમ સહિત સૌની યોજના અંતર્ગત નર્મદાના નીર છોડવામાં આવશે, જેથી જનતામાં ખૂબ આનંદ વ્યાપી ગયો છે. આ આમ આદમી પાર્ટીની તાકાત છે કે ખેડૂતોનો પ્રશ્ન ઉઠાવવો અને જ્યાં સુધી જવાબ ન મળે ત્યાં સુધી અવાજ બુલંદ રાખવો. ઈસુદાનભાઈ ગઢવી વિરોધપક્ષ તરીકે મજબૂતીથી રજૂઆત કરી રહ્યા છે અને ખેડૂતો તથા જનતાનો અવાજ બની રહ્યા છે. સરકારે આ અવાજને પોઝિટિવ લઈને નર્મદાનું પાણી છોડવાનો જે સારો નિર્ણય લીધો છે.

તે બદલ નર્મદાના પાણીને વધાવીને સરકારનો પણ આભાર માનવામાં આવ્યો છે. સાથે જ ઈસુદાનભાઈ ગઢવી અને સમગ્ર AAP ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## જનતા તો હવે જાગૃત થઈ ચૂકી છે અને 2027માં સાવરણો ફેરવવાની તૈયારી છે: ગોપાલ ઇટાલીયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ સી.આર.પાટીલને વળતો જવાબ આપતા જણાવ્યું હતું કે, સી.આર.પાટીલનું કહેવું છે કે આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં બનાવી એના કરતાં વધુ સારી શાળાઓ સુરતમાં છે. સી.આર. પાટીલ 20 વર્ષથી સાંસદ છે અને હવે તો મંત્રી પણ છે. તો દેશમાં ક્યાંય ન હોય એવી 50 શાનદાર સુરતની શાળાઓનું લિસ્ટ સી.આર.પાટીલ બહાર પાડે. ગુજરાતમાં 30 વર્ષથી ભાજપની સરકાર છે, 30 વર્ષથી કોર્પોરેશનમાં પણ ભાજપ છે અને 20 વર્ષથી સી.આર.પાટીલ પોતે સાંસદ છે તો આખા દેશમાં નંબર 1 ગણી શકાય એવી 50 સરકારી શાળાઓ સુરતમાં ક્યાં આવી છે, એનું લિસ્ટ સી.આર.પાટીલે બહાર પાડવું જોઈએ. અને જો તમે આવું લિસ્ટ બહાર ન પાડી શકો તો ગુજરાતને લૂંટીને જે બંગલો બનાવ્યો છે, એ બંગલામાં હવે શાંતિથી પોતાનું પાછલું જીવન વિતાવો અને કેજરીવાલને કોઈ સલાહ આપવાની જરૂર નથી.

વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ જણાવ્યું હતું કે, કેજરીવાલજીએ દિલ્હીમાં અને પંજાબમાં શિક્ષણમાં ક્રાંતિ કરી છે, ગરીબમાં ગરીબ વ્યક્તિના બાળકને સારામાં સારું શિક્ષણ મળે એવી વ્યવસ્થા ઊભી કરી છે, જ્યારે ગુજરાતમાં પ્રાઈવેટ શાળા, પ્રાઈવેટ કોલેજ, પ્રાઈવેટ યુનિવર્સિટી અને પ્રાઈવેટ કોચિંગના એટલા રાફડા ફાટ્યા છે કે લોકોએ ભણવા માટે લોનો લેવી પડે છે.

લોન એટલે કે ભણવા માટે વ્યાજે પૈસા લેવા પડે છે. તો સી.આર.પાટીલ કયા મોઢે એવી વાતો કરે છે કે સુરતની સરકારી શાળાઓ દેશમાં નંબર વન છે? જો આવી 50 શાળાઓ હોય તો એનું લિસ્ટ ફેસબૂક પર પોસ્ટ કરો, મારે પણ જોવું છે કે આવી સરકારી શાળાઓ ક્યાં આવી? ગુજરાતને ખૂબ લૂંટ્યું છે તો હવે આ લૂંટ બંધ થાય એવું કંઈ કરો તો સારી બાબત છે, બાકી જનતા તો હવે જાગૃત થઈ ચૂકી છે અને 2027માં સાવરણો ફેરવવાની તૈયારી છે.

## રાજ્યમાં ચાર સિસ્ટમ સક્રિય, 11 ઓગસ્ટે ભારે વરસાદનું યલો એલર્ટ

અમદાવાદ | રાજ્યમાં વરસાદનું જોર ઘટતા ગરમી અને બફારો વધ્યો છે, ત્યારે રાજ્યભરમાં આગામી દિવસોમાં ગાજવીજ અને પવન સાથે સાર્વત્રિક વરસાદીની આગાહી કરાઈ છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યમાં લો પ્રેશર, સાયક્લોનિક સર્ક્યુલેશન, મોન્સૂન ટ્રફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય હોવાથી વરસાદનું જોર વધશે. ખાસ કરીને 11 ઓગસ્ટે પાંચ જિલ્લામાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. સાથે જ માછીમારોને આગામી દિવસોમાં દરિયો ન ખેડવાની સૂચના અપાઈ છે.


આજે અને આવતીકાલ માટે રાજ્યમાં કોઈ ભારે વરસાદની શક્યતા નથી, પરંતુ ક્યાંક છૂટાછવાયા સ્થળોએ ઝરમર વરસાદ વરસી શકે છે. આગામી ચાર દિવસ રાજ્યમાં ગાજવીજ થવાની પણ શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના કહ્યાં મુજબ, રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ 491.2 મિમી વરસાદ નોંધાયો છે. જોકે રાજ્યમાં 450.5 મિમી વરસાદ સામાન્ય હોવો જોઈએ. એટલે કે રાજ્યમાં સામાન્ય કરતા 9 ટકા વધુ વરસાદ નોંધાયો છે.

## અમદાવાદ ખાતે સી.આઇ.ડી. ક્રાઇમ & રેલ્વેઝના ડીજીપી ડો. કે. એલ. એન. રાવના અધ્યક્ષસ્થાને ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ

અમદાવાદ | પશ્ચિમ રેલ્વે વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સુદ્રઢ બનાવવા તેમજ ગુના નિયંત્રણ અર્થે સી.આઈ.ડી. ક્રાઈમ & રેલ્વેઝના ડીજીપી ડો. કે. એલ. એન. રાવના અધ્યક્ષસ્થાને અમદાવાદ ખાતે પશ્ચિમ રેલ્વે માટે ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

ક્રાઈમ કોન્ફરન્સમાં ટ્રેન અને રેલ્વે સ્ટેશનો પર થતી ચોરી, લૂંટફાટ અને પોકેટમારી જેવી ઘટનાઓ અટકાવવા માટે કડક કાર્યવાહી કરવા તથા રેલવે સ્ટેશનો, ટ્રેનમાં પોલીસ બંદોબસ્ત તથા નિયમિત પેટ્રોલિંગમાં વધારો કરવા સૂચના આપવામાં આવી. મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોની સુખદ અને સુરક્ષિત મુસાફરી માટે સુરક્ષાત્મક પગલાં લેવા જણાવાયું છે.

ડૉ. રાવે ગુનાઓની ઝડપી ફરિયાદ અને ઉકેલ માટે e-FIR પ્રક્રિયાની વિગતવાર સમીક્ષા કરી હતી. સમગ્ર રેલવે સ્ટેશન પરિસરમાં CCTV સર્વેલન્સ અને ટેકનોલોજી આધારિત મોનીટરીંગ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત તપાસ ક્ષમતા વધારવા



માટે 'સુદર્શન', 'ગાંડીવ' અને NATGRID- નેશનલ ઈન્ટેલિજન્સ ગ્રીડ જેવા આધુનિક સોફ્ટવેર/ટૂલ્સની ઉપયોગીતા અંગે કોન્ફરન્સમાં વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું.

નશીલા પદાર્થો સામેની ઝુંબેશ અંગે વધુ કડકાઈથી પગલાં લેવા ક્રાઈમ કોન્ફરન્સમાં સૂચના અપાઈ છે. જેમાં રેલવે માર્ગો દ્વારા થતી નશીલા પદાર્થોની હેરફેર રોકવા માટે શંકાસ્પદ મુસાફરો અને સામાનનું સઘન ચેકિંગ, ડ્રગ્સની સપ્લાય ચેઈન મૂળમાંથી તોડવા માટે નેટવર્કના મૂળ સુધી તપાસ લંબાવવા અને આંતરરાજ્ય ગેંગ્સ સામે સંકલિત સ્પેશિયલ ઓપરેશન્સ ચલાવવા નિર્દેશ અપાયા છે.

ક્રાઈમ કોન્ફરન્સમાં રેલવે પ્રશાસન અને અધિકારીઓ સાથે યોગ્ય સંકલન જાળવીને શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર સતત વોચ રાખવા પણ સૂચના આપવામાં આવી છે.

ગાંડીવા અને સુદર્શન એ ભારતના નેશનલ ઈન્ટેલિજન્સ ગ્રીડ (NATGRID) માં તૈનાત અદ્યતન AI અને ડેટા એનાલિટિક્સ ટૂલ્સ છે જે રાષ્ટ્રીય સુરક્ષાને વધારવા અને ગુનાઓ અને આતંકવાદની તપાસમાં કાયદા અમલીકરણ એજન્સીઓને મદદ કરવા માટે ઉપયોગમાં લેવાય છે.

આ AI-સંચાલિત વિશ્લેષણાત્મક એન્જિન એન્ટિટી રિઝોલ્યુશન, ફેશિયલ રેકગ્નિશન અને મલ્ટી-સોર્સ ડેટા ક્રોસ-મેચિંગ કરે છે. 20 થી વધુ મહત્વપૂર્ણ જાહેર ડેટાબેઝ જેમ કે ઈમિગ્રેશન અને રાષ્ટ્રીય વસ્તી રજિસ્ટરમાંથી ડેટા મેળવીને, ગાંડીવા ફક્ત ફોટો અથવા નામનો ઉપયોગ કરીને ખંડિત રેકોર્ડને લિંક કરી શકે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ખેતરોમાં વરસાદી પાણી, ડાંગરનો પાક કોહવાયો

## માતર, તારાપુર અને સોજિત્રામાં 12હજાર વીઘામાં ડાંગરનો પાક નિષ્ફળ

આણંદ | આણંદ અને ખેડા જિલ્લાના માતર, તારાપુર તથા સોજિત્રા તાલુકામાં ભારે વરસાદ બાદ હજુ પણ 50 ટકાથી વધુ ખેતરોમાં વરસાદી પાણી ભરાયેલા છે. પાણી થોડા ઓસરતા ડાંગરનો કોહવાયેલો પાક નજરે પડી રહ્યો છે. ખેતરોમાંથી પાણી સંપૂર્ણ ઉતરતા ત્રણ દિવસ અને જમીન કોરી થવામાં ચારથી પાંચ દિવસ લાગશે. ત્યારબાદ ખેડ અને વાવણી યોગ્ય સ્થિતિ બનતા કુલ 15 દિવસ નીકળી જાય તેમ છે. હવે ડાંગરના ધરૂ ઉપલબ્ધ નથી અને ટૂંકા ગાળાના પાક માટે પણ પૂરતો સમય બચ્યો નથી. આથી આ ત્રણેય તાલુકાની 12 હજાર વીઘામાં ચોમાસુ



સિઝન સંપૂર્ણ ફેઈલ ગઈ છે, જેથી 2 કરોડ ઉપરાંતનું નુકસાન થતાં 7 હજારથી વધુ ખેડૂતોને ભારે આર્થિક ભીષમાં મુકાઇ ગયા છે.સતત પાણી ભરાઈ રહેવાથી ખેડૂતોનો વાવેલો ડાંગરનો મોંઘો પાક મૂળમાંથી કોહવાઈને નાશ પામ્યો છે. ખાતર, બિયારણ અને મજૂરી પાછળ કરેલો તમામ ખર્ચ પાણીમાં ગયો છે. હવે નવી રોપણીનો સમય વિતી ચૂક્યો છે અને ધરૂ પણ મળતા નથી.આ કુદરતી આફતે 17 હજારથી વધુ ખેડૂતોની આજીવિકા છીનવી લીધી છે, જેથી ખેડૂતો ભારે આર્થિક સંકટ અને દેવાના બોજ તળે દબાઈ ગયા છે.

**ચોમાસું સિઝન ધોવાઇ જતાં આખુ વર્ષ બગડયું :** માતર પંથકના સવજીભાઇ પરમારે જણાવ્યું હતું કે, પાંચ વીઘામાં ડાંગરની રોપણી પાછળ 40 હજારથી વધુ ખર્ચ કર્યો હતો.પરંતુ ખેતરોમાં 15 દિવસ સુધી વરસાદી પાણી ભરાઇ રહેતા પાક નિષ્ફળ ગયો છે.હવે તો ધરૂ મળતાં નથી. ડાંગર રોપણી કરી તો શિયાળુ પાકને અસર થાય તેમ છે. સિઝન ફેઈલ જતાં ઘર ખર્ચ સહિત તહેવારો પર કરવામાં આવતો ખર્ચ ઘટાડવાની નોબત આવી છે. ડિસેમ્બર લગ્નનું આયોજન હતું તે પડતું મુકવાનો વખત આવ્યો છે.

**ચોમાસું ડાંગરનો સમય પૂરોથયો,હવે નવી રોપણી નિરર્થક :** ખેડૂતોએ જમીનમાં રહેલી ભેજનો ઉપયોગ કરીને આગામી રવિસિઝનનું વહેલું આયોજન કરવું જોઈએ. પાણી ઓસર્યા બાદ જમીનમાં ફૂગનાશક અને સેન્દ્રીય ખાતર ઉમેરી જમીન સુધારવી જોઈએ. ટૂંકા ગાળાના રવિ પાકો અથવા આગોતરા રાઈ, ચણા અને શિયાળુ મકાઈનું વાવેતર કરીને ચોમાસાના નુકસાનની ભરપાઈ કરી શકાય છે.વર્તમાન સ્થિતિમાં ખેડૂતોએ હિંમત હાર્યા વગર ખેતરોમાંથી નિકાલ દ્વારા પાણી જલ્દી નિતારવાના પ્રયાસ કરવા જોઈએ. જમીન ખેડ યોગ્ય થાય એટલે ડાંગરના બદલે મગ, અડદ કે શાકભાજી જેવા ટૂંકા ગાળાના રોકડિયા પાકો તરફ વળવું જોઈએ.ઉપરાંત, પશુપાલન માટે લીલો ચારો વાવીને તાત્કાલિક આવક ઊભી કરી શકાય. આ નુકસાની બદલ સરકારી વળતર અને વીમા સહાય માટે અરજી કરવી જરૂરી છે. ગણપતસિંહ મહીડા, નિવૃત ખેતીવાડી અધિકારી.

# બિલોની તપાસ માટે 6 સભ્યોની સ્પેશિયલ કમિટી બનાવાઇ

## આણંદમાં વૃક્ષો ટ્રિમિંગમાં કૌભાંડ, સ્થાયી ચેરમેને રૂ.50 લાખના બિલ અટકાવ્યા

આણંદ | ચોમાસા પહેલાં શહેરમાં જોખમી વૃક્ષોનું ટ્રીમિંગ કરવા માટે મનપાએ એક એજન્સીને રૂ.50 લાખનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. જોકે, એજન્સીએ માત્ર મુખ્ય માર્ગો પર દેખાવ પૂરતું કામગીરી કરી હોવાથી ગેરરિતી આશંકાના પગલે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને કોન્ટ્રાકટરના બિલો અટકાવ્યા છે.આ બિલોની તપાસ માટે ડેપ્યુટી કમિશનર સંઘાણી, સિટી ઈજનેર અને બગીચા વિભાગના અધિકારીઓ સહિત 6 સભ્યોની સ્પેશિયલ કમિટી બનાવવામાં આવી છે. આ કમિટીનો રિપોર્ટ આવ્યા બાદ જ કન્ટ્રાક્ટરને ચૂકવણું કરાશે અને ત્યારબાદ રૂ.20 લાખનું નવું રી-ટેન્ડર બહાર પાડવામાં આવશે.આણંદ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન મયુર સુથારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં શહેરના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે રાજ્ય સરકારે ફાળવેલી ગ્રાન્ટ અંતર્ગત વિવિધ વિકાસકામોને મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં કુલ 22 એજન્ડાના કામો સર્વાનુમતે મંજૂર કરાયા હતા.આણંદ-ગાના-કરમસદ ફાટક પર નવા ઓવરબ્રિજના નિર્માણ માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવાની પ્રક્રિયાને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.કૈલાસભૂમિ ખાતે લાકડાનો વપરાશ ઘટે અને ધુમાડારહિત અંતિમસંસ્કાર થઈ શકે તે માટે રૂ. 8 લાખના ખર્ચે આધુનિક સગડી વસાવવાની મંજૂરી અપાઈ હતી.સ્વિમિંગ પૂલની કામગીરી પૂર્ણ થયા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા ફાયર એનઓસી અને સેફ્ટીના સાધનોની ચકાસણી પૂર્ણ ન થાય ત્યાં સુધી બાકી બિલનું ચૂકવણું અટકાવવાનો નિર્ણય કરાયો હતો. નેહરૂબાગ અને અખંડ આનંદ બાગ ખાતે અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા સીસીટીવી કેમેરા લગાવાશે.આ ઉપરાંત, સિટી બ્યુટિફિકેશન એન્જિનિયરનું ટેન્ડર પૂર્ણ થતાં રી-ટેન્ડરિંગ કરવાનો અને નિવૃત્ત થયેલા અધિકારીની જગ્યા ભરાય નહીં ત્યાં સુધી તેમને ઉચ્ચ વેતન આપી સેવામાં ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો હતો.ચોમાસા પહેલાં શહેરમાં જોખમી વૃક્ષોનું ટ્રીમિંગ કરવા માટે મનપાએ એક એજન્સીને રૂ.50 લાખનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. જોકે, એજન્સીએ માત્ર મુખ્ય માર્ગો પર દેખાવ પૂરતું કામ કરીને આશરે 150 જેટલાં જ વૃક્ષોનું ટ્રીમિંગ કર્યાનું સામે આવ્યું છે.આ બાબતને ગંભીરતાથી લઈને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન મયુર સુથારે એજન્સીના બિલ અટકાવી તપાસના આદેશ આપ્યા છે.

અટકાવવામાં આવેલા બિલોની સચોટ તપાસ કરવા માટે ડેપ્યુટી કમિશનર સંઘાણી, સિટી ઈજનેર તેમજ બગીચા વિભાગના અધિકારીઓ સહિત છ સભ્યોની એક સ્પેશિયલ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીનો તપાસ રિપોર્ટ સત્તાવાર રીતે બહાર આવ્યા બાદ જ કોન્ટ્રાક્ટરને આગળનું ચૂકવણું કરવામાં આવશે અને ત્યારબાદ બાકી રહેલા કામ માટે રૂપિયા વીસ લાખનું નવું રી-ટેન્ડર બહાર પાડવામાં આવશે.

## નવસારીમાં ટ્રેક પરથી મળેલી સગીરા બચાવાઈ:પોલીસ વતન મૂકવા જશે; માતાના ઠપકાથી નારાજ સગીરા બિહારથી ભાગી હતી

નવસારી | નવસારી રેલવે સ્ટેશન નજીક મુંબઈ-અમદાવાદ મેઈન લાઈન પર ઝાડીઓમાંથી અકસ્માતે પટકાયેલી બિહારની 15 વર્ષીય સગીરાને રેલવે પોલીસે બચાવી લીધી છે. સિવિલ હોસ્પિટલમાં જરૂરી સારવાર બાદ તેને હાલ સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય આપવામાં આવ્યો છે, જ્યાંથી સ્વસ્થ થયા બાદ રેલવે પોલીસની ટીમ તેને બિહારના વતન પહોંચાડશે.પોલીસ તપાસમાં સામે આવ્યું કે બિહારના બતિયા જિલ્લામાં ધોરણ 8માં ભણતી સગીરાનો 5 ઓગસ્ટે મોબાઈલ વાપરવા બાબતે માતા સાથે ઝઘડો થયો હતો. તેનાથી નારાજ થઈને તે 6 ઓગસ્ટે



ઘર છોડી સુરત આવવા ટ્રેનમાં બેસી ગઈ હતી અને 7 ઓગસ્ટની રાત્રે સુરત પહોંચી હતી.સુરત પહોંચી મામાના દીકરા સાથે વાત કર્યા બાદ તે હિમાચલ જવાના બદલે ભૂલથી મુંબઈ તરફ જતી ટ્રેનમાં ચડી ગઈ હતી. ત્યારબાદ ભાઈના કહેવાથી વલસાડ કે વાપી ઉતરીને પરત સુરત આવતી લોકલ ટ્રેનમાં બેઠી હતી. આ મુસાફરી દરમિયાન નવસારી સ્ટેશન નજીક તે ચાલુ ટ્રેને અકસ્માતે નીચે પટકાઈ હતી.ઘટનાની જાણ થતાં જ GRP પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને 108 એમ્બ્યુલન્સ મારફતે બેભાન સગીરાને સિવિલ હોસ્પિટલ ખસેડી હતી. સગીરાના મોબાઈલ પરથી પરિજનોનો સંપર્ક કરી તેમને બિહારથી નવસારી બોલાવાયા છે. રેલવે પોલીસે સગીરા કઈ રીતે નીચે પટકાઈ તે અંગે આગળની તપાસ હાથ ધરી છે.

# આલિયાવાડા-જામનગર ડબલ રેલલાઈન પર પેસેન્જર ટ્રેનોને મંજૂરી

## 123 કિમી પ્રતિ કલાકની ઝડપે સફળ સ્પીડ ટ્રાયલ બાદ રેલવે સુરક્ષા કમિશનરે મંજૂરી આપી, ટૂંક સમયમાં દોડશે ટ્રેનો

જામનગર | પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન હેઠળના આલિયાવાડા-જામનગર બ્રોડગેજ ડબલ રેલલાઈન પર પેસેન્જર ટ્રેન સેવા શરૂ કરવા માટે રેલવે સુરક્ષા કમિશનરે મંજૂરી આપી છે. આ મંજૂરી બાદ હવે આ રૂટ પર ટૂંક સમયમાં પેસેન્જર ટ્રેનો દોડતી થશે. રેલવે સુરક્ષા કમિશનર દ્વારા આલિયાવાડા-જામનગરની નવી બનેલી બીજી રેલવે લાઈનનું વિસ્તૃત સુરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ઈલેક્ટ્રિક લોકોમોટિવ અને ઓબ્ઝર્વેશન કાર સાથે 123 કિમી પ્રતિ કલાકની ઝડપે સફળ સ્પીડ ટ્રાયલ કરવામાં આવ્યો હતો. રાજકોટ-કાનાલુસ બ્રોડગેજ ડબલિંગ પ્રોજેક્ટ હેઠળ આલિયાવાડા-જામનગર વચ્ચેનો



19.537 કિમી લાંબી રેલલાઈન સફળતાપૂર્વક કમિશન કરવામાં આવી છે. 111 કિમી લાંબા સમગ્ર રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટમાંથી અત્યાર સુધીમાં 84 કિમી રેલલાઈનનું ડબલિંગ કામ પૂર્ણ થઈ ચૂક્યું છે.રેલવે અધિકારીઓ દ્વારા રજૂ કરાયેલા સુરક્ષા પ્રમાણપત્રો અને જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. રેલવે અધિનિયમ, 1989 હેઠળની તમામ જરૂરી પ્રક્રિયાઓ સંતોષકારક જણાયા બાદ સુરક્ષા કમિશનરે પેસેન્જર ટ્રેન સેવા શરૂ કરવાની મંજૂરી આપી છે.મંજૂરી મુજબ આલિયાવાડા-હાપા રેલખંડ પર નવી લાઇનમાં ટ્રેનોની મહત્તમ ઝડપ 100 કિમી પ્રતિ કલાક રહેશે. જ્યારે હાપા-જામનગરની નવી અપ અને ડાઉન મેઈન લાઈન પર મહત્તમ ઝડપ 90 કિમી પ્રતિ કલાક નક્કી કરવામાં આવી છે.આ ડબલિંગ કામ પૂર્ણ થતાં રાજકોટ-જામનગર-કાનાલુસ રૂટની રેલવે લાઇનની ક્ષમતામાં વધારો થશે. એકથી વધુ ટ્રેનોનું સંચાલન વધુ સરળ અને કાર્યક્ષમ રીતે કરી શકાશે. સાથે જ ભવિષ્યમાં વધનારા રેલવે ટ્રાફિકને પહોંચી વળવામાં મદદ મળશે અને ટ્રેન વ્યવહારની વિશ્વસનીયતા તથા કાર્યક્ષમતામાં પણ સુધારો થશે.

## જામનગરમાં જુગારના દરોડા, 21 ઝડપાયા:ત્રણ સ્થળેથી ₹1.35 લાખનો મુદ્દામાલ જપ્ત



જામનગર | જામનગર શહેર અને જિલ્લામાં પોલીસે અસામાજિક પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. જુગારના ત્રણ અલગ-અલગ સ્થળો પર દરોડા પાડીને કુલ 21 જુગારીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. આ કાર્યવાહીમાં પોલીસે કુલ 1.35 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પ્રથમ દરોડામાં, સીટી-સી ડિવિઝન પોલીસે શંકરટેકરી વિસ્તારમાં મામદશાહપીરની દરગાહ પાસે કાર્યવાહી કરી હતી. અહીંથી તીનપત્તીનો જુગાર રમતા પાંચ શખ્સોને 13,900 રોકડ રકમ સાથે પકડી પાડવામાં આવ્યા હતા.બીજા દરોડામાં, પંચકોશી-એ ડિવિઝન પોલીસે મોડપર ગામ નજીક રવેચી હોટલ પાસે બાવળની કાંટમાં કાર્યવાહી કરી. રોન પોલીસનો જુગાર રમતા ચાર શખ્સોને 18,550 રોકડ સાથે ઝડપી લેવાયા હતા, જ્યારે એક શખ્સને નોટિસ આપી છોડી મૂકવામાં આવ્યો હતો.ત્રીજા દરોડામાં, LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) ની ટીમે હાપા વિસ્તારમાં કીયા કાર શોરૂમ સામે આવેલા ગેરેજની ઓરડીમાં કાર્યવાહી કરી. આ સ્થળેથી ધોડીપાસાનો જુગાર રમતા 12 શખ્સોને પકડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન 71,600 રોકડા અને 31,000 ની કિંમતના આઠ મોબાઈલ ફોન સહિત કુલ 1,02,600 નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

# ધ્રોલના ભૂચરમોરી નજીક જર્જરિત ટાંકી ડિમોલિશ કરાઈ:લોકોની સુરક્ષાને ધ્યાને રાખી તંત્રએ લીધો નિર્ણય

જામનગર | જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલી ઐતિહાસિક ભૂચરમોરી રણભૂમિ નજીક લાંબા સમયથી જર્જરિત અને બિનઉપયોગી બનેલા પાણીના ટાંકાને વહીવટી તંત્ર દ્વારા ડિમોલિશ કરવામાં આવ્યો છે. આસપાસના લોકો તથા વાહનચાલકોની સુરક્ષાને ધ્યાને રાખી તંત્રએ આ જોખમી બાંધકામ દૂર કર્યું છે.આ પાણીનો ટાંકો દાયકાઓ જૂનો હોવાના કારણે તેના સ્લેબ અને પિલરો અત્યંત જર્જરિત થઈ ગયા હતા. ટાંકો ગમે ત્યારે ધરાશાયી થઈને કોઈ મોટી જાનહાનિ નોતરે તેવો ભય સ્થાનિકો અને રાહદારીઓમાં સતત સતાવી રહ્યો હતો.સ્થાનિક વહીવટી તંત્રની વિશેષ ટીમે સ્થળ પર પહોંચીને જરૂરી કાયદાકીય અને સુરક્ષા વ્યવસ્થા ગોઠવી હતી. ત્યારબાદ આ જોખમી ટાંકાને કાળજીપૂર્વક અને સુરક્ષિત રીતે જમીનદોસ્ત કરી દેવામાં આવ્યો હતો.આ જોખમી ટાંકો દૂર થતાં અકસ્માતનો મોટો ખતરો ટળ્યો છે, જેનાથી સ્થાનિક રહીશો અને માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે અને તંત્રની ત્વરિત કાર્યવાહીને બિરદાવી છે. જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલી ઐતિહાસિક ભૂચરમોરી રણભૂમિ નજીક લાંબા સમયથી જર્જરિત અને બિનઉપયોગી બનેલા પાણીના ટાંકાને વહીવટી તંત્ર દ્વારા આખરે ડિમોલિશ કરવામાં આવ્યો છે. આસપાસના નાગરિકો તથા વાહનચાલકોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને તંત્ર દ્વારા આ જોખમી બાંધકામને સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યું છે.મીડિયા અહેવાલ અનુસાર, આ પાણીનો ટાંકો દાયકાઓ જૂનો હોવાના કારણે તેના સ્લેબ અને પિલરો અત્યંત ખરાબ હાલતમાં અને જર્જરિત થઈ ગયા હતા. આ ટાંકો ગમે ત્યારે અચાનક ધરાશાયી થઈને કોઈ મોટી જાનહાનિ નોતરે તેવો ગંભીર ભય સ્થાનિક રહીશો અને રાહદારીઓમાં સતત સતાવી રહ્યો હતો. આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈને સ્થાનિક વહીવટી તંત્રની વિશેષ ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને જરૂરી કાયદાકીય અને સુરક્ષા વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી હતી અને ત્યારબાદ આ જોખમી ટાંકાને ખૂબ જ કાળજીપૂર્વક અને સુરક્ષિત રીતે જમીનદોસ્ત કરી દેવામાં આવ્યો હતો.



# લોહાણા મહાજન ચૂંટણી, મંદિર નિર્માણ અને હિસાબો અંગે વિવાદ

## જૂનાગઢમાં લોહાણા મહાજન અને જલારામ મંદિર વહીવટ અંગે પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂ સામે ગંભીર આક્ષેપો; તમામ દાવા પાયાવિહોણા હોવાની મશરૂની સ્પષ્ટતા

જૂનાગઢ | જૂનાગઢમાં લોહાણા મહાજન અને જલારામ મંદિર નિર્માણ કાર્યને લઈને ભારે ઘમસાણ મચી ગયું છે. પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂ સામે સમાજના જ લોકોએ ખુલ્લેઆમ મોરચો માંડ્યો છે. મહેન્દ્ર મશરૂ સામે સખત વિરોધ પ્રદર્શિત થઈ રહ્યો છે અને હવે જલારામ મંદિરમાં પ્રવેશ તથા તેના નવનિર્માણના કામને લઈને મોટો વિવાદ સર્જાયો છે. પૂર્વ ધારાસભ્ય અને મહાજનના હોદ્દેદાર મહેન્દ્રભાઈ મશરૂ સામે સમાજના જ વિવિધ આગેવાનો દ્વારા સંસ્થાના વહીવટ, સત્તામોહ, નાણાકીય પારદર્શિતા અને ધાર્મિક કાર્યક્રમોમાં વિઘ્ન ઊભા કરવા અંગે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. જલારામ મંદિરનું નિર્માણ કાર્ય છેલ્લા 4 થી 5 વર્ષથી અટકેલું હોવાથી ભક્તોમાં ભારે રોષ છે. આક્ષેપ કરાપોનો દાવો છે કે ટ્રસ્ટી મંડળ નકશાના બહાને કામ લંબાવી રહ્યું છે, જ્યારે કરોડો રૂપિયાનું ભંડોળ હોવા છતાં નિર્માણ પૂર્ણ કરવામાં આવતું નથી. આથી ટ્રસ્ટ તાત્કાલિક નકશો જાહેર કરે અને કામ પૂર્ણ કરવાની ચોક્કસ ડેડલાઇન આપે તેવી માંગણી ઊઠી છે. નવનિર્માણ સમિતિના સભ્ય હિરેન તૈલીએ ટ્રસ્ટના વહીવટ પર સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે 2005 પછી લોહાણા મહાજનના કોઈ પ્રમુખની ચેરિટી કમિશનરમાં નોંધણી થઈ નથી અને 2008 પછી કોઈ ઓડિટ રિપોર્ટ પણ રજૂ કરાયો નથી. હિસાબ-કિતાબમાં પારદર્શિતા ન હોવાથી સમાજનો વિશ્વાસ ડગી ગયો છે. રામાયણનો સંદર્ભ આપતાં તેમણે ઉમેર્યું હતું કે રાજા દશરથે એક સફેદ વાળ આવતાં જ રામને ગાદી સોંપવાનો નિર્ણય લીધો હતો, જ્યારે મહેન્દ્રભાઈ મશરૂ ઉંમર વધવા છતાં સત્તા છોડવા તૈયાર નથી. જૂનાગઢની જનતાની જેમ સમાજ પણ ઝાકારો આપે તે પહેલાં તેમણે સ્વેચ્છાએ નિવૃત્તિ લઈ લેવી જોઈએ.મહેશ મુરારજીભાઈ વિઠલાણીએ મહેન્દ્રભાઈ મશરૂ દ્વારા ચાર-પાંચ વ્યક્તિઓ પર કરાયેલા આક્ષેપોનો વિરોધ કરતાં કહ્યું કે તેઓ પોતાના ઘરે વિરાજમાન જલારામ મંદિરના પુજારી જગદીશભાઈ ત્રિવેદીને પૂછી લે કે ત્યાં કોનું યોગદાન છે. તેમણે આરોપ લગાવ્યો કે પ્રમુખશ્રી જાહેર મીડિયામાં અસત્ય વાતો કરીને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે અને અન્ય તત્વોના હાથા બની રહ્યા છે. મંદિરમાં આરતી અને રામધૂન કરવા બાબતે પણ તેમને રોકવામાં આવ્યા હતા અને પતરાની બીજી તરફ જઈને બેસવા જણાવાયું હતું. તેઓ કોઈ ફંડ-ફાળો કે એક પણ રૂપિયો લીધા વિના ધાર્મિક સેવા કરી રહ્યા છે, તેમ છતાં વિઘ્નસંતોષીઓ દ્વારા વિક્ષેપ પાડવામાં આવી રહ્યો છે. મહાજનના સભ્ય ભાવેશ જીવાણીએ જણાવ્યું હતું કે 12-7-2023 ના રોજ સાધારણ સભા મળી હતી, પરંતુ વર્ષોથી પેન્ડિંગ પડેલી બંધારણ સમિતિની રચના અંગે કોઈ ચર્ચા કરવામાં આવતી નથી. મહેન્દ્રભાઈ મશરૂ પોતાનો હોદ્દો છોડવા માગતા નથી અને અન્ય કોઈને આગળ આવવા દેતા નથી. ભૂતકાળમાં કરાયેલી રજૂઆતોના કાગળો પણ ગાયબ કરી દેવાય છે અને વિરોધ કરનારાઓને હોદ્દા આપીને શાંત કરી દેવામાં આવે છે. તેમણે માંગ કરી હતી કે મહાજનમાં બંધારણ સમિતિની રચના કરવામાં આવે અને લોકશાહી ઢબે પ્રમુખની ચૂંટણી યોજવામાં આવે.આ તમામ ગંભીર આક્ષેપો સામે પૂર્વ ધારાસભ્ય અને મહાજનના આગેવાન મહેન્દ્રભાઈ મશરૂએ તમામ બાબતોને તદ્દન વાહિયાત અને પાયાવિહોણી ગણાવી છે. તેમણે જણાવ્યું કે કે 1952 માં વડવાઓએ બનાવેલા બંધારણ મુજબ જ તમામ કામગીરી ચાલી રહી છે. પ્રમુખપદ અંગે તેમણે કહ્યું કે તેઓ સ્વેચ્છાએ હોદ્દા પર નથી, પરંતુ સર્વાનુમતે તેમની પસંદગી કરવામાં આવી હોવાથી તેઓ પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે. જલારામ મંદિર મોટો પ્રોજેક્ટ હોવાથી 8 મહિના કામ ચાલ્યા બાદ ચોમાસાના કારણે અટક્યું હતું અને એન્જિનિયરના જણાવ્યા મુજબ દશેરાથી ફરી શરૂ થવાની શક્યતા છે.

# ધારી ગીર પૂર્વ ડિવિઝનમાં હેડ ક્લાર્કની બદલીનો વિવાદ વકર્યો

## DCFએ તાઉતે વાવાઝોડામાં પડેલા ઝાડના ડેપો મેનેજમેન્ટની કામગીરી સોંપી, રાજ્ય કર્મચારી મંડળની આંદોલનની ચીમકી

અમરેલી | અમરેલીના ધારી ગીર પૂર્વ ડિવિઝનમાં વહીવટી તંત્ર અને કર્મચારીઓ વચ્ચેનો વિવાદ વકર્યો છે. હેડ ક્લાર્ક ડી.એસ. જાદવની કરાયેલી બદલી મામલે સર્જાયેલો વિવાદ હવે રાજ્ય સરકાર સુધી પહોંચ્યો છે, જેમાં ગુજરાત રાજ્ય વન કર્મચારી મંડળ પણ મેદાને આવ્યું છે.તારીખ 1 ઓગસ્ટે ધારી ગીર પૂર્વના ડીસીએફ વિકાસ યાદવે વિભાગીય કચેરી હેઠળની તમામ રેન્જમાં તાઉતે વાવાઝોડામાં પડેલા ઝાડના ડેપો મેનેજમેન્ટની કામગીરી સોંપવામાં આવી હતી. આ કામગીરીનું રિપોર્ટિંગ રેન્જ ફોરેસ્ટર ઓફિસ, હડાળા ખાતે કરવાનું રહેશે અને હેડક્વાર્ટર હડાળા મુકામે નક્કી કરાયું હતું. આ આદેશ અંતર્ગત હેડ ક્લાર્ક ડી.એસ. જાદવની બદલી કરવામાં આવતા વિવાદ શરૂ થયો હતો.હેડ ક્લાર્ક ડી.એસ. જાદવ દ્વારા આ બદલી રાજ્ય સરકારના નીતિ-નિયમો વિરુદ્ધ કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે જૂનાગઢના કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (CF) અને ગાંધીનગર ખાતે વન વિભાગના




અગ્ર મુખ્ય વન સંરક્ષણ અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ ભવનને લેખિત રજૂઆતો કરી છે. આ પત્રો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વન વિભાગમાં ચકચાર મચી ગઈ છે.હેડ ક્લાર્કને ન્યાય અપાવવા માટે ગુજરાત રાજ્ય વન કર્મચારી મંડળના ભાવેશ સાધુ સહિતના હોદ્દેદારોએ મોરચો સંભાળ્યો છે. મુખ્ય વન સંરક્ષણ, ગાંધીનગરને બદલીનો હુકમ રદ કરવા માટે લેખિત રજૂઆત કરાઈ છે. મંડળ દ્વારા આક્ષેપ છે કે ડીસીએફ વિકાસ યાદવ દ્વારા જાતિ સતામણીના ખોટા કેસ કરવાની સાજીશ રચવામાં આવી છે. જો સોમવાર સુધીમાં યોગ્ય નિર્ણય નહીં લેવાય, તો આંદોલનાત્મક પગલાં ભરવાની અને જરૂર પડ્યે હાઈકોર્ટના દરવાજા ખટખટાવવાની ચીમકી પણ લેખિતમાં ઉચ્ચારાઈ છે.બીજી બાજુ, બદલીના આદેશ બાદ 5 દિવસ વીતી જવા છતાં હેડ ક્લાર્ક ફરજ પર હાજર નહીં રહેતા ધારી ગીર પૂર્વના ડીસીએફ વિકાસ યાદવ દ્વારા જૂનાગઢ વન્ય પ્રાણી સીએફને લેખિત ફરિયાદ કરી છે. જેમાં જણાવ્યું છે કે કચેરીના વડાના આદેશની અવગણના કરીને વિભાગીય કચેરીના કામકાજમાં અવરોધ ઊભા કરાઈ રહ્યા છે, તેમજ ચેમ્બરમાં મનસ્વી વર્તન દાખવવામાં આવે છે. આ ઉપરાંત, કચેરીમાં અનઅધિકૃત પ્રવેશ અને સરકારી કામગીરીમાં અડચણરૂપ બનવા બદલ ધારી પોલીસ સ્ટેશનમાં પણ ડીસીએફ દ્વારા લેખિત અરજી આપી છે.સમગ્ર મામલે ધારી ગીર પૂર્વના ડીસીએફ વિકાસ યાદવનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે ક્લાર્કની બદલી નિયમ મુજબ જ કરવામાં આવી છે અને ડીસીએફ પાસે બદલીની સત્તા હોય છે. તેમને ખૂબ મહત્વની કામગીરી સોંપાઈ હોવા છતાં તેઓ હાજર નહીં રહેતા ઉચ્ચ કક્ષાએ જાણ કરવામાં આવી છે.ધારી ગીર પૂર્વ ડિવિઝનમાં અગાઉ ફરજ બજાવતા આશરે 18 જેટલા બીટ ગાર્ડ કર્મચારીઓના ટીએ બિલ એક વર્ષથી પાસ નહીં કરવાને લઈને પણ રજૂઆતો થઈ હતી.

**THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT. THIS DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. THIS PUBLIC ANNOUNCEMENT IS NOT INTENDED FOR PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.**

anawil
Wire And Engineering Ltd

(Scan this QR to view the Prospectus)

# ANAWIL WIRE AND ENGINEERING LIMITED

## THE EQUITY SHARES OF THE COMPANY WILL GET LISTED ON THE SME PLATFORM OF THE NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED ("NSE EMERGE")

Our Company was originally incorporated as a private limited Company under the name 'Anawil Wire and Engineering Private Limited' on January 02, 2021 under the provisions of the Companies Act, 2013 with the Registrar of Companies, Central Registration Centre, bearing CIN: U27320GJ2021PTC119254 and commenced operations pursuant to a declaration for commencement of business dated April 19, 2021, filed with the Registrar of Companies, Ahmedabad. Thereafter, our Company was converted into a public limited company, pursuant to a special resolution passed by our Shareholders at the Extra Ordinary General Meeting held on February 01, 2025 and consequently, the name of our Company was changed from 'Anawil Wire and Engineering Private Limited' to 'Anawil Wire and Engineering Limited' and a fresh certificate of incorporation consequent upon conversion to public company was issued be the Registrar of Companies, Central Registration Centre on March 11, 2025. Our Company's Corporate Identity Number is U27320GJ2021PLC119254.

**Registered Office:** Plot No. 201, Office No-1, Vibrant Business Park G.I.D.C, Vapi, Valsad, Pardi, Gujarat, India, 396191
**Tel.:** +91-9054508244, **E-mail:** cs@anawilvapi.in ; **Website:** www.anawilvapi.in
**Contact Person:** Sakshi Vijay, Company Secretary & Compliance Officer

**OUR PROMOTERS: NIMISH KUMAR RAMESHCHANDRA VASHI, AYUSH NIMISH VASHI, BHAVIN NAVINCHANDRA DESAI AND BIJAL NIMESH VASHI**

Our Company has filed the Prospectus dated August 06, 2026 with ROC and Equity Shares are proposed to be listed on SME Platform of National Stock Exchange Limited **("NSE EMERGE")** on Monday, August 10, 2026.

**"THE OFFER IS BEING MADE IN ACCORDANCE WITH CHAPTER IX OF THE SEBI ICDR REGULATIONS (IPO OF SMALL AND MEDIUM ENTERPRISES) AND THE EQUITY SHARES ARE PROPOSED TO BE LISTED ON SME PLATFORM OF NATIONAL STOCK EXCHANGE LIMITED ("NSE EMERGE")."**

## BRIEF DESCRIPTION OF THE BUSINESS OF THE COMPANY

We are engaged in the business of manufacturing of windmill towers, with primary focus on the fabrication of towers from heavy and precision steel components customized to meet the specific requirements of client in the wind energy sector. These towers are generally fabricated as tubular steel structures consisting of multiple cylindrical sections. These sections are rolled from heavy steel plates, longitudinally and circumferentially welded, and joined through flanges and bolts during erection at the project site. The weight of an individual tower can vary significantly based on its height and design specifications.

## BASIS OF ALLOTMENT

**INITIAL PUBLIC OFFER OF 65,85,600 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH (THE "EQUITY SHARES") OF ANAWIL WIRE AND ENGINEERING LIMITED ("OUR COMPANY" OR "AWEL" OR "THE ISSUER") AT AN OFFER PRICE OF ₹270 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING ₹17,781.12 LAKHS ("PUBLIC OFFER") COMPRISING OF A FRESH ISSUE OF 52,84,800 EQUITY SHARES AGGREGATING TO ₹14,268.96 LAKHS (THE "FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF 13,00,800 EQUITY SHARES BY THE PROMOTER SELLING SHAREHOLDER ("OFFER FOR SALE") AGGREGATING TO ₹3,512.16 LAKHS COMPRISING; 13,00,800 EQUITY SHARES AGGREGATING ₹3,512.16 LAKHS BY NIMISH KUMAR RAMESHCHANDRA VASHI (REFFERD AS "PROMOTER SELLING SHAREHOLDER") OUT OF WHICH 3,31,200 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH, AT AN OFFER PRICE OF ₹270 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING ₹894.24 LAKHS WAS RESERVED FOR SUBSCRIPTION BY THE MARKET MAKER TO THE OFFER (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE PUBLIC OFFER LESS MARKET MAKER RESERVATION PORTION I.E. OFFER OF 62,54,400 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH, AT AN OFFER PRICE OF ₹270 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING ₹16,886.88 LAKHS IS HEREINAFTER REFERRED TO AS THE "NET OFFER". THE PUBLIC OFFER AND NET OFFER WILL CONSTITUTE 26.34% AND 25.02% RESPECTIVELY OF THE POST- OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

**THE FACE VALUE OF THE EQUITY SHARE IS RS. 10 AND OFFER PRICE IS ₹270 EACH. THE OFFER PRICE IS 27.00 TIMES OF THE FACE VALUE OF THE EQUITY SHARE.**
**ANCHOR INVESTOR OFFER PRICE: ₹270 PER EQUITY SHARE.**
**THE OFFER PRICE IS 27.00 TIMES OF THE FACE VALUE**

| BID/ OFFER PERIOD | ANCHOR INVESTOR BIDDING DATE: FRIDAY, JULY 31, 2026 |
|---|---|
| | BID/ OFFER OPENED ON: MONDAY, AUGUST 03, 2026 |
| | BID/ OFFER CLOSED ON: WEDNESDAY, AUGUST 05, 2026 |

### RISKS TO INVESTORS:

a) *We have a limited operating history in our current line of business and our Promoters do not have prior significant experience in this industry segment.*
b) *Majority of our revenue is dependent on single business segment i.e. Tower Division. An inability to anticipate or adapt to evolving upgradation of products or inability to ensure product quality or reduction in the demand of such products may adversely impact our revenue from operations and growth prospects.*
c) *Our business is subject to seasonal and cyclical variations that could result in fluctuations in our results of operations, financial condition and cash flows.*
d) *Our revenues are concentrated in certain regions of India, and adverse developments in these regions or our inability to expand into new geographic markets may adversely affect our business, results of operations, financial condition and cash flows.*
e) *Substantial portion of our revenues has been dependent upon few customers, with which we do not have any firm commitments. The loss of any one or more of our major customers would have a material adverse effect on our business, cash flows, results of operations and financial condition.*
f) *One of our vendors has used the address of our manufacturing facility as its place of business for GST registration purposes, which may result in regulatory scrutiny or adverse perception.*
g) *We are primarily dependent upon few key suppliers within limited geographical location for procurement of raw materials. Any disruption in the supply of the raw materials or fluctuations in their prices could have a material adverse effect on our business operations and financial conditions.*
h) *Restated financial statements has been verified and certified by Peer Reviewed Chartered Accountant who is not the Statutory Auditor of our company.*
i) *Under- utilization of our manufacturing capacities and an inability to effectively utilize our expanded manufacturing capacities could have an adverse effect on our business, future prospects and future financial performance.*
j) *Our current order book value is not necessarily indicative of future growth. These orders that constitute our current order book could be cancelled, put in abeyance, delayed, or not paid for by our customers, which could adversely affect our financial condition.*
k) The BRLM associated with the Issue has handled 63 Public Issues in the past three years, out of which 4 issues were closed below the Issue/Offer Price on listing date:

| Name of BRLM | Total Issue | | Issue closed below IPO Price on listing date |
|---|---|---|---|
| | Mainboard | SME | |
| Hem Securities Limited | 2 | 61 | 4 (SME) |

l) Average cost of acquisition of Equity Shares held by the Promoters is

| Sr. No. | Name of the Promoters | No. of Shares held | Average cost of Acquisition (in ₹) |
|---|---|---|---|
| 1. | Nimishkumar Rameshchandra Vashi^ | 1,74,24,924 | 7.65 |
| 2. | Ayush Nimesh Vashi | 95,000 | 5.26 |
| 3. | Bhavin Navinchandra Desai | 95,000 | 5.26 |
| 4. | Bijal Nimesh Vashi | 19 | 5.26 |

m) The Price/ Earnings ratio based on Diluted EPS for Fiscal 2026 for the company at the upper end (₹270) of the Price Band is 14.11
n) Weighted Average Return on Net worth for Fiscals 2026, 2025 and 2024 is 33.33%.
o) The Weighted average cost of acquisition of all Equity Shares transacted in the last one year, 18 months and three years from the date of Prospectus is as given below:

| Period | Weighted Average Cost of Acquisition (in ₹) | Cap Price (₹270) is 'X' times the Weighted Average Cost of Acquisition | Range of acquisition price: Lowest Price – Highest Price (in ₹) |
|---|---|---|---|
| Last 1-year preceding date of Prospectus | 115 | 2.35 | 101-266 |
| Last 18 months preceding date of Prospectus | 24.06 | 11.22 | 0-266 |
| Last 3-years preceding date of Prospectus | 22.48 | 12.01 | 0-266 |

p) The Weighted average cost of acquisition compared to Floor Price and Cap Price.

| Types of transactions | Weighted average cost of acquisition (₹ per Equity Shares) | Floor price (i.e., ₹257) | Cap price (i.e., ₹270) |
|---|---|---|---|
| Weighted average cost of acquisition of primary/new issue. | 101 | 2.54 | 2.67 |
| Weighted average cost of acquisition for secondary sale/ acquisition. | NA^ | NA^ | NA^ |
| Weighted average cost of acquisition of primary issuances / secondary transactions | NIL | NIL | NIL |

*^There were no secondary sale/ acquisitions, in the last 18 months from the date of the Prospectus*

### LISTING DATE: MONDAY, AUGUST 10, 2026

The Offer was made through the Book Building Process, in terms of Rule 19(2)(b)(i) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended **("SCRR")** read with Regulation 253 of the SEBI ICDR Regulations, as amended, wherein not more than 50% of the Net Offer was made available on a proportionate basis to Qualified Institutional Buyers ("QIBs", the "QIB Portion"), provided that our Company, in consultation with the Book Running Lead Managers, allocated 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations **("Anchor Investor Portion")**, of which 40% of such Anchor Investor Portion was reserved for, (i) 33.33% was made available for allocation to domestic Mutual Funds, and (ii) 6.67% for life insurance companies and pension funds, subject to valid Bids have being received from domestic Mutual Funds, life insurance companies and pension funds at or above the Anchor Investor Allocation Price. In the event of under-subscription in (ii) above, the allocation was made to domestic Mutual Funds in accordance with the SEBI ICDR Regulations. Further, 5% of the Net QIB Portion was made available for allocation on a proportionate basis only to Mutual Funds, and the remainder of the Net QIB Portion was made available for allocation on a proportionate basis to all QIBs, including Mutual Funds, subject to valid Bids being received at or above the Offer Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5% of the Net QIB Portion, the balance Equity Shares available for allocation in the Mutual Fund Portion was added to the remaining Net QIB Portion for proportionate allocation to QIBs. Further, not less than 15% of the Net Offer was made available for allocation on a proportionate basis to Non-Institutional Bidders (of which one third of the Non-Institutional Portion was reserved for Bidders with an application size of more than two lots and up to such lots equivalent to not more than ₹10 lakhs and two-thirds of the Non Institutional Portion was reserved for Bidders with an application size exceeding ₹ 10 lakhs) and undersubscription in either of these two sub-categories of Non-Institutional Portion was allocated to Bidders in the other subcategory of Non-Institutional Portion, subject to valid Bids have being received at or above the Offer Price and not less than 35% of the Net Offer was available for allocation to Individual Bidders in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids have being received at or above the Offer Price. All potential Bidders (except Anchor Investors) were required to mandatorily utilize the Application Supported by Blocked Amount ("ASBA") process providing details of their respective ASBA accounts, and UPI ID in case of Individual Bidders using the UPI Mechanism, if applicable, in which the corresponding Bid Amounts was blocked by the SCSBs or by the Sponsor Bank under the UPI Mechanism, as the case may be, to the extent of respective Bid Amounts. Anchor Investors were not permitted to participate in the Anchor Investor Portion of the Offer through the ASBA process. For details, see ***"Offer Procedure"*** beginning on page 279 of the Prospectus.

The investors are advised to refer to the Prospectus for the full text of the Disclaimer clause pertaining to NSE. For the purpose of this Offer, the designated Stock Exchange will be the NSE Limited. The trading will commence on Monday, August 10, 2026.

### SUBSCRIPTION DETAILS

The bidding for Anchor Investors opened and closed on Friday, July 31, 2026. The Company received 19 Anchor Investors applications for 22,27,600 Equity Shares. The Anchor Investor Allocation price was finalized at ₹270 per Equity Share. A total of 18,75,000 Equity Shares were allotted under the Anchor Investors portion aggregating to ₹50,64,12,000.

The Offer (excluding Anchor Investors Portion) received 3,53,227 Applications for 64,98,88,000 Equity Shares (after considering invalid bids, Other than RC10 Transaction declined by Investors, RC10 Mandate not accepted by Investors and Withdrawal/ Cancelled Bids reported by SCSB and all rejections) resulting 137.98 times subscription (including reserved portion of market maker, and excluding anchor investor portion). The details of the Applications received in the Offer from various categories are as under *(before rejections)*:

**Detail of the Applications Received (excluding Anchor Investors Portion):**

| Sr. No. | Category | Number of Applications | No. of Equity Shares applied | Equity Shares Reserved as per Prospectus | No. of times Subscribed | Amount (₹) |
|---|---|---|---|---|---|---|
| 1 | Individual Investors | 2,86,388 | 22,91,10,400 | 21,89,600 | 104.64 | 59,11,92,000 |
| 2 | Non-institutional Investors (More than 2 lots and up to ₹10 lakhs) | 28,026 | 3,84,97,600 | 3,12,800 | 123.07 | 8,44,56,000 |
| 3 | Non-institutional Investors (above ₹10 lakhs) | 44,233 | 18,18,16,400 | 6,25,600 | 290.63 | 16,89,12,000 |
| 4 | Qualified Institutional Bidders (excluding Anchors Investors) | 138 | 20,57,26,400 | 12,50,800 | 164.48 | 33,77,16,000 |
| 5 | Market Maker | 1 | 3,31,200 | 3,31,200 | 1.00 | 8,94,24,000 |
| | **Total** | **3,58,786** | **65,54,82,000** | **47,10,000** | | |

**Final Demand:**

A summary of the final demand as per NSE as on the Bid/ Offer Closing Date at different Bid prices is as under:

| Sr. No. | Bid Price | No. of Equity Shares | % to Total | Cumulative Share Total | Cumulative % of Total |
|---|---|---|---|---|---|
| 1 | 257 | 3,76,000 | 0.05 | 3,76,000 | 0.05 |
| 2 | 258 | 23,600 | 0.00 | 3,99,600 | 0.06 |
| 3 | 259 | 9,600 | 0.00 | 4,09,200 | 0.06 |
| 4 | 260 | 1,26,000 | 0.02 | 5,35,200 | 0.08 |
| 5 | 261 | 15,200 | 0.00 | 5,50,400 | 0.08 |
| 6 | 262 | 8,800 | 0.00 | 5,59,200 | 0.08 |
| 7 | 263 | 19,200 | 0.00 | 5,78,400 | 0.08 |
| 8 | 264 | 12,000 | 0.00 | 5,90,400 | 0.09 |
| 9 | 265 | 76,000 | 0.01 | 6,66,400 | 0.10 |
| 10 | 266 | 20,800 | 0.00 | 6,87,200 | 0.10 |
| 11 | 267 | 34,800 | 0.01 | 7,22,000 | 0.11 |
| 12 | 268 | 64,800 | 0.01 | 7,86,800 | 0.11 |
| 13 | 269 | 1,42,400 | 0.02 | 9,29,200 | 0.14 |
| 14 | 270 | 68,64,70,800 | 99.86 | **68,74,00,000** | **100.00** |
| | **Total** | **68,74,00,000** | **100.00%** | | |

The Basis of Allotment was finalized in consultation with the designated Stock Exchange, being National Stock Exchange Limited ***("NSE Emerge")*** on August 06, 2026.

**1) Allotment to Individual Investors *(after rejections):***

The Basis of Allotment to the Individual Investors, who have Bid at or above the Offer Price of ₹270 per equity share, was finalized in consultation with NSE. The category has been subscribed to the extent of 102.84 times i.e., for 22,51,84,800 equity shares, the total number of equity shares allotted in this category is 21,89,000 equity share to 2,189 successful applicants. The details of the Basis of Allotment of the said category are as under:

| S. No. | No. of Shares applied for (Category wise) | No. of applications Received | % of Total | Total No. of Shares Applied | % to Total | No. of Equity Shares Allotted per Applicant | Ratio | Total No. of shares allocated/ allotted |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 800 | 2,81,481 | 100.00 | 22,51,84,800 | 100.00 | 800 | 6:617 | 21,89,600 |

**2) Allotment to Non-Institutional Investors (More than 2 lots and up to ₹ 10,00,000) *(after rejections):***

The Basis of Allotment to the Non-Institutional Investors, who have bid at the Offer Price of ₹270 or above per equity share was finalized in consultation with NSE. The category has been subscribed to the extent of 121.42 times i.e., for 3,79,78,800 equity shares, the total number of equity shares allotted in this category is 3,12,800 equity shares to 260 successful applicants. The details of the Basis of Allotment of the said category are as under:

| S. No. | No. of Shares applied for (Category wise) | Number of applications received | % to total | Total No. of Shares applied in each category | % to total | No of equity shares | Ratio of allottees to applicants | Total No. of shares allocated/allotted |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 1,200 | 22,630 | 81.84 | 2,71,56,000 | 71.50 | 1,200 | 213:22630 | 2,55,600 |
| 2 | 1,600 | 3,015 | 10.90 | 48,24,000 | 12.70 | 1,200 | 28:3015 | 33,600 |
| 3 | 2,000 | 404 | 1.46 | 8,08,000 | 2.13 | 1,200 | 4:404 | 4,800 |
| 4 | 2,400 | 314 | 1.14 | 7,53,600 | 1.98 | 1,200 | 3:314 | 3,600 |
| 5 | 2,800 | 159 | 0.58 | 4,45,200 | 1.17 | 1,200 | 1:159 | 1,200 |
| 6 | 3,200 | 190 | 0.69 | 6,08,000 | 1.60 | 1,200 | 2:190 | 2,400 |
| 7 | 3,600 | 940 | 3.40 | 33,84,000 | 8.91 | 1,200 | 9:940 | 10,800 |
| 8 | 800 additional shares will be allotted to successful allotees from Sr no. 2 to 7 = 800 shares in ratio of 2:47 | | | | | | | 800 |
| | **TOTAL** | **27,652** | **100.00** | **3,79,78,800** | **100.00** | | | **3,12,800** |

*Continued on next page*

Continued from previous page



**3) Allotment to Non-Institutional Investors (More than ₹ 10,00,000) *(after rejections):***

The Basis of Allotment to the Non-Institutional Investors, who have bid at the Offer Price of ₹270 or above per equity share was finalized in consultation with NSE. The category has been subscribed to the extent of 288.79 times i.e., for 18,06,66,800 equity shares, the total number of equity shares allotted in this category is 6,25,600 equity shares to 521 successful applicants. The details of the Basis of Allotment on sample basis of the said category are as under: *(Sample)*

| S. No. | No. of Shares applied for (Category wise) | Number of applications received | % to total | Total No. of Shares applied in each category | % to total | Proportionate shares available | Ratio of allottees to applicants | Total No. of shares allocated/ alloted |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 4,000 | 42,432 | 96.54 | 16,97,28,000 | 93.95 | 1,200 | 503:42432 | 6,03,600 |
| 2 | 4,400 | 598 | 1.36 | 26,31,200 | 1.46 | 1,200 | 7:598 | 8,400 |
| 3 | 4,800 | 234 | 0.53 | 11,23,200 | 0.62 | 1,200 | 3:234 | 3,600 |
| 4 | 5,200 | 79 | 0.18 | 4,10,800 | 0.23 | 1,200 | 1:79 | 1,200 |
| 10 | 7,600 | 17 | 0.04 | 1,29,200 | 0.07 | 1,200 | 0:17 | 0 |
| 11 | 8,000 | 91 | 0.21 | 7,28,000 | 0.40 | 1,200 | 1:91 | 1,200 |
| 12 | 8,400 | 9 | 0.02 | 75,600 | 0.04 | 1,200 | 0:9 | 0 |
| 13 | 8,800 | 12 | 0.03 | 1,05,600 | 0.06 | 1,200 | 0:12 | 0 |
| 17 | 10,400 | 6 | 0.01 | 62,400 | 0.03 | 1,200 | 0:6 | 0 |
| 18 | 10,800 | 4 | 0.01 | 43,200 | 0.02 | 1,200 | 0:4 | 0 |
| 19 | 11,200 | 9 | 0.02 | 1,00,800 | 0.06 | 1,200 | 0:9 | 0 |
| 20 | 11,600 | 8 | 0.02 | 92,800 | 0.05 | 1,200 | 0:8 | 0 |
| 32 | 16,800 | 3 | 0.01 | 50,400 | 0.03 | 1,200 | 0:3 | 0 |
| 33 | 17,200 | 2 | 0.00 | 34,400 | 0.02 | 1,200 | 0:2 | 0 |
| 34 | 17,600 | 1 | 0.00 | 17,600 | 0.01 | 1,200 | 0:1 | 0 |
| 35 | 18,000 | 4 | 0.01 | 72,000 | 0.04 | 1,200 | 0:4 | 0 |
| 45 | 24,400 | 1 | 0.00 | 24,400 | 0.01 | 1,200 | 0:1 | 0 |
| 46 | 26,000 | 1 | 0.00 | 26,000 | 0.01 | 1,200 | 0:1 | 0 |
| 47 | 27,200 | 1 | 0.00 | 27,200 | 0.02 | 1,200 | 0:1 | 0 |
| 48 | 28,000 | 2 | 0.00 | 56,000 | 0.03 | 1,200 | 0:2 | 0 |
| 60 | 41,600 | 1 | 0.00 | 41,600 | 0.02 | 1,200 | 0:1 | 0 |
| 61 | 42,000 | 1 | 0.00 | 42,000 | 0.02 | 1,200 | 0:1 | 0 |
| 62 | 48,000 | 2 | 0.00 | 96,000 | 0.05 | 1,200 | 0:2 | 0 |
| 63 | 50,000 | 1 | 0.00 | 50,000 | 0.03 | 1,200 | 0:1 | 0 |
| 66 | 64,400 | 1 | 0.00 | 64,400 | 0.04 | 1,200 | 0:1 | 0 |
| 67 | 1,90,400 | 1 | 0.00 | 1,90,400 | 0.11 | 1,200 | 0:1 | 0 |
| 68 | 4800 shares will be allotted to unsuccessful allotees from Sr no. 7 to 67 (except 11) = 4800 shares in ratio of 4:60 | | | | | | 4:60 | 4,800 |
| 69 | 400 additional shares will be allotted to successful allotees from Sr no. 1 to 67 = 2400 shares in ratio of 1:521 | | | | | | | 400 |
| | **TOTAL** | **43,955** | **100.00** | **18,06,66,800** | **100.00** | | | **6,25,600** |

**4) Allotment to Market Maker:** The Basis of Allotment to Market Maker who have bid at Offer Price of ₹270 per equity shares or above, was finalized in consultation with NSE. The category was subscribed by 1.00 times i.e., or 3,31,200 equity shares, the total number of shares allotted in this category is 3,31,200 equity shares to 1 successful applicant. The category wise details of the Basis of Allotment are as under:

| S. No. | No. of Shares Applied for (Category wise) | No. of Applications received | % to total | Total No. of Equity Shares applied in this Category | % of total | No. of Equity Shares allocated/ allotted per Applicant | Ratio | Total No. of shares allocated/allotted |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 3,31,200 | 1 | 100.00 | 3,31,200 | 100.00 | 3,31,200 | 1:1 | 3,31,200 |

**5) Allotment to QIBs excluding Anchor Investors *(after rejections):***

The Basis of Allotment to QIBs, who have bid at Offer Price of ₹270 per Equity Shares or above, was finalized in consultation with NSE. The category was subscribed by 167.70 times i.e., 20,57,26,400 equity shares. As per the SEBI Regulations, 5% of Net QIB portion was reserved for mutual funds i.e., 62,800 equity shares and other QIBs and unsatisfied demand of Mutual Funds were allotted the remaining available equity shares i.e., 11,88,000 equity shares on a proportionate basis. The total number of shares allotted in this category is 12,50,800 equity shares to 131 successful applicants. The category wise details of the Basis of Allotment are as under:

| Category | FI'S/BANK'S | MF'S | IC'S | NBFC'S | AIF | FPC/FII | VC'S | Total |
|---|---|---|---|---|---|---|---|---|
| QIB | 119600 | 85600 | 3200 | 310000 | 544800 | 187600 | - | **12,50,800** |

**6) Allotment to Anchor Investors (after rejections):**

The Company in consultation with the BRLM has allocated 18,75,600 Equity Shares to 19 Anchor Investors at the Anchor Investor Offer Price of ₹270 per equity shares in accordance with the SEBI (ICDR) Regulations. This represents upto 60% of the QIB Category.

| Category | FIS/BANKS | MF'S | IC'S | NBFC'S | AIF | FPI/FPC | VC'S | Total |
|---|---|---|---|---|---|---|---|---|
| ANCHOR | - | - | - | 296800 | 1188000 | 390800 | - | **18,75,600** |

The Board of Directors of our Company at its meeting held on August 06, 2026 has taken on record the basis of allotment of equity shares approved by the designated Stock Exchange, being NSE and has allotted the equity shares to various successful applicants. The Allotment Advice Cum Refund Intimation have been dispatched to the address of the investors as registered with the depositories. Further, instructions to the SCSBs have been dispatched/ mailed for unblocking of funds and transfer to the Public Offer Account on August 06, 2026. In case the same is not received within ten days, investors may contact the Registrar to the Offer at the address given below. The Equity Shares allotted to the successful allottees shall be uploaded on August 07, 2026 for credit into the respective beneficiary accounts subject to validation of the account details with the depositories concerned. The Company has filed Listing Application to NSE on August 07, 2026. The Company has received the listing and trading approval from NSE, and trading will commence on August 10, 2026.

***Note:** All capitalized terms used and not defined herein shall have the respective meanings assigned to them in the Prospectus.*

**INVESTORS, PLEASE NOTE**

**The details of the allotment made was hosted on the website of the Registrar to the Offer, Bigshare Services Private Limited.**

All future correspondence in this regard may kindly be addressed to the Registrar to the Offer quoting full name of the First/ Sole Bidder Serial number of the ASBA form, number of Equity Shares bid for, Bidder DP ID, Client ID, PAN, date of submission of the Bid cum Application Form, address of the Bidder, the name and address of the Designated Intermediary where the Bid cum Application Form was submitted by the Bidder and copy of the Acknowledgment Slip received from the Designated Intermediary and payment details at the address given below:

Bigshare Services Pvt. Ltd.

**BIGSHARE SERVICES PRIVATE LIMITED**
**Address:** Office No. S6-2, 6th floor, Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves Road, Andheri East, Mumbai- 400093, Maharashtra, India
**Telephone:** +91 022-6263 8200; **Email:** ipo@bigshareonline.com
**Investor Grievance Email:** investor@bigshareonline.com
**Website:** www.bigshareonline.com ; **Contact Person:** Babu Rapheal C.
**SEBI Registration Number:** INR000001385 ; **CIN:** U99999MH1994PTC076534

**CORRIGENDUM: NOTICE TO THE INVESTORS**

**CORRIGENDUM TO PROSPECTUS**

This corrigendum should be read with Prospectus dated August 06, 2026, filed with Registrar of Companies, Ahmedabad Gujarat, for Book Built Offer of 65,85,600 of Anawil Wire and Engineering Limited.

Investors should note that the table under the heading "Shareholding Pattern of the Company" in accordance with Regulation 31 of SEBI LODR Regulation, on the page 61 of ***"Capital Structure"*** the count of (A) Promoter & Promoter Group and (B) Public should be read as 5 and 22, respectively. Further, the number of locked in shares for (A) Promoter & Promoter Group and (B) Public should be read as 1,63,14,162 and 21,00,038 respectively and the same as a percentage of total shares held should be read as 92.62% and 100.00% respectively.

**On behalf of Board of Directors**
**Anawil Wire and Engineering Limited**
**Sd/-**
**Place:** Vapi, Gujarat **Sakshi Vijay**
**Date:** August 07, 2026 **Company Secretary and Compliance Officer**

**THE LEVEL OF SUBSCRIPTION SHOULD NOT BE TAKEN TO BE INDICATIVE OF EITHER THE MARKET PRICE OF THE EQUITY SHARES ON LISTING OR THE BUSINESS PROSPECTS OF ANAWIL WIRE AND ENGINEERING LIMITED**

***Disclaimer:** Anawil Wire and Engineering Limited has filed the Prospectus with the RoC on August 06, 2026 and thereafter with SEBI and the Stock Exchange. The Prospectus is available on the website of the BRLM, Hem Securities Limited at www.hemsecurities.com and the Company at www.anawilvapi.in./ and shall also be available on the website of the NSE and SEBI. Investors should note that investment in Equity Shares involves a high degree of risk and for details relating to the same, please see **"Risk Factors"** beginning on page 19 of the Prospectus.*

*The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the **"Securities Act"**) or any state securities laws in the United States, and unless so registered, and may not be issued or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and in accordance with any applicable U.S. state securities laws. The Equity Shares are being Issued and sold outside the United States in 'offshore transactions' in reliance on Regulation under the Securities Act and the applicable laws of each jurisdiction where such Issues and sales are made. There will be no public Issuing in the United States.*

SHAKUN


### મહિલા લોનધારકો માટે દર મહિને માત્ર 0.81% (વાર્ષિક 9.72%)થી શરૂ થતા વ્યાજદર

# સ્વતંત્રતા દિવસ પૂર્વે મહિલાઓ માટે IIFL ફાઈનાન્સની વિશેષ ગોલ્ડ લોન યોજના

### શૂન્ય પ્રક્રિયા શુલ્ક સાથે સોનાના મૂલ્ય સામે મહત્તમ મંજૂર લોનનો લાભ

અમદાવાદ | અગ્રણી નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (NBFC) IIFL ફાઈનાન્સે આજે સ્વાતંત્ર્ય દિન પહેલાં મહિલા લોનધારકો માટે ખાસ ગોલ્ડ લોન યોજનાની જાહેરાત કરી છે, જે મહિલા સાહસિકો અને ગૃહિણીઓને ઘરમાં પડેલા સોનાને ઉત્પાદક મૂડીમાં રૂપાંતરિત કરવામાં મદદ કરવા માટે તૈયાર કરવામાં આવી છે. આ સુવિધા ભારતભરમાં IIFL ફાઈનાન્સની ગોલ્ડ લોન શાખાઓ પર ઉપલબ્ધ છે.

આ યોજના મહિલા લોનધારકો માટે શૂન્ય પ્રક્રિયા શુલ્ક સાથે દર મહિને 0.81% (વાર્ષિક 9.72%) થી શરૂ થતા વિશેષ વ્યાજદરે લોન આપે છે. આ યોજના ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિર્ધારિત 'લોન-ટુ-વેલ્યૂ' મર્યાદામાં રહીને ગ્રાહકોના સોનાના મૂલ્ય સામે મહત્તમ મંજૂર લોન રકમ પણ પૂરી પાડે છે.

IIFL ફાઈનાન્સના ગોલ્ડ લોન વિભાગના વડા મયંક શર્માએ જણાવ્યું હતું કે:

'લાખો ભારતીય મહિલાઓ માટે તિજોરીમાં મુકેલું સોનું તેમની સૌથી કિંમતી સંપત્તિ છે, જે પેઢીઓથી એમ જ પડ્યું રહે છે. ગોલ્ડ લોન સોનું વેચ્યા વગર તેને ઉપયોગમાં લેવાની તક આપે છે. મહિલાઓ સોનું ગિરવી રાખીને લોન લે છે અને તેની ભરપાઈ કરીને પોતાના ઘરેણાં સુરક્ષિત પરત મેળવે છે. આ યોજના દ્વારા અમે પ્રથમ વખત લોન લેતી મહિલાઓની બે મુખ્ય ચિંતાઓ દૂર કરવાનો પ્રયાસ કર્યો છે: લોનનો ખર્ચ અને અરજી કરવાનો ખર્ચ. શૂન્ય પ્રક્રિયા શુલ્ક એ વાતની સ્પષ્ટ ખાતરી આપે છે કે અમે મહિલા લોનધારકોનું પૂરા આદર સાથે સ્વાગત કરીએ છીએ. સ્વાતંત્ર્ય દિન પહેલાં આ વિષય પર વાત કરવી યોગ્ય લાગે છે, કારણ કે ભારતના મોટાભાગના પરિવારો માટે આર્થિક સ્વતંત્રતાની શરૂઆત ત્યારે થાય છે જ્યારે કોઈ મહિલા પોતાની સંપત્તિનો સદુપયોગ કરવાનો નિર્ણય લે છે.'

IIFL ફાઈનાન્સ લિમિટેડ એ દેશભરમાં વિશાળ વિતરણ નેટવર્ક દ્વારા લાખો ગ્રાહકોને સેવા આપતી ભારતની અગ્રણી રિટેલ નાણાકીય કંપનીઓ (NBFC) માંની એક છે. કંપની ગોલ્ડ લોન, MSME લોન અને અન્ય વિવિધ પ્રકારના નાણાકીય ઉકેલો પૂરા પાડે છે. ટેક્નોલોજી, મજબૂત શાસન અને





ગ્રાહક-પ્રથમ અભિગમ સાથે, IIFL ફાઈનાન્સ ઔપચારિક નાણાકીય સેવાઓની પહોંચ વિસ્તારવા અને સમગ્ર ભારતમાં સર્વસમાવેશી વિકાસને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

# ક્રૂડ સસ્તું થતા ભારતમાં રોકાણ વધ્યું

### ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં FPIનું ₹12,921 કરોડનું રોકાણ, જુલાઈમાં ભારતીય બજારમાં ₹20,200 કરોડ આવ્યા

મુંબઈ | વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs)એ ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં ભારતીય શેરબજારમાં 12,921 કરોડનું મોટું રોકાણ કર્યું છે. ભારતીય અર્થતંત્રની સુધરતી સ્થિતિ, અમેરિકામાં વ્યાજ દરો ઘટવાની અપેક્ષા, ક્રૂડ ઓઈલના ઘટતા ભાવ અને સ્થિર રૂપિયાને કારણે વિદેશી રોકાણકારોની ખરીદી ચાલુ છે. જુલાઈમાં થયેલા 20,200 કરોડના રોકાણ પછી સતત બીજા મહિને ભારતીય બજારમાં સકારાત્મક ફંડ ફ્લો જોવા મળી રહ્યો છે.જૂનમાં 49,340 કરોડ, મેમાં 32,963 કરોડ, એપ્રિલમાં 60,847 કરોડ અને માર્ચમાં 1.17 લાખ કરોડ રૂપિયાની રેકોર્ડ વેચવાલી પછી જુલાઈથી બજારમાં ટ્રેન્ડ બદલાયો છે.CDSLના આંકડા મુજબ, માર્ચથી જૂન સુધી સતત ચાર મહિનાની વેચવાલી પહેલા FPIsએ ફેબ્રુઆરીમાં 22,615 કરોડનું રોકાણ કર્યું હતું. ત્યારબાદ જુલાઈમાં 20,200 કરોડનો ઈનફ્લો નોંધાયો, જેના કારણે ભારતીય શેરબજારમાં રિકવરી જોવા મળી છે.તાજેતરની ખરીદી છતાં, વિદેશી રોકાણકારો 2026માં અત્યાર સુધી ભારતીય ઈક્વિટીમાં કુલ મળીને નેટ સેલર રહ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં FPIs ભારતીય શેરબજારમાંથી 2.41 લાખ કરોડ રૂપિયા ઉપાડી ચૂક્યા છે. આ આંકડો આખા વર્ષ 2025માં થયેલી 1.66 લાખ કરોડ રૂપિયાની કુલ વેચવાળી કરતાં પણ વધુ થઈ ગયો છે.ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ Trackkના કો-ફાઉન્ડર અને CEO વેદાંત ગુપ્તેએ જણાવ્યું કે તાજેતરનું રોકાણ બજારમાં સુધરતા સેન્ટિમેન્ટનું પરિણામ છે. અમેરિકામાં રેટ કટની અપેક્ષા, ક્રૂડ ઓઈલની ઘટતી કિંમતો અને સ્થિર રૂપિયાએ રોકાણકારોનો



વિશ્વાસ મજબૂત કર્યો છે.વેદાંત ગુપ્તેએ જણાવ્યું હતું કે RBI દ્વારા વૃદ્ધિ અને મોંઘવારી અંગે આપવામાં આવેલા સારા આઉટલુકે રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો છે. ભારતીય શેરોમાં વિદેશી હિસ્સેદારી હાલમાં નીચલા સ્તરે છે, જેના કારણે નવા ફંડ્સ માટે ઘણી તક બાકી છે.આ ઉપરાંત, તાજેતરની ખરીદીનો મોટો હિસ્સો માત્ર IPOને બદલે સેકન્ડરી માર્કેટમાંથી આવી રહ્યો છે, જે લિસ્ટેડ કંપનીઓમાં વિદેશી રોકાણકારોની ઊંડી રુચિ દર્શાવે છે.બજાજ બ્રોકિંગના ડેપ્યુટી વાઈસ પ્રેસિડેન્ટ (રિસર્ચ) પબિત્રો મુખર્જીનું માનવું છે કે FIIs અને DIIs દ્વારા સતત ચાલુ ખરીદી પાછળ ભૂ-રાજકીય (જિયોપોલિટિકલ) તણાવનું ઓછું થવું એ એક મુખ્ય કારણ છે. તણાવ ઓછો થવાથી વૈશ્વિક રોકાણકારોનું સેન્ટિમેન્ટ પોઝિટિવ થયું છે, જેનાથી ભારતીય શેરબજારને મજબૂત ટેકો મળ્યો છે.જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી.કે. વિજયકુમારે જણાવ્યું કે FPIsની ખરીદીમાં એક ખાસ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. વિદેશી રોકાણકારો ઓટોમોબાઈલ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને હેલ્થકેર જેવા સેક્ટર્સ પર વધુ ભરોસો મૂકી રહ્યા છે અને તેમાં ઝડપથી ફાળવણી વધારી રહ્યા છે. શેરબજારની સાથે-સાથે વિદેશી રોકાણકારોનો ઝોક ભારતીય ડેટ માર્કેટમાં પણ સતત જળવાઈ રહ્યો છે. સમીક્ષાધીન સમયગાળા દરમિયાન FPIsએ જનરલ રૂટ દ્વારા ભારતીય ડેટ માર્કેટમાં 622 કરોડનું રોકાણ કર્યું છે.એવા વિદેશી રોકાણકારો કે સંસ્થાઓ જે કોઈ દેશના શેરબજાર, મ્યુચ્યુઅલ ફંડ કે ડેટ માર્કેટમાં નાણાકીય લાભ માટે પૈસા રોકે છે. તેઓ કંપનીઓમાં સીધું મેનેજમેન્ટ કે ઓપરેશનલ કંટ્રોલ લેતા નથી.તે નાણાકીય બજાર જ્યાં પહેલાથી લિસ્ટેડ શેરોની ખરીદ-વેચાણ રોકાણકારો વચ્ચે થાય છે (જેમ કે BSE અથવા NSE). આમાં પૈસા સીધા કંપનીને ન જતાં વેચનાર રોકાણકાર પાસે જાય છે.

# હાઈબ્રિડ-EV કારો 1 એપ્રિલ 2027થી સસ્તી થશે:પેટ્રોલ-ડીઝલ ગાડીઓ મોંઘી મળશે

નવી દિલ્હી | કેન્દ્ર સરકારે પેસેન્જર વાહનો માટે નવા કોર્પોરેટ એવરેજ ફ્યુઅલ ઈકોનોમી ધોરણોનો ડ્રાફ્ટ જાહેર કર્યો છે. આ નવા નિયમો 1 એપ્રિલ 2027 થી લાગુ પડશે.આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય કારની ઈંધણ કાર્યક્ષમતા એટલે કે માઈલેજ વધારવાનો અને પર્યાવરણને પ્રદૂષણથી બચાવવાનો છે. આનાથી ઈથેનોલ, હાઈબ્રિડ અને EV કાર સસ્તી થઈ શકે છે અને વધુ પ્રદૂષણ ફેલાવતી પેટ્રોલ-ડીઝલ કાર મોંઘી થઈ શકે છે.સસ્તી કેમ થઈ શકે છે નવી નીતિમાં સરકાર કંપનીઓને EV અને હાઈબ્રિડ કાર વેચવા પર 'સુપર ક્રેડિટ' આપશે. જો કોઈ કંપની એક ઈલેક્ટ્રિક કાર વેચે છે, તો તેને કાગળ પર 3 કાર બરાબર ગણવામાં આવશે. એક હાઈબ્રિડ કારને 1.6 કાર બરાબર ગણવામાં આવશે. આનાથી કંપનીઓ માટે પોતાનું પ્રદૂષણ ઘટાડવાનું લક્ષ્ય પૂરું કરવું સરળ બનશે. આવા કિસ્સામાં, કંપનીઓ આ કારને આકર્ષક કિંમતો અથવા ઑફર્સ સાથે વેચી શકે છે જેથી તે વધુ વેચાય.

મોંઘી કેમ થઈ શકે છે: વધુ પ્રદૂષણ ફેલાવતી (એટલે કે ઓછી માઈલેજવાળી) કાર કંપનીઓ માટે મુશ્કેલી બનશે. જો કોઈ કંપનીની કારનું સરેરાશ પ્રદૂષણ નિર્ધારિત મર્યાદા કરતાં વધુ હોય, તો તેને નુકસાન થશે.આ નુકસાન ભરવા માટે કંપનીઓએ અન્ય કંપનીઓ અથવા સરકાર પાસેથી ક્રેડિટ ખરીદવી પડશે, જેની કિંમત પ્રતિ ગ્રામ કાર્બન ડાયોક્સાઈડ 2,500 રૂપિયાથી લઈને 4,500 રૂપિયા સુધી હશે.કંપનીઓ આ ભારે દંડનો બોજ પોતાની પાસેથી નહીં ભોગવે, પરંતુ તેઓ વધુ પ્રદૂષણવાળી કારોની કિંમત વધારીને ગ્રાહકો પાસેથી વસૂલશે.આ ફેરફારોથી ઓટો કંપનીઓની સંપૂર્ણ રણનીતિ બદલાઈ જશે. તેઓ પર્યાવરણને અનુકૂળ ટેકનોલોજીવાળા મોડેલ વધુ લોન્ચ કરશે. પેટ્રોલ-ડીઝલ મોડેલ પાછળ રહી જશે.E85 અને E100 ઈથેનોલવાળી કાર લેવા પર પણ ફાયદો થશેE85, E100 કાર પર શું અસર થશે? ફ્લેક્સ ફ્યુઅલ કાર એટલે કે 85%-100% સુધી ઈથેનોલ પર ચાલતી પેટ્રોલ કાર. તેમને 22.3% ની છૂટ મળશે. કંપની એક ફ્લેક્સ ફ્યુઅલ કાર વેચશે તો કાગળો પર 1.1 બરાબર ગણવામાં આવશે.E20 પેટ્રોલ કારો કેવી રીતે પ્રભાવિત થશે? નવી પોલિસીમાં જો તમે E20 વાળી કાર ખરીદો છો, તો સરકાર કંપનીના ખાતામાં તે કારમાંથી નીકળતા ધુમાડા (CO2) ને 8% ઓછો ગણશે. એટલે કે



પ્રદૂષણના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદરૂપ થશે. E20 વાળી કારો સસ્તી હશે કે મોંઘી? કારોમાં ઈંધણ બચાવતી નવી ટેક્નીકો (જેમ કે ટાયર પ્રેશર મોનિટરિંગ, એલઈડી લાઈટ્સ, બહેતર ગિયરબોક્સ) ફરજિયાત હશે. શરૂઆતની કિંમત વધી શકે છે.શું જૂની કાર પર કોઈ અસર પડશે? ના. આ નિયમ ફક્ત 1 એપ્રિલ 2027 પછી બનતી અથવા વિદેશથી આયાત થતી નવી કારો (M1 કેટેગરી) પર જ લાગુ કરવામાં આવશે.શું કારોનું ગિયર સિસ્ટમ પણ બદલાશે? પોલિસીમાં 6-સ્પીડ અથવા તેનાથી વધુ ગિયરવાળા બોક્સને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, કારણ કે તે 5% સુધી તેલ બચાવે છે.શું માઈલેજ અલગ રીતે માપવામાં આવશે? હા, હવે ભારત જૂની MIDC સિસ્ટમથી હટીને વૈશ્વિક સ્તરના WLTP તરફ આગળ વધશે, જે વાસ્તવિક માઈલેજની વધુ નજીક છે.કંપનીઓની 'પાસબુક' નો શું અર્થ? દરેક કંપનીનું એક ખાતું હશે, જેને 'પાસબુક' કહેવામાં આવશે. તેમાં તેમના સારા પ્રદર્શન (ક્રેડિટ) અથવા ખરાબ પ્રદર્શન (ડિબિટ) નો સંપૂર્ણ હિસાબ હશે.શું 'ક્રેડિટ' ખરીદી-વેચી શકાશે? હા, પોલિસીમાં 'પૂલિંગ' નો વિકલ્પ છે, વધુ ક્લીન કાર વેચતી કંપની બીજી કંપનીને બચત વેચી શકે છે. નવા નિયમો કોના પર લાગુ નહીં પડે? જે કંપનીઓ વર્ષમાં 1,000થી ઓછી કાર વેચે છે, તેમને આમાંથી છૂટ મળશે. આ પોલિસીનો અંતિમ લક્ષ્ય શું છે? સરકારનો ઉદ્દેશ્ય ભારતની તેલ આયાત પર નિર્ભરતા ઘટાડવી, ઊર્જા સુરક્ષા વધારવી અને 2070 સુધીમાં નેટ-ઝીરો ઉત્સર્જન લક્ષ્ય હાંસલ કરવું છે. શું ડીઝલ કારો બંધ થઈ શકે છે? નવી પોલિસી ડીઝલ કારો બંધ થવાની વાત નથી કહેતી, પરંતુ તેમને કંપનીઓ માટે 'નુકસાનકારક સોદો' બનાવી દે છે. ડીઝલને પેટ્રોલની જેમ ફિક્સ છૂટ મળતી નથી. તેને વધુ ઈંધણ પીનાર માનવામાં આવે છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2082, અષાઢ વદ - 12

# મહિલા અનામત બાબતે રાહુલ ગાંધીના સોંસરા સવાલ

નવીદિલ્હીમાં કેન્દ્રીય મંત્રી કિરણ રીજ્જુના નિવેદન પર રાહુલ ગાંધીએ મહિલા અનામત બિલ, 2023 લાગુ ન થવા અંગે સરકારને સવાલ કર્યો છે. તેમણે બિલને સીમાંકન સાથે જોડવા સામે વાંધો ઉઠાવ્યો છે અને કોઈપણ શરત વગર તાત્કાલિક લાગુ કરવાની માંગ કરી છે. સુપ્રીમ કોર્ટની ટિપ્પણી અને પીએસઆઈના વર્તન પર અભિજીત દિપકે નારાજ થયા. સુખબીર બાદલ અને પીએમ મોદીની મુલાકાત હરિયાણાના સીએમ સૈનીએ ગોઠવી હતી.કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરણ રીજ્જુએ કોંગ્રેસને ટોણો માર્યો હતો કે, કોંગ્રેસને મહિલા અનામત બીલને કોઈપણ શરત વગર ટેકો આપવા માટે કહેવામાં આવ્યું હતું. આ બાબતે હવે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને સવાલ કર્યો છે કે, આ કાયદો લાગુ કરવાની પ્રક્રિયાને લોકસભામાં સિમાંકની પ્રક્રિયા સાથે શા માટે જોડવામાં આવે છે. રાહુલે 'નારી શક્તિ વંદન અધિનિયમ, ૨૦૨૩'ને કોઈપણ શરત વગર લાગુ કરવાની માંગણી કરી છે. રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'રીજ્જુ સંસદીય કાર્યમંત્રી તરીકે તમારાથી વધુ કોણ જાણે છે કે, મહિલા અનામત બીલ, ૨૦૨૩ પહેલા જ કોંગ્રેસના સમર્થનથી પસાર થઈ ચૂક્યું છે. સવાલ એ છે કે ત્રણ વર્ષ પછી પણ એને લાગુ કરવામાં કેમ નથી આવતું? આ બીલને કારણ વગર સિમાંકન સાથે શા માટે જોડવામાં આવે છે? ૨૦૨૩નો કાયદો લાગુ કરો. કોઈપણ શરત વગર.'કોકરોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિજીત દિપકેએ સુપ્રિમ કોર્ટની ટીપ્પણીની ટીકા કરી છે. સુપ્રિમ કોર્ટે ટીએમસીના સાંસદ મહોઆ મોઈત્રાની અરજી પર સુનાવણી વખતે ટીપ્પણી કરી હતી. સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે, દેશને અંગ્રેજો સામે આઝાદ કરનાર લડવૈયાઓ ગોળીથી ડર્યા નહોતા તો તમે ઈંડાથી કેમ ડરી ગયા. દિપકેનું કહેવું છે કે સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ વિરોધપક્ષના નેતાઓ વિરુદ્ધ આ પ્રકારના નિવેદન આપે છે તો સામાન્ય માણસ માટે કોઈ આશા રહેતી નથી. મોઈત્રાએ ફેસબુક પર મૂકેલી એક કહેવાતી ભડકાઉ પોસ્ટ સાથે જોડાયેલા એક કેસમાં વીડિયો કોન્ફરન્સીંગથી પોલીસ પૂછપરછમાં સામેલ થવાની પરવાનગી માંગી હતી. સુપ્રિમ કોર્ટે મહોઆની અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શિરોમણી અકાલી દળ (બાદલ)ના પ્રમુખ સુખબીર બાદલ વચ્ચે કઈ રીતે મીટીંગ થઈ એ વાત હવે બહાર આવી છે. બંને વચ્ચે મીટીંગ ગોઠવનાર હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની છે. વડાપ્રધાન મોદી સાથે મીટીંગ કરતા પહેલા સુખબીર બાદલ મુખ્યમંત્રી સૈનીને ચંદીગઢ ખાતે મુખ્યમંત્રી નિવાસ 'સંત કબીર કુટીર'માં મળ્યા હતા. આ મીટીંગમાં બંને વચ્ચે વિધાનસભાની ચૂંટણી પહેલા ગઠબંધન તેમજ લોકસભામાં સિમાંકન અને મહિલા અનામત બીલને ટેકો આપવા વિશે વાત થઈ હતી. ભાજપને લોકસભામાં સિમાંકન તેમજ મહિલા અનામત બીલ માટે અકાલી દળનું સમર્થન જોઈએ છે. અકાલી દળને પણ રાજકારણમાં ટકી રહેવા માટે પંજાબમાં ભાજપના ટેકાની જરૂર છે. આ મીટીંગ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાતની પૂર્વ ભૂમિકા તૈયાર કરવામાં આવી હતી.જનસુરાજ પક્ષના સ્થાપક અને બાકીપુરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા પ્રશાંત કિશોરના આક્ષેપો બાબતે ભરત તિવારીના ભાઈ ચંદન તિવારીએ પ્રતિ ઉત્તર આપ્યો છે. પ્રશાંત કિશોરે આક્ષેપ કર્યો હતો કે, ભરત તિવારીના કુટુંબે સમ્રાટ ચૌધરીની સરકારને ૫૦ લાખ રૂપિયા આપ્યા હતા. ભરત તિવારીના ભાઈ ચંદન તિવારીએ કહ્યું હતું કે આ આરોપ તથ્યહિન છે એમાં કોઈ સચ્ચાઈ નથી. જો પ્રશાંત કિશોર પાસે કોઈ સાબિતી હોય તો એમણે લોકો સમક્ષ સાબિત કરવું જોઈએ કે અમે સરકારને ૫૦ લાખ રૂપિયા આપ્યા હતા. પ્રશાંત કિશોરે અમને ભરોસો આપ્યો હતો કે, ૧૦-૧૫ દિવસોમાં ન્યાય મળશે, પરંતુ ત્યાર પછી તેઓ ગાયબ થઈ ગયા અને અમારા ફોનના જવાબ આપવાનું પણ બંધ કરી દીધું. એમના કોઈ માણસે એમને ફોન કરીને કહ્યું હતું કે જો અમારે ન્યાય જોઈતો હોય તો એમને માટે પ્રચાર કરવો પડશે. જો તેઓ આક્ષેપ સાબિત નહીં કરે અને માફી નહીં માંગે તો એમની સામે હું એફઆઈઆર દાખલ કરાવીશ.તામિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજય અને એમના પત્ની સંગીતા વચ્ચે ઘણા વર્ષોથી છૂટાછેડાનો કેસ ચાલી રહ્યો હતો. વિજય હવે મુખ્યમંત્રી બન્યા છે અને અંગત જીવનનો વિવાદ લાંબો ચાલે તો રાજકીય રીતે એમને નુકસાન થઈ શકે એમ છે. વિજય અને એમના પત્ની અલગ થવાની વાતો હતી, પરંતુ હવે સંગીતાએ ચેંગલપટ્ટુ કોર્ટમાં દાખલ કરેલી છૂટાછેડાની અરજી પરત ખેંચી છે. કોર્ટે પણ આ કેસ બંધ કરી દીધો છે.







# સ્વચ્છતા એ સેવા છે, સ્વચ્છતા એ સંસ્કાર છે

અમદાવાદ | સાપ્તાહિક સ્વચ્છતા કાર્યક્રમ અંતર્ગત પાટણ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભાવિકભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આજે ચાણસ્મા બસ સ્ટેશન ખાતે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ચાણસ્મા ભાજપ તાલુકા પ્રમુખ કિરણભાઈ જાની, ચાણસ્મા નગરપાલિકા પ્રમુખશ્રી પ્રતીક્ષાબેન, તાલુકા ઉપપ્રમુખશ્રી શિલ્પાબેન, ચાણસ્મા ડેપો મેનેજરશ્રી, વિનયસિંહ ઝાલા, શહેર પ્રમુખશ્રી જયભાઈ પટેલ સહિત આગેવાનો, માન્ય સંગઠન ના આગેવાન તેમજ ડેપો સ્ટાફ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

શ્રમદાન થકી સ્વચ્છતા જાળવવા માટે ડ્રાઈવર, કંડક્ટર, મિકેનિક સ્ટાફ તેમજ મુસાફર જનતાને સ્વચ્છતા જાળવવા અપીલ કરવામાં આવી.

ડેપો પરિસરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો.

બસ સ્ટેશન પરથી કાર્યરત થતી ટ્રિપની બસોમાં સફાઈ હાથ ધરવામાં આવી.

સ્વચ્છતા કર્મચારીઓનું ફૂલછડી અને શાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

ડેપો સ્ટાફ દ્વારા સ્વચ્છતા અંગેના સ્લોગન સાથે મુસાફર જનતાને સ્વચ્છતા જાળવવા અપીલ કરવામાં આવી.

આવો, સ્વચ્છ ચાણસ્મા અને સ્વચ્છ ગુજરાતના સંકલ્પને સાકાર કરવા સૌ સાથે મળીને યોગદાન આપીએ.

સ્વચ્છતા_અભિયાન ★સાપ્તાહિક_સ્વચ્છતા ★સ્વચ્છ_ચાણસ્મા ★સ્વચ્છ_ગુજરાત ★શ્રમદાન ★SwachhBharat

# જાલુ ગામે મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે આરોગ્ય વિભાગની સઘન કામગીરી

## ઘરોમાં IRS સ્પ્રે, પાણીના પાત્રોમાં પોરાની તપાસ અને વરસાદી ખાડા-ખાબોચિયામાં દવાનો છંટકાવ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના ફુલાય પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ આવતા જાલુ ગામે મચ્છરજન્ય રોગોના અટકાવ અને ગ્રામજનોના આરોગ્યની સુરક્ષા માટે આરોગ્ય વિભાગ દ્વારા ઈન્ડોર રેસિડ્યુઅલ સ્પ્રે (IRS) ની વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેષ ભંડેરી તથા જિલ્લા મેલેરિયા અધિકારી ડો. કેશવકુમાર સિંગના આદેશથી અને તાલુકા આરોગ્ય અધિકારી ડો. અવધકીશોર પ્રસાદના માર્ગદર્શન હેઠળ ગામમાં ઘરોમાં આલ્ફા સાયપરમેથ્રીન દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. આ કામગીરીનો મુખ્ય હેતુ મચ્છરોના ઉપદ્રવને નિયંત્રિત કરી મેલેરિયા સહિતના મચ્છરજન્ય રોગોના ફેલાવાને અટકાવવાનો હતો.

આ સાથે ગામમાં વિવિધ પાણીના પાત્રોની તપાસ કરી તેમાં મચ્છરના પોરા જોવા મળતા સ્થળોએ એબેટ સોલ્યુશન નાખવામાં આવ્યું હતું. તેમજ ઘરોની આસપાસના વરસાદી પાણીના ખાડા-ખાબોચિયા અને અન્ય પેરાડોમેસ્ટિક વિસ્તારોમાં નેપ્સેક સ્પ્રેયરની મદદથી ડાયફ્લુબેન્ઝુરોન દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.





આ કામગીરીમાં MPHS શ્રી દશરથદાન ગઢવી, MPHW શ્રી જયદીપભાઈ તથા શ્રી પ્રકાશભાઈ, મોટી વિરાણી એમ્બ્યુલન્સના ડ્રાઈવર શ્રી વસંતભાઈ, સ્થાનિક આશા વર્કર બહેનો અને સ્પ્રેઈંગ ટીમ દ્વારા મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી હતી.

સમગ્ર કામગીરીનું સઘન મોનિટરિંગ અને સુપરવિઝન TMPHS શ્રી રિયાઝભાઈ શેખ તથા MTS શ્રી અંજનીકુમાર રાય દ્વારા કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગની આ કામગીરીથી જાલુ ગામમાં મચ્છરોના નિયંત્રણ સાથે મચ્છરજન્ય રોગો સામે આગોતરી તકેદારીના પગલાં લેવામાં આવ્યા હતા.

# અમદાવાદ થી દેલમાલ સામાજિક કામે રીક્ષા લઈ જતાં મીઠી ધારી ચાલ નજીક સાપને બચાવવા જતાં રીક્ષા ઝાડ સાથે અથડાઈ



અમદાવાદ | રીક્ષામાં સવાર ઈજાગ્રસ્ત મુસાફરોને ચાણસ્મા આરોગ્ય કેન્દ્ર બાદ વધુ સારવાર અર્થ ધારપુર ખસેડાયા. અમદાવાદથી રિક્ષા લઈને દેલમાલ ગામે સામાજિક કામ અર્થે જઈ રહેલ ઠાકોર પરિવાર સવારે ૯ વાગ્યા ની આસપાસ મોઢેરા - મીઠી ધારીયાલ રોડ પર પસાર થઈ રહ્યા હતા દરમિયાન રોડ વચ્ચે સાપ આડો ઉત્તરતા બચાવવા જતા રીક્ષા રેડની સાઈડમાં ઉતરી જઈ ઘટાકાભેર ઝાડ સાથે અથડાતાં રીક્ષામાં સવાર મુસાફરોને આજુબાજુના ખેતરમાં કામ કરતા ખેડૂતો દોડી ઈજાગ્રસ્ત મુસાફરો ને મેડીકલ વાન મારફતે ચાણસ્મા આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા બાદમાં વધુ સારવાર માટે ધારપુર ખાતે ખસેડાયા હતા.




# VYOE (વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન એજયુકેશન) મણિનગર સેન્ટર દ્વારા હિંડોળાનું અને 15 ઓગસ્ટનું આયોજન

અમદાવાદ | અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં આવેલા વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન એજ્યુકેશન (VYOE) સેન્ટર દ્વારા તાજેતરમાં શ્રાવણ માસના પવિત્ર હિંડોળા ઉત્સવ અને ૧૫મી ઓગસ્ટ - સ્વાતંત્ર્ય પર્વની એકસાથે ખૂબ જ હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ વિશેષ કાર્યક્રમમાં ધાર્મિક આસ્થાની સાથે સાથે રાષ્ટ્રીય ભાવનાનો અદભુત સમન્વય જોવા મળ્યો હતો, જેમાં સંસ્થાના બાળકો, વાલીઓ અને હરિભક્તોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.મીડિયા અહેવાલ અનુસાર, વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન એજ્યુકેશન (VYOE) મણિનગર સેન્ટર ખાતે સ્વાતંત્ર્ય પર્વની વિશેષ ઉજવણીના ભાગરૂપે પ્રભુ માટે ખાસ ત્રિરંગા રંગના આકર્ષક ફૂલોનો હિંડોળો તૈયાર કરવામાં આવ્યો હતો.બાળકો અને વાલીઓનો ઉત્સાહ: દેશના રાષ્ટ્રધ્વજના ત્રણ રંગો - કેસરી, સફેદ અને લીલા રંગના તાજા ફૂલોથી અત્યંત સુંદર રીતે શણગારવામાં આવેલા આ હિંડોળાના દર્શન કરીને સૌ કોઈ ભાવવિભોર થઈ ગયા હતા. સેન્ટરના નાના ભૂલકાઓએ ખૂબ જ ખુશી અને આનંદથી પ્રભુને આ ત્રિરંગા હિંડોળામાં ઝુલાવ્યા હતા.ભક્તિમય માહોલ: બાળકોની સાથે તેમના વાલીઓએ પણ આ ઉત્સવમાં જોડાઈને હિંડોળાના સુમધુર પદો અને કીર્તનોનું ગાન કર્યું હતું.

# ભુજની પી.સી.વી. હાઈસ્કૂલમાં ધોરણ 10 પછીના ભવિષ્ય માટે કારકિર્દી માર્ગદર્શન અપાયું

મહેશ એલ. સોની, નખત્રાણા

શિક્ષણ અને કારકિર્દીના ક્ષેત્રે વિદ્યાર્થીઓને યોગ્ય દિશા મળે તે હેતુથી શ્રીમતી પી.સી.વી. મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ, ભુજ-કચ્છ ખાતે તા. 28/07/2026 ના રોજ ધોરણ 10 પછીના અભ્યાસક્રમો તથા ચાર્ટર્ડ એકાઉન્ટ (C.A.) અંગે વિશેષ કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) ના પ્રતિનિધિ તરીકે CA ચેતનાબેન ઠક્કર (CA, DISA, http://B.Com.) મુખ્ય અતિથિ અને માર્ગદર્શક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યશ્રી ડો. ચેતનભાઈ આઈ. બારમેડા અને શાળા પરિવાર દ્વારા પ્રતિક ભેટ આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.




ચેતનાબેને વિદ્યાર્થીઓને કોમર્સ ક્ષેત્રમાં રહેલી અસંખ્ય તકો, C.A. બનવા માટેની લાયકાત, પરીક્ષાના 3 તબક્કા, અભ્યાસની વૈજ્ઞાનિક પદ્ધતિ અને કારકિર્દીની વિશાળ તકો વિશે અત્યંત સરળ અને રસપ્રદ રીતે માહિતી આપી હતી. PDF અને વીડિયો ક્લિપના માધ્યમથી વિષયને વધુ સ્પષ્ટ કરવામાં આવ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને 'નાનપણથી જ લક્ષ્ય નક્કી કરીને મહેનત કરો' તેવી પ્રેરણા આપી હતી.

કાર્યક્રમ દરમિયાન યોજાયેલી પ્રશ્નોત્તરીમાં ઉત્સાહપૂર્વક ભાગ લેનાર અંશુ ઠાકુર, અદીતીસિંહ અને કાદરી અસ્દુલને યોગ્ય જવાબ આપવા બદલ પ્રોત્સાહનરૂપ ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડો. ચેતનભાઈ બારમેડા અને શાળા પરિવારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું, જ્યારે સુંદર સંચાલન શાળાના B.Ed. ના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાના સ્ટાફગણ માંથી રમેશભાઈ મતિયા, દિનેશભાઈ પાનસરા તથા દુષ્યંતભાઈ વોરા ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ટ્રસ્ટીશ્રીઓ વાડીલાલભાઈ સાવલા, પંકજભાઈ મહેતા, સંદીપભાઈ દોશી, હસ્મિ

બેન દોશી તથા જયભાઈ મહેતા દ્વારા કાર્યક્રમની સફળતા બદલ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. અંતે શ્રી દુષ્યંતભાઈ વોરા દ્વારા શાળા પરિવાર અને સમગ્ર સ્ટાફ તરફથી ઉપસ્થિત સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઓસ્ટ્રેલિયાની ધરતી પર નવ વર્ષની માહીએ જગાવ્યો રાષ્ટ્રપ્રેમનો જ્વલંત સંદેશ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯ જુનાગઢની ધરતી સાથે જોડાયેલા અને જનસંઘના સંસ્કારોથી સિંચાયેલા પરિવારની ત્રીજી પેઢીએ ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભારતીય સંસ્કૃતિ, માતૃભક્તિ અને રાષ્ટ્રપ્રેમનો એવો અવિસ્મરણીય સંદેશ આપ્યો કે ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પણ ભાવવિભોર બની ગયા હતા. આ પ્રસંગ આજે પણ ત્યાં ઉપસ્થિત ભારતીયો માટે ગૌરવની ક્ષણ તરીકે યાદ કરવામાં આવે છે. મૂળ જુનાગઢના વતની અને જનસંઘના વરિષ્ઠ કાર્યકર પિયુષભાઈ દેસાઈએ પોતાના રાજકીય જીવન દરમિયાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે જનસંઘના સમયમાં કાર્ય કર્યું હતું. રાષ્ટ્રપ્રેમ અને સંઘના સંસ્કારો ને જીવનમૂલ્ય બનાવનાર આ પરિવારના પુત્ર શ્રી જીજ્ઞેશ દેસાઈ વર્ષ ૨૦૦૮થી ઓસ્ટ્રેલિયા માં સ્થાયી થયા છે. વિદેશમાં વસવાટ છતાં તેમણે પોતાના પરિવારને ભારતીય સંસ્કૃતિ, રાષ્ટ્રીય ગૌરવ અને સંસ્કારો સાથે સતત જોડીને રાખ્યો છે. ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ગયા હતા ત્યારે મેલબોર્નના માર્વેલ સ્ટેડિયમ ખાતે ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રીશ્રી એન્થની આલ્બનીઝની ઉપસ્થિતિમાં ભારતીય સમુદાયને સંબોધવા ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ ઐતિહાસિક કાર્યક્રમમાં બ્રિસબેનથી શ્રી જીજ્ઞેશ દેસાઈ પોતાની નવ વર્ષની પુત્રી માહી દેસાઈને સાથે લઈને ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં સૌનું ધ્યાન નાની માહી તરફ ગયું હતું. માહીએ પહેરેલા સફેદ ટી-શર્ટના આગળના ભાગમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા તેમના પૂજ્ય માતા હીરાબાનો ફોટો છપાવેલો હતો, જ્યારે પાછળના ભાગમાં મોદીજીના ચિત્ર સાથે લખેલું હતું - 'એક હી દેશ હૈ ભારત, જો વિશ્વ કી મહાસત્તા બનને જા રહા હૈ.' કાર્યક્રમ દરમિયાન જ્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રીશ્રી એન્થની આલ્બનીઝ ઉપસ્થિત લોકોને અભિવાદન સ્વીકારતા આગળ વધી રહ્યા હતા, ત્યારે શ્રી મોદીની નજર અચાનક નાની માહી પર પડી. તેઓ તરત જ ત્યાં રોકાઈ ગયા અને માહીના ટી-શર્ટ પર દર્શાવાયેલા પોતાની માતા હીરાબાના ચિત્ર તરફ આલ્બનીઝનું ધ્યાન દોર્યું. તેમણે હીરાબાના જીવનમૂલ્યો અને સંસ્કારો વિશે સંક્ષિપ્ત પરિચય પણ આપ્યો. ત્યારબાદ ટી-શર્ટની પાછળ લખાયેલા સંદેશને જોઈ પ્રધાનમંત્રીશ્રી મોદી એ આલ્બનીઝને કહ્યું કે, 'જુઓ... આ છે અમારો રાષ્ટ્રપ્રેમ.' આ શબ્દો સાથે સમગ્ર વાતાવરણ ગર્વ અને ભાવનાથી છલકાઈ ઊઠ્યું. બંને દેશોના પ્રધાનમંત્રીઓએ નાની માહીને પોતાના પાસે બોલાવી સ્નેહપૂર્વક આશીર્વાદ આપ્યા, તેની પ્રશંસા કરી અને આ અનોખા રાષ્ટ્રપ્રેમના પ્રદર્શનને હૃદયપૂર્વક બિરદાવ્યું. આ ક્ષણે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ સ્પષ્ટપણે ભાવવિભોર થઈ ગયા હતા. આ મુલાકાત દરમિયાન માહી દેસાઈ સાથે તેમના પિતાશ્રી જીજ્ઞેશ દેસાઈ તેમજ શ્રી ચેતનભાઈ શર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર ઘટનાને





વિક્ટોરિયા રાજ્યની અનેક અગ્રણી ટેલિવિઝન ચેનલો તથા અખબારોએ વિશેષ સ્થાન આપી ભારતીય સંસ્કૃતિ, પરિવારના સંસ્કારો અને રાષ્ટ્રપ્રેમની અનોખી અભિવ્યક્તિ તરીકે સરાહના કરી હતી.આ ગૌરવપૂર્ણ સમાચાર જુનાગઢ પહોંચતા ભારતીય જનતા પાર્ટી જુનાગઢ મહાનગર અધ્યક્ષશ્રી ગૌરવભાઈ રૂપારેલિયા, જુના જનસંઘીશ્રી જીતુભાઈ ભીંડી તથા શહેરના આગેવાનોએ નાની માહી દેસાઈને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વિદેશની ધરતી પર પણ ભારતીય સંસ્કૃતિ, માતૃભક્તિ અને રાષ્ટ્રપ્રેમને જીવંત રાખનારી માહી સમગ્ર સમાજ માટે પ્રેરણાનું પ્રતિક બની છે. નવ વર્ષની એક બાળકી દ્વારા વ્યક્ત થયેલો આ નિર્દોષ પરંતુ પ્રખર રાષ્ટ્રપ્રેમ એ માત્ર એક પરિવારનો ગૌરવ નથી, પરંતુ સમગ્ર ભારત માટે ગર્વની ક્ષણ છે. આવી પેઢી જ ભારતના ઉજ્જવળ ભવિષ્ય અને વિશ્વગુરુ બનવાના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે.

# રાજ્યકક્ષાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત મદદનીશ મત્સ્યોદ્યોગ કચેરી દ્વારાજાફરાબાદમાં 'દરિયા પૂજન' કાર્યક્રમ યોજાયો

કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અંતર્ગત આયોજિત પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટી હેઠળ અમરેલી જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, જાફરાબાદ દ્વારા શનિવાર, તા. ૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ 'દરિયા પૂજન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જાફરાબાદ ખાતે



ટી-જેટી પર યોજાયેલા આ કાર્યક્રમમાં પરંપરાગત રીતિ-રિવાજ અને ધાર્મિક ભાવના સાથે દરિયા દેવનું પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મત્સ્યખેડૂતો તથા દરિયાઈ વ્યવસાય સાથે સંકળાયેલા સાગરખેડૂ ના જીવનમાં સમૃદ્ધિ, સુરક્ષા અને શાંતિ જળવાઈ રહે તેમજ આગામી દિવસોમાં સુખાકારી અને પ્રગતિ વધે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પૂર્વે યોજાયેલ આ 'દરિયા પૂજન' કાર્યક્રમ દ્વારા અમરેલી જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારની પરંપરા, સંસ્કૃતિ અને દરિયા સાથેના લોકોના આત્મીય સંબંધને ઉજાગર કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મત્સ્યોદ્યોગ વિભાગના અધિકારી કર્મચારીઓ તથા દરિયાઈ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતમાં વિદેશી યુનિવર્સિટીઓ મર્યાદિત વિકલ્પ છતાં અધધ ફી !

બ્રિટન, ઓસ્ટ્રેલિયા, અને અમેરિકાની 13 યુનિવર્સિટીઓએ ભારતમાં 91 પ્રોગ્રામ્સ શરૂ કર્યા છે. RBIના ડેટા મુજબ, 2025માં ભારતીયોએ આંતરરાષ્ટ્રીય શિક્ષણ પાછળ $3.71 બિલિયન ખર્ચ્યા. ભારતમાં અંડરગ્રેજ્યુએટ ફી સરેરાશ 13.3 લાખ રૂપિયા અને પોસ્ટગ્રેજ્યુએટ ફી 17.2 લાખ રૂપિયા છે. જોકે, ઊંચી ફી અને રોજગારની અનિશ્ચિતતાને કારણે ધાર્યું પરિણામ મળતું નથી. આરબીઆઈના આ ડેટાના વિશ્લેષણ થકી સામે આવ્યું છે કે, ભારતીય પરિવારો અને વિદ્યાર્થીઓએ ૨૦૨૫માં આંતરરાટ્રીય શિક્ષણ પાછળ અંદાજે ૩.૭૧ અબજ ડૉલર ખર્ચ્યા હતા, જે ૨૦૧૮માં થયેલા ૨.૮૩ અબજ ડોલરના ખર્ચની સરખામણીએ ૩૧ ટકાનો વધારો દર્શાવે છે : ૧૩ યુનિવર્સિટીઓ દ્વારા ઓફર કરવામાં આવતા ૯૧ પ્રોગ્રામ્સના ડેટા વિશ્લેષણ દર્શાવે છે કે અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ માટે સરેરાશ ટ્યુશન ફી લગભગ ૧૩.૩ લાખ રૂપિયા છે, જેની રેન્જ ૭.૫ લાખ રૂપિયાથી ૧૭.૯ લાખ રૂપિયા વચ્ચે છે. તેવી જ રીતે આ યુનિવર્સિટીઓમાં પોસ્ટગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ માટે, સરેરાશ ફી ૧૭.૨ લાખ રૂપિયા જેવી છે જે સરેરાશ ૧૨.૫ લાખ રૂપિયાથી ૨૩.૧ લાખ રૂપિયાની રેન્જમાં આવે છેભારતીયોમાં વિદેશ જઈને નોકરી કરવાની જે મહેચ્છા હતી તે તો આજેય અકબંધ છે પણ છેલ્લાં દોઢેક દાયકાથી વિદેશમાં જઈને ભણવાનો અને ત્યાં સ્થાયી થવાનો ટ્રેન્ડ પણ એટલો જ ડિમાન્ડમાં ચાલી રહ્યો છે. તેમાંય છેલ્લાં એક દાયકામાં મધ્યમ વર્ગે આંતરરાષ્ટ્રીય શિક્ષણ પાછળ લાખો રૂપિયા ખર્ચવાનું શરૂ કરી દીધું છે. દર વર્ષે લાખો યુવાનો દુનિયાભરના દેશોમાં અભ્યાસ માટે જાય છે. બીજી તરફ છેલ્લાં બે-ત્રણ વર્ષમાં જિયોપોલિટિકલ ડેવલપમેન્ટ થયા છે તેના કારણે ઘણા દેશોમાં રહેવું, ભણવું અને સ્થાયી થવું અત્યંત મુશ્કેલ બની ગયું છે. ખાસ કરીને અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને બ્રિટને પોતાના નિયમો કડક કર્યા બાદ ભારતીયો ત્યાં જવામાં ખચકાય છે અને અભ્યાસ પછી પણ નોકરી માટે મુશ્કેલીઓ વધી છે.ભારતના મધ્યમવર્ગે હવે વિદેશમાં જઈને વિદેશી ડિગ્રી લેવાનું ઓછું કરવાની શરૂઆત કરી ત્યાં જ વિદેશી યુનિવર્સિટીઓએ છેલ્લાં બે-ચાર વર્ષમાં ભારતમાં પ્રવેશ કરવાની શરૂઆત કરી લીધી છે. ખાસ કરીને ભારતના વિસ્તરતા મધ્યમ વર્ગે આંતરરાષ્ટ્રીય શિક્ષણની માંગને વેગ આપ્યો છે, જેને ઉત્તમ જીવનશૈલી અને કારકિર્દીના માર્ગ તરીકે જોવામાં આવે છે. તાજેતરમાં




રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો એક અભ્યાસ બહાર આવ્યો હતો જેણે લોકોની વિચારધારા અને વિદેશી ડિગરી પાછળ થતા ખર્ચની તસવીર રજૂ કરી હતી. આરબીઆઈના આ ડેટાના વિશ્લેષણ થકી સામે આવ્યું છે કે, ભારતીય પરિવારો અને વિદ્યાર્થીઓએ ૨૦૨૫માં આંતરરાષ્ટ્રીય શિક્ષણ પાછળ અંદાજે ૩.૭૧ અબજ ડૉલર્ રખર્ચ્યા હતા, જે ૨૦૧૮માં થયેલા ૨.૮૩ અબજ ડૉલરના ખર્ચની સરખામણીએ ૩૧ ટકાનો વધારો દર્શાવે છે.જો કે, કડક થતા વીઝા, રોજગાર અને ઈમિગ્રેશન નિયમોની સાથે ભારતીય રૂપિયાના મૂલ્યમાં સતત ઘટાડા એટલે કે, રૂપિયાના અવમૂલ્યનને કારણે વિદેશમાં અભ્યાસના વધતા ખર્ચને લીધે ઘણા ભારતીય વિદ્યાર્થીઓ પરંપરાગત ચાર મુખ્ય દેશો યુ. એસ., યુ.કે., ઓસ્ટ્રેલિયા અને કેનેડા સિવાયના વિકલ્પો પર વિચાર કરવા મજબૂર બન્યા છે. બીજી તરફ આ દેશોમાં ભારતીયોએ જવાનું ઘટાડયું હોવાથી ત્યાંની યુનિવર્સિટીઓએ ભારતમાં આવીને કામગીરી શરૂ કરી છે. હવે ભારતીય વિદ્યાર્થીઓ ભારતમાં જ રહીને વિદેશી યુનિવર્સિટીઓમાં શિક્ષણ મેળવી શકે છે. જ્યારે વિદ્યાર્થીઓ માટે વિદેશ જવાના વિકલ્પો મર્યાદિત થઈ રહ્યા છે અને શિક્ષણમાં કરેલા રોકાણનું વળતર મેળવવાની અનિશ્ચિતતા વધી રહી છે, ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓને વૈકલ્પિક રસ્તાઓની જરૂર વધારે ઊભી થઈ છે. જાણકારોના મતે નવી નિયામક ફ્રેમવર્ક હેઠળ ભારતમાં જ વિદેશી યુનિવર્સિટીઓનું આગમન થવા લાગ્યું છે. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને અનુસરીને, ‍ૈંખ્ સિટી માટે ‍ૈંખજીભછ દ્વારા (ઓક્ટોબર ૨૦૨૨) અને ‍ેંય્ભ દ્વારા (નવેમ્બર ૨૦૨૩) નિયમો બહાર પાડવામાં આવ્યા હતા, જે વૈશ્વિક સ્તરે ટોચના ૫૦૦માં રેન્કિંગ સ્થાન ધરાવતી વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં પોતાના કેમ્પસ સ્થાપવાની મંજૂરી આપે છે. આ નિયમો વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં કેમ્પસ સ્થાપવા, પોતાના અભ્યાસક્રમો ડિઝાઈન કરવા, પોતાની ફી નક્કી કરવા અને પોતાની ડિગ્રી એનાયત કરવાની છૂટ આપે છે. ખાસ વાત એ છે કે, અત્યાર સુધીમાં વિશ્વની ટોચની ૫૦૦ યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવતી ઓછામાં ઓછી ૨૦ યુનિવર્સિટીઓએ ભારતમાં કેમ્પસ સ્થાપવામાં રસ દર્શાવ્યો છે, જેમાંથી ૧૩ યુનિવર્સિટીઓ ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક સત્ર માટે સક્રિયપણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી રહી છે. હાલમાં જ બહાર પડેલો સંશોધન અહેવાલ, 'ધ લેન્ડસ્કેપ ઓફ ઈન્ટરનેશનલ યુનિવર્સિટી કેમ્પસિસ ઈન ઈન્ડિયા ૨૦૨૬'માં ભારતમાં શરૂ થયેલી ૧૩ વિદેશી યુનિવર્સિટીઓ દ્વારા વર્તમાન શૈક્ષણિક વર્ષ માટે ઓફર કરવામાં આવતા ૯૧ પ્રોગ્રામ્સનું વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે. તેમાં પ્રોગ્રામની ઓફર્સ, એકેડેમિક રેન્કિંગ અને ટ્યુશન ફીનું ઊંડાણપૂર્વક અધ્યયન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ અહેવાલમાં યુનાઈટેડ કિંગડમની સાત યુનિવર્સિટીઓ, જેવી કે, યુનિવર્સિટી ઓફ એબરડીન, બર્કબેક (યુનિવર્સિટી ઓફ લંડન), યુનિવર્સિટી ઓફ બ્રિસ્ટલ, યુનિવર્સિટી ઓફ લિવરપૂલ, ક્વીન્સ યુનિવર્સિટી બેલફાસ્ટ, યુનિવર્સિટી ઓફ સાઉધમ્પ્ટન અને યુનિવર્સિટી ઓફ યોર્કનો સમાવેશ કરાયો છે. તે ઉપરાંત ઓસ્ટ્રેલિયાની ડીકિન યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ ન્યૂ સાઉથ વેલ્સ, વિક્ટોરિયા યુનિવર્સિટી, ધ યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા અને યુનિવર્સિટી ઓફ વુલોંગોંગ જેવી પાંચ યુનિવર્સિટીઓ અને અમેરિકાની ઈલિનોઈસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીનો સમાવેશ થાય છે. રેગ્યુલેટરી જાહેરાતોના ટૂંકા સમયગાળામાં ભારતીય ઉચ્ચ શિક્ષણનો હિસ્સો બનવા માટે આંતરરાષ્ટ્રીય કેમ્પસોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે, પરંતુ આ તમામ ૧૩ યુનિવર્સિટીઓની કુલ ૨૦૨૬-૨૭માં ૯૧ પ્રોગ્રામ્સ માટે પ્રવેશ ક્ષમતા ૩૦૦૦ થી પણ ઓછી છે. આ મર્યાદિત ક્ષમતા હોવા છતાં, આ વર્ષે કદાચ અડધી બેઠકો જ ભરાઈ શકશે, કારણ કે તેમાંથી ઘણી યુનિવિર્સિટીઓને પ્રવેશ પ્રક્રિયાના અંતિમ તબક્કામાં મંજૂરી મળી હતી.

આ કેમ્પસોના વિકાસના પ્રારંભિક તબક્કે એક મુખ્ય પડકાર એ છે કે વિદ્યાર્થીઓ અને વાલીઓએ મર્યાદિત, અસંગત અને સતત બદલાતી માહિતી વચ્ચે મહત્વપૂર્ણ નિર્ણયો લેવા પડે છે. ઉપરાંત, આ યુનિવર્સિટીઓએ તેમના મુખ્ય કેમ્પસ જેવા જ પ્રોગ્રામ્સ ઓફર કરવાના હોય છે, જેથી તેઓ ભારતમાં વિવિધ નામો, સમયગાળા અને ખર્ચ સાથેના પ્રોગ્રામ્સ રજૂ કરી રહી છે. આ ઉપરાંત, વિવિધ યુનિવર્સિટીઓ દ્વારા જાહેર કરવામાં આવેલી સ્કોલરશિપના સમય અને માપદંડો અલગ-અલગ છે, જેના કારણે ચોખ્ખી ટ્યુશન ફીનો સ્પષ્ટ અંદાજ મેળવવો મુશ્કેલ બને છે. અહીંયા ચાલુ થયેલી વિદેશી યુનિવર્સિટીઓની ટ્યુશન-ફીની તુલનાત્મક સ્થિતિ જાણવાનો પ્રયાસ પણ કરાયો હતો. આ સંશોધનમાં અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ ઓફર કરતી ૧૧ વિદેશી યુનિવર્સિટીઓની સરેરાશ પ્રથમ વર્ષની ફીની સરખામણી તે જ યુનિવર્સિટીઓના હોમ કેમ્પસ (જે-તે દેશમાં આવેલા મુખ્ય કેમ્પસ)માં અભ્યાસ કરવાના ખર્ચ સાથે કરવામાં આવી હતી.

તેમાં માત્ર પોસ્ટગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ ઓફર કરતી બે યુનિવર્સિટીઓને બાકાત રાખવામાં આવી હતી.

આ અભ્યાસનું વિશ્લેષણ દર્શાવે છે કે, જરૂરી રોકાણની દ્રષ્ટિએ, આંતરરાષ્ટ્રીય કેમ્પસનો ખર્ચ હોમ કેમ્પસમાં વિદેશ જઈને ભણવાના ખર્ચના લગભગ ત્રીજા ભાગ (૩૬ ટકા) જેટલો જ થાય છે. આ સરખામણીમાં રહેવા અને પ્રવાસના ખર્ચનો સમાવેશ કરવામાં આવ્યો નથી, જે વિદેશમાં અભ્યાસને વધુ મોંઘો બનાવે છે. આ ઉપરાંત ૧૩ યુનિવર્સિટીઓ દ્વારા ઓફર કરવામાં આવતા ૯૧ પ્રોગ્રામ્સ ( ૩૮ પોસ્ટગ્રેજ્યુએટ અને ૫૩ અંડરગ્રેજ્યુએટ)ના ડેટા વિશ્લેષણ દર્શાવે છે કે અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ માટે સરેરાશ ટ્યુશન ફી લગભગ ૧૩.૩ લાખ રૂપિયા છે, જેની રેન્જ ૭.૫ લાખ રૂપિયાથી ૧૭.૯ લાખ રૂપિયા વચ્ચે છે. તેવી જ રીતે આ યુનિવર્સિટીઓમાં પોસ્ટગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ માટે, સરેરાશ ફી ૧૭.૨ લાખ રૂપિયા જેવી છે જે સરેરાશ ૧૨.૫ લાખ રૂપિયાથી ૨૩.૧ લાખ રૂપિયાની રેન્જમાં આવે છે.

### અભ્યાસના સમયગાળામાં મોટો ફેરફાર હોવાથી ફી વધી જાય છે

સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ યુનિવર્સિટીઓમાં અભ્યાસક્રમના સમયગાળામાં રહેલો મોટો તફાવત ડિગ્રી માટે જરૂરી કુલ રોકાણને એટલે કે ફીની રકમને મોટી અસર કરે છે. આ યુનિવર્સિટીઓમાં પોસ્ટગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ માટે એક વર્ષ, દોઢ વર્ષ અને બે વર્ષના વિકલ્પો ઉપલબ્ધ છે. તેવી જ રીતે, અંડરગ્રેજ્યુએટ સ્તરે, મોટાભાગના પ્રોગ્રામ્સ ત્રણ વર્ષના છે, જ્યારે કેટલાક ચાર વર્ષના છે.

આનો અર્થ એ થાય છે કે પ્રોગ્રામના કુલ સમયગાળાના આધારે ખર્ચની ગણતરી કરવામાં આવે ત્યારે વિદેશી યુનિવર્સિટીઓ વચ્ચે નોંધપાત્ર તફાવત જોવા મળે છે, જેમાં લાંબા સમયગાળાના પ્રોગ્રામ્સ વધુ મોંઘા પડે છે. ઉદાહરણ તરીકે, યુનિવર્સિટી ઓફ એબરડીન, મુંબઈ ખાતે ડેટા સાયન્સમાં ચાર વર્ષના બેચલર્સ પ્રોગ્રામની ટ્યુશન ફી ૪૮ લાખ રૂપિયા છે, જેની સરખામણીમાં ગુરુગ્રામમાં વિક્ટોરિયા યુનિવર્સિટીની ત્રણ વર્ષની ડિગ્રી માટે ૩૩ લાખ રૂપિયા થાય છે. તેવી જ રીતે, ઈલિનોઈસ ટેક મુંબઈ ખાતે બે વર્ષના સ્જીબ ઈન ડેટા સાયન્સની કુલ ટ્યુશન ફી ૩૦ લાખ રૂપિયા થાય છે, જ્યારે ગુરુગ્રામમાં યુનિવર્સિટી ઓફ સાઉધમ્પ્ટન ખાતે એક વર્ષના સ્જીબ ઈન ડેટા સાયન્સ માટે રૂપિયા ૧૭.૬ લાખનો ખર્ચ થાય છે.

ખર્ચમાં તફાવતનું બીજું પાસું દરેક યુનિવર્સિટીઓની હોમ કન્ટ્રી મુજબની સરેરાશ ફી છે. ભારતમાં કાર્યરત ૧૪ આંતરરાષ્ટ્રીય કેમ્પસોમાંથી (ઉછ ના બે કેમ્પસ છે), સાત કેમ્પસમાં ૫૦ પ્રોગ્રામ્સ સાથે યુકે મોખરે છે, ત્યારબાદ છ કેમ્પસમાં ૩૩ પ્રોગ્રામ્સ સાથે ઓસ્ટ્રેલિયા બીજા ક્રમે છે, અને અમેરિકાની માત્ર એક યુનિવર્સિટી દ્વારા ભારતમા આઠ જેટલા પ્રોગ્રામ્સ ઓફર કરવામાં આવે છે. આ ઉપરાંત અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ માટે, ઓસ્ટ્રેલિયન કેમ્પસનો ખર્ચ યુકેના કેમ્પસ કરતાં લગભગ ૧૬ ટકા વધુ છે ( ૧૪.૨ લાખ રૂપિયાની સામે અંદાજે ૧૨.૨ લાખ). યુકેની અંડરગ્રેજ્યુએટ ફીમાં પણ વધુ તફાવત ( સરેરાશ ૭.૫ લાખથી ૧૫ લાખ રૂપિયા) જોવા મળે છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાની ફીની રેન્જ વધુ મર્યાદિત છે (અંદાજે ૧૧ લાખથી ૧૮ લાખ રૂપિયા). પોસ્ટગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ માટે આ સ્થિતિ બદલાય છે જેમાં યુકે થોડું વધુ મોંઘું છે, પરંતુ તફાવત નાનો (૫ ટકા) છે. ઓસ્ટ્રેલિયાની પોસ્ટગ્રેજ્યુએટ ફી તમામ કેમ્પસમાં વધુ સુસંગત છે, જ્યારે યુકેની ફીમાં ખુબ મોટો તફાવત (સરેરાશ ૧૨.૫ લાખથી ૨૩.૧ લાખ રૂપિયા) જોવા મળે છે.

વિદેશી યુનિવર્સિટીઓનું આ નવું ચિત્ર દર્શાવે છે કે ભારતમાં વિવિધ નામો, સમયગાળા અને વાર્ષિક ટ્યુશન ફી સાથે વિદેશી યુનિવર્સિટીઓનો ઝડપી પ્રવેશ થઈ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય કેમ્પસોએ વિદ્યાર્થીઓ માટે દેશમાં જ રહીને વૈશ્વિક ડિગ્રી મેળવવાના વિકલ્પો ચોક્કસપણે વધાર્યા છે.

# મોહન ભાગવતના નિવેદન પછી દિપકેનો વળતો ઘા



કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતના વિદ્યાર્થી આંદોલન અંગેના નિવેદનનો આડકતરી રીતે જવાબ આપ્યો છે. દિપકેએ X પર લખ્યું, 'ટુ હુમ ઈટ મે કંસર્ન...' સાથે ભાગવતના નિવેદનની પોસ્ટ મૂકી. તેમનો ટોણો ભાજપના નેતાઓ માટે હતો, જેમણે વિદ્યાર્થીઓના આંદોલનને રાષ્ટ્રવિરોધી ગણાવ્યું હતું.રાષ્ટ્રીય સ્વય સેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે વિદ્યાર્થી આંદોલન બાબતે જે નિવેદન આપ્યું છે એનો જવાબ કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેએ આડકતરી રીતે આપ્યો છે. દિપકેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે 'ટુ હુમ ઈટ મે કંસર્ન (જેમણે સમજવું છે, એ સમજી જાય) આટલા લખાણની સાથે ભાગવતના નિવેદનની પોસ્ટ દિપકેએ મૂકી છે. ખરેખર તો દિપકેનો ટોણો ભાજપના નેતાઓ માટે છે કે જેમણે વિદ્યાર્થીઓના આંદોલનને રાષ્ટ્ર વિરોધી ગણાવ્યું હતું. કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ વચ્ચે ભાગવતના નિવેદનની ચર્ચા થઈ હતી. દિપકે સહિતના બીજા નેતાઓનું પણ માનવું છે કે મોહન ભાગવતના અને ભાજપના પગ નીચે રેલો આવ્યો હોવાથી હવે તેઓ યુવા વર્ગને આકર્ષિત કરવા નાટક રહી રહ્યા છે. જોકે જેન ઝી ભાગવતની વાત પર વિશ્વાસ કરે એ શક્ય નથી.'પંજાબ વિધાનસભાની ચૂંટણીને હવે થોડા મહિના બાકી રહ્યા છે. સીરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલએ દિલ્હી જઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી છે. લાંબા સમય પછી બંને પાર્લામેન્ટ હાઉસમાં મળ્યા હતા. બંને નેતાઓની આ મુલાકાત પછી રાજકારણમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. અકાલી દળ સાથે ભાજપ ફરીથી ગઠબંધન કરી રહ્યું હોવાની વાતો શરૂ થઈ ગઈ છે. મોદી - સુખબીરની મુલાકાત પછી આપના સુપ્રિમો અરવિંદ કેજરીવાલે ટોણો મારતા લખ્યું હતું કે, 'ના ના કરતે પ્યાર તુમહી સે કર બેઠે તો શું હવે ચંદા ચોર પાર્ટી અને અનાદર પાર્ટી વચ્ચે ગઠબંધન થઈ રહ્યું છે?' કેજરીવાલના આ ટોણાનો જવાબ સુખબીર બાદલે આપ્યો હતો અને કહ્યું હતું કે શું તમને તમારૂ વચન યાદ છે કે પંજાબમાં ૨૦ હજાર કરોડનો ગેરકાયદેસર ખનન તમે બંધ કરાવશો? તમારી બધી ગેરંટી ગટરમાં ફેંકવા લાયક છે.જનસુરાજ પાર્ટી (જેએસપી)ના સ્થાપક પ્રશાંત કિશોર અને એનસીપી (અજીત પવાર)ના પ્રમુખ તેમજ મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી સુનેત્રા પવાર વચ્ચે મીટીંગ થઈ હતી. ત્રણ મહિનામાં પ્રશાંત કિશોરે સુનેત્રા સાથે આ બીજી વખત મીટીંગ કરી હતી. આ મીટીંગથી મહારાષ્ટ્ર સરકારની એનસીપી (અજીત પવાર) સાથે જોડાયેલો સાથી પક્ષ ભાજપ નારાજ થયો છે. ભાજપનું માનવું છે કે, એનસીપી (અજીત પવાર) મહાયુતિ સરકારનો હિસ્સો છે અને એટલે પ્રશાંત કિશોર સાથે વાતચીત કરવી યોગ્ય નથી. છઠ્ઠી ઓગસ્ટે મુંબઈમાં સુનેત્રા પવારના સરકારી રહેઠાણ 'દેવગીરી' ખાતે પ્રશાંત કિશોર અને પવાર વચ્ચે પાંચ કલાક સુધી મીટીંગ ચાલી હતી. આ મીટીંગમાં પવારના પુત્ર પાર્થ પવાર પણ હાજર રહ્યા હતા. રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે કે, એનસીપી (અજીત પવાર) પ્રશાંત કિશોરને રાજકીય સલાહકાર બનાવવા માંગે છે.ઝારખંડમાં જેપીએસસી - જેએસએસસીના વિદ્યાર્થીઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. હવે આ વિરોધ પ્રદર્શનને ભાજપના અલીનગર વિધાનસક્ષા ક્ષેત્રના ધારાસભ્ય મૈથીલી ઠાકુરે ટેકો જાહેર કર્યો છે. મૈથીલી ઠાકુરનું કહેવું છે કે હેમંત સરકારે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવી જોઈએ અને એમની ફરિયાદ સાંભળવી જોઈએ. વિદ્યાર્થીઓનો વિરોધ અહિંસક છે. હું વિદ્યાર્થીઓથી પ્રભાવિત થઈ છું. છેલ્લા કેટલાક દિવસોથી ઝારખંડના વિદ્યાર્થીઓના આંદોલનનો વ્યાપ વધી રહ્યો છે. મૈથીલી ઠાકુરનું માનવું છે કે, સોશ્યલ મીડિયા પર જોવા મળતા વીડિયો, ભાષણો અને પોસ્ટથી જાણવા મળે છે કે, વિદ્યાર્થીઓનો વ્યવહાર પ્રશંસનીય છે. મને આશા છે કે સરકાર જલ્દી એમની વાત સાંભળશે. મૈથીલી ઠાકુર સોશ્યલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય છે.કરોડો રૂપિયાની સળગી ગયેલી રોકડ રકમથી ચર્ચામાં આવેલા દિલ્હી હાઈકોર્ટના ભૂતપૂર્વ જજ યશવંત વર્મા વિરુદ્ધની અરજી સાંભળવાનો સુપ્રિમ કોર્ટે ઈન્કાર કરી દીધો છે. એ વખતે સુપ્રિમ કોર્ટે અરજી કરનારની ટીકા પણ કરી હતી.

# હિન્દુ ધર્મમાં બાર જ્યોતિર્લિંગ અને ૫૧ શક્તિ પીઠ ધામ છે

હિન્દુ ધર્મમાં બાર જ્યોતિર્લિંગ અને ૫૧ શક્તિ પીઠ ધામ ના દર્શન જીવન દરમિયાન કરવા જરૂરી હોય છે,કેમ? આ સૃષ્ટી ના સર્જક નો આધાર શિવ અને શક્તિ પર આધારિત હોય છે. શિવ પુરાણ અનુસાર બ્રહ્માજી અને ભગવાન વિષ્ણુ વચ્ચે શ્રેષ્ઠતા બાબતે સંઘર્ષ થયો ત્યારે બન્ને વચ્ચે અનંત સ્તંભ સ્વરૂપે ભગવાન શિવ પ્રગટ થયા.અચાનક બ્રહ્માજી અને ભગવાન વિષ્ણુ વચ્ચે પ્રગટ થયેલ ભગવાન શિવ નું અગ્નિ સ્કંધ કે પ્રકાશ ના સ્તંભનું સ્વરૂપ નું રહસ્ય શોધવા ભગવાન વિષ્ણુ એ પાતાળ લોક તરફ પ્રયાણ કર્યું અને સ્વર્ગ લોક ઉપર તરફ બ્રહ્માજી એ પ્રયાણ કર્યું.અગ્નિ સ્કંધ ના રહસ્ય ને શોધવા બ્રહ્માજી અને ભગવાન વિષ્ણુ એ ખૂબ પ્રયાસો કર્યા.જ્યારે બ્રહ્માજી અને ભગવાન વિષ્ણુ થી અગ્નિ સ્કંધ નું રહસ્ય ન જાણી શકાયું ત્યારે બન્ને વચ્ચે ભગવાન શિવ પ્રગટ થયા ને અગ્નિ સ્કંધ એટલે જ્યોતિર્લિંગ નું સાચું રહસ્ય વિશે જાણકારી આપી હતી.આ તેજસ્વી સ્તંભ માંથી ધરા પર અલગ અલગ સ્થળ પર બાર જ્યોતિર્લિંગનું પ્રગટ્ય ભારત માં ગુજરાત, મહારાષ્ટ્ર,આંધ્ર પ્રદેશ,મધ્ય પ્રદેશ,ઝારખંડ,ઉતર પ્રદેશ, ઉત્તરાખંડ અને તમિલનાડુ માં થયું હતું.

**एतानि ज्योतिर्लिंगानि सायं प्रातः पठेन्नरः।**
**सप्तजन्मकृतं पापं स्मरणेन विनश्यति॥**

આ દ્વાદશ જ્યોતિર્લિંગ સ્ત્રોત્ર નું જે ભક્ત નિયમિત ગાન કરે એના સપ્ત જન્મ ના પાપ નષ્ટ થાય છે ને ભગવાન સદાશિવ ની કૃપા પ્રાપ્ત થાય છે. સોમનાથ, મલ્લિકાર્જુન, મહાકાલેશ્વર, ઓમકારેશ્વર, ભીમ શંકર,ત્રંબકેશ્વર, વૈજનાથ, નાગેશ્વર, કેદાર નાથ, વિશ્વનાથ, ધૃષ્ણેશ્વર અને રામેશ્વર ભગવાન શિવ ના બાર જ્યોતિર્લિંગ માંથી એક નામ નું સ્મરણ પણ નિયમિત થાય તો ભવોભવ ના સંકટો દૂર થઈ જતા હોય છે. વિચારો નામ માત્ર થી અનેક જન્મો ના પાપ માંથી મુક્તિ મળતી હોય તો બાર જ્યોતિર્લિંગ ના દર્શન કરવાથી સાક્ષાત ભગવાન શિવની કૃપા પ્રાપ્તિ અવશ્ય ભક્ત ને થાય છે. મેં મારા જીવન દરમિયાન અત્યાર સુધીમાં સાત જ્યોતિર્લિંગ ના દર્શન કર્યાં છે ૨૦૨૬ ના વર્ષ ની શરૂઆત માં મહાકાલેશ્વર ના દર્શન કરવાનો મોકો મળ્યો એને મારા જીવન નો ભાગ્યશાળી અવસર માનું છું.આ દુનિયા કદાચ કાંઈ નહી મળે તો ચાલશે પણ ઈશ્વર નું સાનિધ્ય મળવું અત્યંત જરૂરી છે.આ વર્ષે સોમનાથ જ્યોતિર્લિંગ ના નજીક થી દર્શન નો મોકો ફરી મળ્યો ત્યારે થયું કે ૨૦૨૬ નું વર્ષ એ ભોળાનાથના આશીર્વાદમાં અશક્ય ને શક્ય બનાવી નાખશે.

બીજી વખત સોમનાથ મંદિર ના દર્શન કરવા ન ગયા હો તો જરૂર થી જજો.વર્તમાન સમય ના સોમનાથ મંદિર ની રોનક અલગ અદ્ભુત ખાસ છે.

સોમનાથ જ્યોતિર્લિંગ નો ઈતિહાસ :

પુરણ અનુસાર સુવર્ણ ના સોમનાથ મંદિર નું નિર્માણ સૌ પ્રથમ ચંદ્ર દેવ એ કર્યું હતું. શિવપુરાણના "કોટી રુદ્રંસહિતા" ના ૮થી૧૪ અધ્યાય માં ઉલ્લેખ આ વિશેનો ઉલ્લેખ છે. દક્ષ પ્રજાપતિએ એની ૨૭ કન્યાઓના લગ્ન ચંદ્ર દેવ સાથે કર્યા હતા. લગ્ન બાદ દક્ષ પ્રજાપતિની ૨૭ કન્યાઓ એ અનુભવ્યું કે પતિ ચંદ્ર નું ધ્યાન અને પ્રેમ માત્ર ને માત્ર એની પત્ની રોહિણી પર અધિક છે એના તરફ નજર પણ કરતા નથી.ચંદ્રની ૨૭પત્નીઓ એ એકવાર ક્રોધિત થઈને પતિ ચંદ્ર દેવ ને શ્રાપ આપ્યો કે એને ક્ષય રોગ લાગુ પડે જશે. પત્નીઓના શ્રાપના લીધે ચંદ્રદેવને ક્ષય રોગ લાગુ પડયો. ક્ષય રોગ ના શ્રાપ ના લીધે ચંદ્ર દેવ ની કળા ઘટી ગઈ ને પૃથ્વી પર રાત્રે અંધારું છવાયેલું રહેવા લાગ્યું.એક દિવસ અમાસ ના બદલે વર્ષભર અમાસ નું અંધારું રહેવા લાગે તો.આ સ્થતિ ને લીધે પૃથ્વી પર હાહાકાર મચી ગયો.બ્રહ્માજી પાસે દેવો દાનવો મનુષ્ય બધા એકઠા થઈ ને આવ્યા ને બ્રહ્માજી ની પ્રાર્થના કરતા કહ્યું કે દેવ,અનર્થ થઈ ગયો ચંદ્ર ની કળા ઘટતા બધેય અંધારું છવાઈ ગયું છે. બ્રહ્માજી એ વિચાર્યું કે મારા સર્જન માં તો ખામી નથી તો આવું કેમ બન્યું? બે મિનિટ મૌન ધારણ કરી ને સૂક્ષ્મ દૃષ્ટિ એ ધ્યાન ધરતા શ્રાપ ના લીધે ક્ષય રોગથી પીડાતા ચંદ્ર દેવ દેખાયા.



બાર જ્યોતિર્લિંગ
- રુપાલી દવે

બ્રહ્માજી તાત્કાલિક ચંદ્રદેવ સમક્ષ પ્રસન્ન થઈ ને પૂછ્યું ત્યારે ચંદ્રદેવ ના પ્રિય પત્ની રોહિણીજી એ પતિના ક્ષય રોગ નું કારણ કીધું અને નિવારણ પૂછ્યું.બ્રહ્માજી એ ક્ષય નિવારણ નો ઉપાય અને શ્રાપ માટે મુક્તિ નો ઉપાય પ્રભાસ ક્ષેત્ર માં જઈને ભગવાન સદાશિવને ઉપાસના સાધના દ્વારા પ્રસન્ન કરીને રોગ માંથી મુક્તિ મેળવવા સૂચવ્યું.બ્રહ્માજી ના આશીર્વાદ પ્રાપ્ત કરીને તાત્કાલિક ચંદ્રદેવ પૃથ્વી પરની પવિત્ર ભૂમિ પ્રભાસ ક્ષેત્રમાં આવ્યા ને સતત છ મહિના અન્ન જળ નો ત્યાગ કરીને સદાશિવ ની ઉપાસના સાધના કરી. ચંદ્ર દેવની ભક્તિ થી પ્રસન્ન થઈ ને માત્ર છ મહિનામાં ભગવાન ભોળાનાથ પ્રગટ થયા. ભગવાન ભોળાનાથ એ ચંદ્રદેવ ને પ્રસન્ન થઈ ને કહ્યું કે

હે ચંદ્રદેવ ! તમારું પૂર્ણપણે શ્રાપમુક્ત થવું શક્ય નથી. પરંતુ, હું શ્રાપને હળવો કરી શકું છું. આજથી તમારી કલા એક પક્ષમાં પ્રતિદિન ક્ષિણ થશે, તો બીજા પક્ષમાં પછી ફરી નિરંતર વધતી રહેશે."

કાળે ક્રમે ચંદ્ર પર આક્રમણોના લીધે સોમનાથ મંદિર ખંડિત થયું હતું. ખંડિત સોમનાથ ના શિવ મંદિર નું પુનઃ ભક્ત રાવણે ચાંદી થી મઢાવી ને જીર્ણોધ્ધાર કર્યો હતો. રામવતાર યુગો ના બાદ પુનઃ સોમનાથ મંદિર ખંડિત થયું હતું.મથુરા છોડીને ભગવાન શ્રી કૃષ્ણ એ સોનાની દ્વારિકા વસાવી ત્યારે એમણે ખંડર બનેલા સોમનાથ મંદિર નો જીર્ણોધ્ધાર કરાવી ને એને ચંદનથી મઢ્યું હતું.માનવામાં આવે છે કે ભગવાન ભોળાનાથ નું નિત્ય સાનિધ્ય પ્રાપ્ત થઈ શકે એટલે જ ભગવાન શ્રી કૃષ્ણ એ મથુરા છોડ્યું ને દ્વારિકા માં અંત સુધી વસ્યા હતા.પરંતુ યુગ પરિવર્તન થતા ભારત ભૂમિ પર સ્થિત સોમનાથ ના મંદિર સહિત અનેક હિન્દુ મંદિરો માં તોડફોડ અને અમૂલ્ય વારસા ની ચોરી બાદ નામશેષ ખંડેર બની ગયા હતા. ૧૯૪૭ માં સરદાર વલ્લભ ભાઈ પટેલ સોમનાથ મંદિર ના દર્શન એ આવ્યા ત્યારે ખંડેર થઈ ગયેલ મંદિર નો જીર્ણોધ્ધાર કરવાનો નિર્ણય કર્યો હતો.૧૯૫૧ ની ૧૧મે ના રોજ તત્કાલિન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ ના વરદ હસ્તે સોમનાથ ના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી હતી.૫૦૦ વર્ષ બાદ ભારત ભૂમિ પર મહા પ્રયત્નો બાદ રામ મંદિર બન્યું એ ચમત્કાર થી ઓછું નથી.ભારત માં મંદિરો એ હિન્દુ ધર્મ ની આસ્થા નું કેન્દ્ર છે એટલે મંદિરો ની સુરક્ષા અને પવિત્રતા ની જાળવણી ખુદ સરકારે કરવી અત્યંત મહત્વપૂર્ણ છે.

શંભુ ચરણે પડી માંગુ ઘડી રે ઘડી કષ્ટ કાપો
દયા કરી દર્શન શિવ આપો..
તમે ભકતો ના દુઃખ હરનારા શુભ સૌનું સદા કરનારા
હું તો મંદ ગતિ તારી અકળ ગતિ કષ્ટ કાપો
દયા કરી દર્શન શિવ આપો..

હિન્દુ ધર્મમાં જીવન દરમિયાન બાર જ્યોતિર્લિંગ અને એકાવન શક્તિપીઠ ધામના દર્શન કરવાનું વિશેષ મહત્વ રહેલું છે. આ સૃષ્ટિના સર્જન અને સંચાલનનો મુખ્ય આધાર શિવ અને શક્તિ પર કેન્દ્રિત છે. શિવપુરાણ અનુસાર, એકવાર બ્રહ્માજી અને ભગવાન વિષ્ણુ વચ્ચે શ્રેષ્ઠતાને લઈને સંઘર્ષ થયો ત્યારે બંનેની વચ્ચે અનંત સ્તંભ સ્વરૂપે ભગવાન શિવ પ્રગટ થયા હતા. આ અગ્નિસ્તંભ અથવા પ્રકાશના સ્તંભનું રહસ્ય શોધવા માટે બ્રહ્માજીએ ઉપર તરફ અને ભગવાન વિષ્ણુએ પાતાળ લોક તરફ પ્રયાણ કર્યું હતું, પરંતુ કોઈને પણ તેનું રહસ્ય ન સમજાતા અંતે ભગવાન શિવે જ્યોતિર્લિંગનું સાચું રહસ્ય સમજાવ્યું હતું. આ તેજસ્વી સ્તંભમાંથી જ ધરા પર અલગ-અલગ સ્થળોએ ભારતભરમાં બાર જ્યોતિર્લિંગોનું પ્રગટ્ય થયું છે.શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ, દ્વાદશ જ્યોતિર્લિંગ સ્તોત્રનું નિયમિત પઠન કરવાથી સાત જન્મના પાપ નષ્ટ થઈ જાય છે અને ભગવાન સદાશિવની અસીમ કૃપા પ્રાપ્ત થાય છે. સોમનાથ, મલ્લિકાર્જુન, મહાકાલેશ્વર, ઓમકારેશ્વર, ભીમશંકર, ત્રંબકેશ્વર, વૈજનાથ, નાગેશ્વર, કેદારનાથ, વિશ્વનાથ, ધૃષ્ણેશ્વર અને રામેશ્વર - આ બાર જ્યોતિર્લિંગોમાંથી કોઈપણ એક નામનું નિયમિત સ્મરણ કરવાથી પણ ભવોભવના સંકટો દૂર થઈ જાય છે. માત્ર નામસ્મરણથી જો અનેક જન્મોના પાપોમાંથી મુક્તિ મળતી હોય, તો પ્રત્યક્ષ જ્યોતિર્લિંગના દર્શન કરવાથી ભક્તને સાક્ષાત ભોળાનાથના આશીર્વાદ ચોક્કસપણે પ્રાપ્ત થાય છે.

પૌરાણિક કથાઓ અનુસાર, સુવર્ણના સોમનાથ મંદિરનું નિર્માણ સૌપ્રથમ ચંદ્રદેવ દ્વારા કરવામાં આવ્યું હતું. શિવપુરાણની કોટી રુદ્રસહિતામાં આનો સવિસ્તાર ઉલ્લેખ જોવા મળે છે. દક્ષ પ્રજાપતિએ પોતાની સત્તાવીસ કન્યાઓના લગ્ન ચંદ્રદેવ સાથે કર્યા હતા, પરંતુ ચંદ્રદેવનું સમગ્ર ધ્યાન માત્ર રોહિણી પ્રત્યે હોવાથી અન્ય પત્નીઓએ ક્રોધિત થઈને તેમને ક્ષય રોગનો શ્રાપ આપ્યો હતો. આ શ્રાપના કારણે ચંદ્રદેવની કળાઓ ઘટવા લાગી અને પૃથ્વી પર અંધકાર છવાઈ ગયો. ત્યારે બ્રહ્માજીના માર્ગદર્શનથી ચંદ્રદેવે પ્રભાસ ક્ષેત્રમાં જઈને સતત છ મહિના સુધી કઠિન તપસ્યા કરી હતી. ચંદ્રદેવની ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાન શિવે તેમના શ્રાપને હળવો કર્યો અને ત્યારથી ચંદ્રની કળાઓ ઘટવા અને વધવાની શરૂઆત થઈ. સમયના વહેણ સાથે અને અનેક વિદેશી આક્રમણોના કારણે સોમનાથ મંદિર અનેકવાર ખંડિત થયું હતું. રાવણ દ્વારા ચાંદીથી અને ત્યારબાદ ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ચંદનથી આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. આઝાદી પછી ભારતના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે ખંડેર બની ગયેલા આ પૌરાણિક મંદિરના પુનઃનિર્માણનો સંકલ્પ કર્યો હતો.

ૐ નમઃ શિવાય

# સોહેલની પાર્ટીમાં સલમાન નો પેપરાઝીને ઈશારો

## આંગળી ચીંધીને કહ્યું- રાત્રે અવાજ ન કરો; હેટ પહેરીને બ્લેક લુકમાં પહોંચ્યા







(એજન્સી) મુંબઈ | તા.09

રિયાલિટી શો 'એલાયન્સ' પૂરો થયા પછી અભિનેતા સોહેલ ખાને મુંબઈમાં એક સક્સેસ પાર્ટી રાખી. આ પાર્ટીમાં તેમના મોટા ભાઈ અને બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન ઓલ બ્લેક લુકમાં અને માથા પર હેટ પહેરીને સ્વૅગવાળી સ્ટાઈલમાં પહોંચ્યા.

પાર્ટીમાં એન્ટ્રી અને એક્ઝિટ દરમિયાન જ્યારે બહાર ઉભેલા પેપરાઝી જોર જોરથી બૂમો પાડવા લાગ્યા, ત્યારે સલમાને આંગળી ઊંચી કરીને તેમને શાંત રહેવાનો ઈશારો કર્યો. સલમાને પેપરાઝીને ઈશારામાં કહ્યું કે રાત ઘણી થઈ ગઈ છે, તેથી ઓછો અવાજ કરો.

આંગળી ઊંચી કરીને પેપરાઝીને શાંત રહેવાનો ઈશારો કર્યો વીડિયોમાં સલમાન ખાન પોતાની કાર પાસે પેપરાઝીથી ઘેરાયેલા જોવા મળી રહ્યા છે. જ્યારે ફોટોગ્રાફર્સ તેમનું નામ લઈને બૂમો પાડવા લાગ્યા, ત્યારે સલમાને તરત જ પોતાની આંગળી ઊંચી કરીને તેમને ચૂપ રહેવાનો ઈશારો કર્યો. તેમણે હાથના ઈશારાથી પેપરાઝીને સમજાવ્યું કે રાત થઈ ગઈ છે અને આસપાસના વાતાવરણનું ધ્યાન રાખીને અવાજ ધીમો રાખે.

ઓલ બ્લેક લુક અને હેટમાં જોવા મળ્યા સલમાન ખાન પાર્ટી માટે સલમાન ખાને ખાસ લુક પસંદ કર્યો હતો. તેઓ બ્લેક ટી-શર્ટ, બ્લેક બ્લેઝર અને મરૂન પેટર્નવાળી પેન્ટમાં જોવા મળ્યા. પોતાના લુકને પૂર્ણ કરવા માટે તેમણે માથા પર બ્લેક હેટ પહેરી હતી. સલમાનનો આ સ્વૅગ અને સ્ટાઈલ જોઈને ત્યાં હાજર લોકોએ આ લુકના વખાણ કર્યા. કુશાલ ટંડને અંદરની તસવીરો શેર કરી,

સોહેલ સાથે પોઝ આપ્યા પાર્ટીની અંદરથી ટીવી એક્ટર કુશાલ ટંડને પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ઘણી તસવીરો શેર કરી છે. એક તસવીરમાં કુશાલ, સલમાન ખાન સાથે હસતા પોઝ આપતા જોવા મળ્યા. જ્યારે બીજી તસવીરમાં તેઓ પાર્ટીના હોસ્ટ સોહેલ ખાન સાથે જોવા મળ્યા. સોહેલ આ દરમિયાન ડંગરી પહેરેલા જોવા મળ્યા.

શોના હોસ્ટ કુણાલ ખેમુ અને સોહા અલી ખાન પણ પહોંચ્યા સોહેલ ખાનની આ પાર્ટીમાં રિયાલિટી શો 'એલાયન્સ'ના હોસ્ટ કુણાલ ખેમુ તેમની પત્ની સોહા અલી ખાન સાથે પહોંચ્યા. શોના અન્ય ઘણા સ્પર્ધકો અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના નજીકના મિત્રોએ પણ પાર્ટીમાં હાજરી આપી. તમામ સ્ટાર્સે એકસાથે મળીને શોની સફળતાની ઉજવણી કરી.



# ચાલુ સર્જરીએ સોનુ નિગમનું લાઈવ પરફોર્મન્સ

## બેભાન થવાને બદલે સિંગરે સર્જરી ટેબલ પર જ મોહમ્મદ રફીનું 77 વર્ષ જૂનું ગીત ગાયું; વીડિયો જોઈ ફેન્સ ઘેલા થયા

(એજન્સી) મુંબઈ | તા.09

સોનુ નિગમે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે, જેને જોઈને ફેન્સને ચિંતા તો થઈ, પણ તેમના અવાજે ફરી એકવાર ફેન્સના દિલ જીતી લીધા. વીડિયોમાં તેઓ હોસ્પિટલમાં સર્જરી કરાવતા જોવા મળી રહ્યા છે અને સાથે જ 77 વર્ષ જૂનું મોહમ્મદ રફીનું ગીત પણ ગાઈ રહ્યા છે.


ઈન્સ્ટાગ્રામ પર સોનુ નિગમે વીડિયો શેર કર્યો, જેમાં તેઓ હોસ્પિટલના સર્જરી ટેબલ પર સૂતેલા છે અને ડોક્ટર્સ તેમની સારવાર કરી રહ્યા છે. આ દરમિયાન સિંગર 77 વર્ષ જૂનું ગીત 'સુહાની રાત ઢલ ચૂકી' ગાતા જોવા મળ્યા છે. આ ગીત 1949માં આવેલી ફિલ્મ 'દુલારી'નું છે, જેમાં મધુબાલા મુખ્ય ભૂમિકામાં હતા અને મોહમ્મદ રફીએ આ ગીતને પોતાનો અવાજ આપ્યો હતો.

વીડિયો સાથે સિંગરે કેપ્શનમાં લખ્યું, 'મારી સર્જરી દરમિયાન ડોક્ટર નિલેશ સતભાઈ અને તેમની ટીમ માટે આપેલું પરફોર્મન્સ. દર્દ વચ્ચે ગાવું... સંગીતનો આનંદ!'

આ વીડિયો પર ફેન્સે હાર્ટ ઈમોજી શેર કરી છે. એક યુઝરે લખ્યું, 'ઓપરેશન વચ્ચે મધુર અવાજ હોવો ખૂબ જરૂરી છે.' બીજા યુઝરે લખ્યું, 'ખૂબ નસીબદાર ડોક્ટર્સ.' ત્રીજા યુઝરે લખ્યું, 'ડોક્ટર્સ નસીબદાર છે કે તેમને લાઈવ ગીત સાંભળવાની તક મળી.' આ સાથે જ ફેન્સે સિંગરની બીમારી વિશે પણ પૂછ્યું અને તેઓ ઝડપથી સાજા થઈ જાય તેવી પ્રાર્થના કરી.

સોનુ નિગમનું તાજેતરમાં જ આવેલું નવું ગીત ચર્ચામાં છે. આ હિન્દી-હરિયાણવી ગીત 'ચુન્ની' છે, જેને યુટ્યુબ પર ખૂબ જ પ્રેમ મળી રહ્યો છે.

# 'ટોક્સિક'ની હિંસાએ 'ધુરંધર' -'એનિમલ'ને પછાડી!



(એજન્સી) મુંબઈ | તા.09

'KGF' સ્ટાર યશની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ટોક્સિક: અ ફેરી ટેલ ફોર ગ્રોન-અપ્સ'નું ટ્રેલર 8 ઓગસ્ટે રિલીઝ થઈ ગયું. લાંબી રાહ બાદ આવેલા ટ્રેલરમાં યશ અત્યંત ખતરનાક ગેંગસ્ટર અવતારમાં દેખાય છે. ફિલ્મમાં કિયારા અડવાણી, નયનતારા, હુમા કુરેશી, તારા સુતારિયા અને રુક્મિણી વસંત પણ મહત્વની ભૂમિકાઓમાં છે. ફિલ્મનું ડિરેક્શન ગીતૂ મોહનદાસે કર્યું છે. તે 26 ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થશે. ટ્રેલરની સૌથી મોટી તાકાત તેનું સ્કેલ, સિનેમેટોગ્રાફી અને એક્શન છે. યશનો લુક અને સ્ક્રીન પ્રેઝન્સ પણ પ્રભાવશાળી છે. પરંતુ લગભગ 4 મિનિટ 38 સેકન્ડના ટ્રેલર પછી પણ સૌથી મોટો પ્રશ્ન એ જ રહી જાય છે - આખરે ફિલ્મની વાર્તા શું છે? ટ્રેલર ઘણા પાત્રો, હિંસક એક્શન, સ્ટાઈલિશ વિઝ્યુઅલ્સ અને ઝડપી કટ્સથી દર્શકોને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરે છે, પરંતુ વાર્તાનું ઈમોશનલ કનેક્શન એટલી મજબૂતીથી સામે આવતું નથી. આવી સ્થિતિમાં, એવી આશંકા રહે છે કે, ક્યાંક ફિલ્મ તેના વિઝ્યુઅલ્સ અને યશના સ્ટારડમ પાછળ વાર્તાની નબળાઈ તો નથી છુપાવી રહી. યશ ફરી એકવાર એવા પાત્રમાં જોવા મળી રહ્યો છે, જે ખતરનાક, હિંસક અને અત્યંત સ્ટાઈલિશ છે. 'KGF' પછી તેનો આવો અવતાર દર્શકો માટે નવો નથી. આ જ કારણ છે કે ટ્રેલર જોયા પછી એક પ્રશ્ન ઊભો થાય છે - શું 'ટોક્સિક' યશને 'KGF'ના રોકી ભાઈવાળા ઝોનમાંથી બહાર કાઢી શકશે?

તેનો લુક અને એક્શન ચોક્કસપણે મોટા પડદા માટે બનાવવામાં આવ્યા છે, પણ માત્ર સ્વૅગ અને હિંસાના જોરે ફિલ્મને અલગ ઓળખ અપાવવી સરળ નહીં હોય. 'ટોક્સિક'ને પીરિયડ ગેંગસ્ટર એક્શન ડ્રામા કહેવામાં આવી છે.

# અભિનેત્રી ચાર્લી ચૌહાણે ક્રિકેટર રમણદીપ સિંહ સાથે લગ્ન કર્યા...

(એજન્સી) મુંબઈ | તા.09

ટીવી અભિનેત્રી ચાર્લી ચૌહાણે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ના ક્રિકેટર રમણદીપ સિંહ સાથે લગ્ન કરી લીધા છે. બંનેએ ગુરુદ્વારામાં શીખ રીતિ-રિવાજ મુજબ લગ્ન કર્યા. આ લગ્નમાં પરિવારના સભ્યો અને નજીકના મિત્રો હાજર રહ્યા હતા.

ચાર્લી અને રમણદીપ છેલ્લા 8 વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા હતા, પરંતુ તેમણે પોતાના સંબંધોને મીડિયા અને ચાહકોથી છુપાવી રાખ્યા હતા. લગ્નની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતા ચાર્લીએ લખ્યું કે 8 વર્ષ સાથે રહ્યા પછી હવે તેઓ હંમેશા માટે એક થઈ ગયા છે.

લગ્નનું આયોજન ખૂબ જ સાદગીપૂર્વક કરવામાં આવ્યું હતું. તેમાં ક્રિકેટર અર્શદીપ સિંહ, નમન ધીર, અશ્વિની કુમાર અને જસઈન્દર સિંહ જેવા નજીકના મિત્રો હાજર રહ્યા હતા.

લગ્ન દરમિયાન રમણદીપે ક્રીમ કલરની શેરવાની અને મરૂન પાઘડી પહેરી હતી, જ્યારે ચાર્લી મરૂન રંગના પરંપરાગત લહેંગા અને હેવી જ્વેલરીમાં જોવા મળી હતી. બંનેના લગ્નની તસવીરો સામે આવ્યા બાદ ભારતીય ક્રિકેટર શુભમન ગિલ સહિત ટીવી અને ક્રિકેટ જગતની હસ્તીઓએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

બંનેનો 8 વર્ષ જૂનો સંબંધ હતો ચાર્લી અને રમણદીપનો અફેર છેલ્લા 8 વર્ષથી ચાલી રહ્યો હતો. જોકે, બંનેએ ક્યારેય પોતાના સંબંધોનો સોશિયલ મીડિયા પર જાહેરમાં ખુલાસો કર્યો ન હતો. અચાનક લગ્નની તસવીરો સામે આવ્યા બાદ જ ચાહકોને તેમના સંબંધો વિશે જાણ થઈ હતી.

રમણદીપ સિંહ પંજાબના ક્રિકેટર છે અને 2024માં IPL ખિતાબ જીતનારી કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમનો ભાગ રહ્યા છે. તેમણે પોતાના કરિયરની શરૂઆત 2016-17ના ડોમેસ્ટિક T20 ટુર્નામેન્ટથી કરી હતી.

# મૃણાલે ક્રિકેટર યશસ્વી સાથે ડેટિંગ પર મૌન તોડ્યું

(એજન્સી) મુંબઈ | તા.09 અભિનેત્રી મૃણાલ ઠાકુર અને ભારતીય ક્રિકેટર યશસ્વી જયસ્વાલ આ દિવસોમાં તેમની કથિત ડેટિંગને લઈને ચર્ચામાં છે. બંનેને મુંબઈના બાંદ્રા સ્થિત એક કેફેની આસપાસ જોયા બાદ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેના આધારે બંનેના સંબંધોને લઈને અટકળો શરૂ થઈ હતી.

ખાસ વાત એ છે કે યશસ્વી ઉંમરમાં મૃણાલથી લગભગ 10 વર્ષ નાના છે. જોકે, આ વાયરલ વીડિયો બાદ બંનેના સંબંધોની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ ન હતી. હવે મૃણાલ ઠાકુરે પોતે આ અફવાઓ પર પ્રતિક્રિયા આપીને સ્થિતિ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર વાયરલ દાવાઓને લઈને લોકોને કહ્યું કે તેઓ થોડો આરામ કરે અને પુષ્ટિ વિના આવી વાતો ફેલાવવાનું ટાળે.

મૃણાલ ઠાકુર અને યશસ્વી જયસ્વાલના કથિત સંબંધોની ચર્ચા જુલાઈના અંતમાં શરૂ થઈ હતી. સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થયો, જેમાં મૃણાલને મુંબઈના બાંદ્રા વેસ્ટ વિસ્તારના એક કેફેમાંથી બહાર નીકળતા બતાવવામાં આવી હતી. આ પછી વીડિયોને યશસ્વી જયસ્વાલ સાથે જોડીને વિવિધ દાવાઓ કરવામાં આવ્યા. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે તેને બંનેના ડેટિંગનો પુરાવો પણ ગણાવવાનું શરૂ કરી દીધું. જોકે, તે સમયે ઉપલબ્ધ માહિતીમાં આવી કોઈ ડેટની પુષ્ટિ થઈ ન હતી.

વાયરલ ક્લિપના આધારે સોશિયલ મીડિયા પર એવો દાવો કરવામાં આવ્યો હતો કે મૃણાલ અને યશસ્વી એક જ જગ્યાએ પહોંચ્યા હતા અને બાદમાં અલગ-અલગ ત્યાંથી નીકળ્યા હતા. આ જ વાતથી અફવાઓને વધુ વેગ મળ્યો. જોકે, કેટલીક સોશિયલ મીડિયા ચર્ચાઓમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે વાયરલ ક્લિપને અલગ-અલગ વીડિયોને જોડીને તૈયાર કરવામાં આવી હતી. તેથી વીડિયોને બંનેના સંબંધનો પાક્કો પુરાવો માનવો યોગ્ય નહોતો.

લગાતાર ચાલી રહેલી આ અફવાઓ વચ્ચે મૃણાલ ઠાકુરે હવે સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપી છે. તેમણે વાયરલ દાવાઓને લઈને સ્પષ્ટપણે નારાજગી વ્યક્ત કરી અને લખ્યું- 'Bro relax' એટલે કે ભાઈ, થોડો આરામ કરો. તેમની પ્રતિક્રિયાનો અંદાજ એ દર્શાવે છે કે તેઓ આ પ્રકારની અટકળોને ગંભીરતાથી લઈ રહ્યા નથી. તેમણે સોશિયલ મીડિયા યુઝર્સને પુષ્ટિ વિના કોઈના અંગત જીવન વિશે નિષ્કર્ષ કાઢવાથી બચવાનો સંદેશ પણ આપ્યો.

મૃણાલે પોતાની પ્રતિક્રિયામાં Gen Z એટલે કે યુવા સોશિયલ મીડિયા યુઝર્સને પણ સંબોધિત કર્યા. તેમણે ઈશારામાં કહ્યું કે સોશિયલ મીડિયાનો ઉપયોગ ફક્ત સેલિબ્રિટીના અંગત જીવન વિશે અફવાઓ ફેલાવવા માટે ન થવો જોઈએ. યુવાનોએ મહત્વપૂર્ણ અને જરૂરી મુદ્દાઓ પર વીડિયો બનાવવા જોઈએ. આ રીતે મૃણાલે ડેટિંગની અટકળોને હવા આપવાને બદલે વાતચીતને અન્ય ગંભીર મુદ્દાઓ તરફ વાળવાનો પ્રયાસ કર્યો.

મૃણાલ ઠાકુરનો જન્મ 1992માં થયો છે, જ્યારે યશસ્વી જયસ્વાલનો જન્મ 2001માં થયો હતો. આ હિસાબે બંનેની ઉંમરમાં લગભગ 9-10 વર્ષનો તફાવત છે. આ જ ઉંમરનો તફાવત પણ સોશિયલ મીડિયા પર બંનેની કથિત ડેટિંગને લઈને ચર્ચાનું એક મોટું કારણ બન્યો. જોકે, ઉંમરના તફાવત કરતાં વધુ મહત્વની વાત એ છે કે બંનેએ પોતાના સંબંધોને લઈને કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.



# ‘ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ’ ના 85મા સંસ્કરણમાં રમતગમત મંત્રી માંડવિયાએ ડ્રગ વિરોધી શપથ લેવડાવ્યા



ભાવનગર: ‘ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ’ ના 85મા સંસ્કરણનું આયોજન રવિવારે સવારે ભાવનગર જિલ્લાના મોડેલ ગ્રામીણ ગામ હનોલ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત અને શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ કાર્યક્રમનું નેતૃત્વ કર્યું હતું. SAI મીડિયા તરફથી એક મીડિયા રિલીઝ અનુસાર, આ કાર્યક્રમનું આયોજન ‘નશા મુક્ત ભારત અભિયાન’ થીમ હેઠળ કરવામાં આવ્યું હતું, જે માંડવિયાના પૈતૃક ઘર છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ મહિનાની શરૂઆતમાં ડ્રગ વ્યસનના દૂષણનો સામનો કરવાના ઉદ્દેશ્યથી ‘નશા મુક્ત યુવા ફોર વિક્ષિત ભારત સંકલ્પ અભિયાન’ શરૂ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત નૃત્ય સત્રથી થઈ હતી, જેમાં લોકો લોકપ્રિય હિન્દી ફિલ્મ ગીતો પર ઝૂમી રહ્યા હતા, ત્યારબાદ ઉપસ્થિતોએ સુંદરતાથી ગરબા રજૂ કર્યા હતા. ત્યારબાદ માંડવિયાએ ડ્રગ વિરોધી શપથ લેવડાવ્યા હતા. ઉપસ્થિતોને સંબોધન કર્યું, ત્યારબાદ તેમના નેતૃત્વ હેઠળના જૂથે સાયકલ ચલાવી. સાયકલિંગ પ્રતિનિધિમંડળે હનોલ ગામના લીલાછમ મનોહર ખેતરોમાં 6.2 કિમી સુધી પેડલિંગ કર્યું.સાયકલિંગ પછી SAI મીડિયાને સંબોધતા, માંડવિયાએ કહ્યું કે ‘FIT India- Sundays on Cycle’ લોકપ્રિયતામાં વધારો થયો છે, અને હવે તે ગામડાઓમાં પણ ફેલાઈ રહ્યો છે, જે PM મોદીના Fit India કાર્યક્રમને આગળ ધપાવી રહ્યો છે. સન્ડે ઓન સાયકલ હવે એક ચળવળ તરીકે ઉભરી આવ્યું છે; સાયકલિંગ ગ્રામીણ વિસ્તારોમાં પણ લોકપ્રિયતામાં વધારો કરી રહ્યું છે. આ કાર્યક્રમ 18,000 સ્થળોએ યોજાઈ રહ્યો છે, જે દર્શાવે છે કે લોકો નશા મુક્ત ભારત અભિયાનનો ભાગ બની રહ્યા છે. ANI સાથે વાત કરતા તેમણે કહ્યું, “મને આનંદ છે કે આ પહેલ પ્રધાનમંત્રીના ‘ફિટ ઈન્ડિયા ચળવળ’ને આગળ વધારવા માટે એક મુખ્ય ચળવળમાં ફેરવાઈ છે. દેશભરમાં 18,000 થી વધુ સ્થળોએ યુવાનોએ સાયકલિંગ દ્વારા સંદેશ આપ્યો છે.” આ કાર્યક્રમમાં માય ભારત સ્વયંસેવકો, સાયકલિંગ ઉત્સાહીઓ, NSS સભ્યો અને ગામના રહેવાસીઓએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. સાયકલિંગ ઉપરાંત, આ ઈવેન્ટમાં એક પ્રભાવશાળી ગેમ ઝોન પણ હતો જેમાં વોલીબોલ, ચેસ, કેરમ, બેડમિન્ટન વગેરે રમતોનો સમાવેશ થતો હતો. ડિસેમ્બર 2024 માં કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા દ્વારા શરૂ કરાયેલ, ફિટ ઈન્ડિયા સન્ડે ઓન સાયકલનું આયોજન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય (MYAS) દ્વારા સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (CFI), ઈન્ડિયન રોપ સ્કિપિંગ ફેડરેશન, યોગાસન ભારત, રાહગિરી ફાઉન્ડેશન, MY બાઈક્સ અને MY ભારત સાથે મળીને કરવામાં આવે છે.

# શ્રીલંકા સામેની ટેસ્ટ સીરિઝ પહેલા ભારતીય ટીમ માટે રાહત: નેટ્સમાં પરત ફર્યો શુભમન ગિલ!

(એજન્સી) નવી દિલ્હી | તા 09

શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી પહેલા ભારતીય ટીમને રાહત મળી છે. આંગળીમાં ઈજાને કારણે વોર્મ-અપ મેચમાંથી બહાર રહેલા કેપ્ટન શુભમન ગિલે રવિવારે બેટિંગ પ્રેક્ટિસ શરૂ કરી. કોલંબોમાં નેટ્સમાં તેણે સીમર્સ અને સ્પિનર્સ સામે સહજતાથી બેટિંગ કરી, જેથી 15 ઓગસ્ટથી શરૂ થતી પ્રથમ ટેસ્ટમાં તેની ઉપલબ્ધતાની ચિંતા દૂર થઈ છે.



શ્રીલંકા સામેની આગામી બે મેચોની મહત્વપૂર્ણ ટેસ્ટ સીરિઝ પહેલા ભારતીય ક્રિકેટ ટીમ અને ચાહકો માટે ખુશીના સમાચાર આવ્યા છે. શ્રીલંકા સામેની ત્રણ દિવસીય વોર્મ-અપ મેચમાંથી બહાર રહ્યા બાદ, ભારતીય કેપ્ટન શુભમન ગિલે રવિવારે ફરીથી બેટિંગ પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. ગુરુવારે પ્રેક્ટિસ સેશન દરમિયાન બેટિંગ કરતી વખતે 26 વર્ષીય શુભમન ગિલને જમણા હાથની અનામિકા (રિંગ ફિંગર) પર ઈજા થઈ હતી.સાવચેતીના પગલાં: NCC ગ્રાઉન્ડ ખાતે રમાયેલી એકમાત્ર વોર્મ-અપ મેચમાં બીસીસીઆઈ દ્વારા સાવચેતીના ભાગરૂપે તેને આરામ આપવામાં આવ્યો હતો.કાર્યકારી સુકાની: ગિલની ગેરહાજરીમાં સિનિયર વિકેટકીપર-બેટર કે. એલ. રાહુલે ટીમનું નેતૃત્વ સંભાળ્યું હતું.

જાડેજાને મોકો: મેચના બીજા દિવસે પણ ગિલ બેટિંગ કરવા નહોતો ઉતર્યો, અને તેના સ્થાને અનુભવી ઓલરાઉન્ડર રવીન્દ્ર જડેજા ચોથા નંબરે બેટિંગ કરવા આવ્યો હતો.

વૉર્મ-અપ મેચના અંતિમ દિવસે ગિલની વાપસીથી પ્રથમ ટેસ્ટમાં તેની ઉપલબ્ધતા અંગેની તમામ ચિંતાઓ દૂર થઈ ગઈ છે.

સાઈડ નેટ્સમાં લાંબા સમય સુધી ચાલેલા પ્રેક્ટિસ સેશનમાં ગિલે સંપૂર્ણ રીતે ભાગ લીધો હતો. ગિલ સીમર્સ અને સ્પિનર્સ બંને સામે કોઈ પણ પ્રકારની તકલીફ વગર સહજતાથી બેટિંગ કરતો જોવા મળ્યો હતો.

ભારત વિ. શ્રીલંકા ટેસ્ટ સીરિઝનું સંપૂર્ણ શેડ્યૂલભારતીય ટીમ કોલંબોમાં વોર્મ-અપ મેચ પૂર્ણ થયા બાદ પ્રથમ ટેસ્ટ માટે ગૌલ તરફ રવાના થશે. WTC ફાઈનલની રેસમાં આ સીરિઝ કેમ છે મહત્વપૂર્ણ?ભારતીય ટીમે છેલ્લે જૂન મહિનામાં ન્યૂ ચંદીગઢ ખાતે અફઘાનિસ્તાન સામે એકમાત્ર ટેસ્ટ મેચ રમી હતી.પોઈન્ટ્સ ટેબલની સ્થિતિ: હાલમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ના પોઈન્ટ્સ ટેબલમાં ભારત 5મા ક્રમે છે, જ્યારે શ્રીલંકાની ટીમ 6ઠ્ઠા ક્રમે છે.ફાઈનલની આશા: WTC ફાઈનલમાં પહોંચવાની પોતાની દાવેદારી મજબૂત કરવા માટે ભારત માટે શ્રીલંકા સામેની આ સીરિઝ જીતવી અત્યંત જરૂરી છે.

# સચિન-કોહલી નહીં, આ દિગ્ગજ છે ‘ઑલ-ટાઇમ બેસ્ટ ક્રિકેટર’, બ્રેટ લીના દાવાએ સૌને ચોંકાવ્યા



**ઓસ્ટ્રેલિયાના પૂર્વ ફાસ્ટ બોલર બ્રેટ લીએ ‘ઓલ-ટાઇમ ગ્રેટ’ ક્રિકેટર અંગે મોટો દાવો કર્યો છે. તેમના મતે સચિન તેંડુલકર સર્વશ્રેષ્ઠ બેટ્સમેન છે, પરંતુ દક્ષિણ આફ્રિકાના જેક્સ કેલિસ ‘ઓવરઓલ ઑલ-ટાઇમ ક્રિકેટર’ તરીકે નંબર-1 છે. બ્રેટ લીએ કેલિસના અદભુત આંકડાઓની પ્રશંસા કરતા કહ્યું કે આંકડા ક્યારેય જૂઠું બોલતા નથી. તેમણે વિરાટ કોહલીના ટીકાકારોને પણ જડબાતોડ જવાબ આપ્યો.**

(એજન્સી) નવી દિલ્હી | તા 09

ક્રિકેટના ઈતિહાસમાં ‘ઓલ-ટાઈમ ગ્રેટ’ ખેલાડી કોણ છે તે અંગે હંમેશાં રસપ્રદ ચર્ચાઓ થતી રહે છે. મોટાભાગના વિવેચકો અને દિગ્ગજો ભારતના મહાન બેટ્સમેન સચિન તેંડુલકર કે વિરાટ કોહલીને આ યાદીમાં ટોચ પર રાખે છે. પરંતુ ઓસ્ટ્રેલિયાના પૂર્વ દિગ્ગજ ફાસ્ટ બોલર બ્રેટ લીએ આ ચર્ચાને એક નવો જ વળાંક આપ્યો છે. બ્રેટ લીના મતે સચિન તેંડુલકર દુનિયાના સર્વશ્રેષ્ઠ બેટ્સમેન છે, પરંતુ જ્યારે સમગ્ર ‘ઓવરઓલ ઓલ-ટાઈમ ક્રિકેટર’ ની વાત આવે ત્યારે દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ઓલરાઉન્ડર જેક્સ કેલિસ નંબર-1 સ્થાને આવે છે.હાલમાં જ એક શોમાં વાત કરતી વખતે બ્રેટ લીએ જેક્સ કેલિસના અવિશ્વસનીય આંકડાઓની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, “મારી નજરમાં સૌથી શ્રેષ્ઠ બેટ્સમેન સચિન તેંડુલકર છે. પરંતુ એક ઓવરઓલ ક્રિકેટર તરીકે જોવામાં આવે તો જેક્સ કેલિસથી મોટો કોઈ ખેલાડી નથી. તમે તેના આંકડા જુઓ, આંકડા ક્યારેય જૂઠું બોલતા નથી અને તેનો રેકોર્ડ અદભુત છે.” નોંધનીય છે કે બ્રેટ લી અને જેક્સ કેલિસ IPL માં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) તરફથી એકસાથે રમી ચૂક્યા છે અને 2012 માં ટાઈટલ જીતનારી ગૌતમ ગંભીરની ટીમનો પણ ભાગ હતા.જેક્સ કેલિસે 1995 થી 2014 વચ્ચે દક્ષિણ આફ્રિકા માટે રમતા ટેસ્ટ ક્રિકેટમાં 13289 રન અને વનડેમાં 11579 રન બનાવ્યા છે. આ સાથે જ તેણે બોલિંગમાં ટેસ્ટમાં 292 વિકેટ અને વનડેમાં 273 વિકેટ પણ ઝડપી છે. બીજી તરફ, 24 વર્ષ સુધી ભારતનું પ્રતિનિધિત્વ કરનાર સચિન તેંડુલકરે ટેસ્ટમાં 15921 રન અને વનડેમાં 18426 રન બનાવીને બંને ફોર્મેટમાં સૌથી વધુ રન બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે રાખ્યો છે.

પોડકાસ્ટ દરમિયાન બ્રેટ લીએ ભારતીય સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીના પણ મુક્તકંઠે વખાણ કર્યા હતા. વિરાટના કરિયરના શરૂઆતના દિવસોને યાદ કરતા તેમણે કહ્યું કે, જ્યારે તેઓ પહેલીવાર વિરાટની આંખોમાં જોતા ત્યારે એક અલગ જ જુસ્સો અને પડકાર દેખાતો હતો. વિરાટના ફોર્મ પર સવાલ ઉઠાવતા આલોચકો પર નિશાન સાધતા બ્રેટ લીએ કહ્યું કે, “જો વિરાટ કોઈ એક-બે મેચમાં રન ન બનાવે તો લોકો કહેવા લાગે છે કે તેનો સમય પૂરો થઈ ગયો, જે સાવ બકવાસ વાત છે. તેનો અદ્ભુત રેકોર્ડ જુઓ, વિરાટમાં હજુ પણ ઘણું ક્રિકેટ બાકી છે.”

# ‘સર’ જાડેજાએ ટીમ ઈન્ડિયાના સ્ટાર બોલરની એક્શનની નકલ કરી, ગંભીર ખડખડાટ હસ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 09

શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી પહેલા ભારતીય ટીમ પ્રેક્ટિસમાં વ્યસ્ત છે. પ્રેક્ટિસ મેચ દરમિયાન રવિન્દ્ર જાડેજાએ કુલદીપ યાદવની બોલિંગ એક્શનની નકલ કરી હતી. આ જોઈને હેડ કોચ ગૌતમ ગંભીર હસી પડ્યા હતા. ડાબા હાથના સ્પિનર જાડેજાએ કુલદીપના રન-અપથી લઈને બોલ ફેંકવાના અંદાજ સુધીની નકલ કરી હતી, જેનો વીડિયો પણ વાયરલ થયો છે. જાડેજાએ 15 ઓવરમાં 64 રન આપી 2 વિકેટ ઝડપી અને 63 રન બનાવ્યા હતા.શ્રીલંકા સામેની બે મેચોની ટેસ્ટ સિરીઝ પહેલા ભારતીય ટીમ મેદાન પર પોતાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં વ્યસ્ત છે. શ્રીલંકા ક્રિકેટ (SLC) XI સામેની ત્રણ દિવસીય પ્રેક્ટિસ મેચના બીજા દિવસે એક એવી રમુજી ક્ષણ જોવા મળી, જેણે ભારતીય કેમ્પનો માહોલ હળવો કરી દીધો. રવીન્દ્ર જાડેજા અચાનક સ્પિનર કુલદીપ યાદવના



અંદાજમાં બોલિંગ કરવા લાગ્યા. તેમનું આ રૂપ જોઈને હેડ કોચ ગૌતમ ગંભીર પોતાની હસી રોકી ન શક્યો અને .ખડખડાટ હસી પડ્યો. આ રમુજી ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. ‘સર’ જાડેજાએ કુલદીપના ખાસ રન-અપથી લઈને બોલ ફેંકવાના અંદાજ સુધીની નકલ કરી. તેણે કુલદીપની એક્શનને થોડી અતિશયોક્તિ સાથે રજૂ કરી હતી, જેને જોઈને ડગઆઉટમાં બેઠેલો ગંભીર ખડખડાટ હસી પડ્યો.કુલદીપ યાદવ ડાબા હાથનો રિસ્ટ સ્પિનર છે અને તેની બોલિંગ એક્શન રવીન્દ્ર જાડેજાથી બિલકુલ અલગ છે. જાડેજા સામાન્ય રીતે ખૂબ જ નાના રન-અપ સાથે ડાબા હાથે સ્પિન બોલિંગ કરે છે. એવામાં જ્યારે તેણે કુલદીપની જેમ બોલ ફેંકવાનો પ્રયાસ કર્યો ત્યારે નજારો ખૂબ જ મજેદાર બની ગયો.

પ્રેક્ટિસ મેચમાં બંનેને લાંબો સ્પેલ નાખવાની તક મળી હતી. જાડેજાએ 15 ઓવરમાં 64 રન આપીને બે વિકેટ ઝડપી હતી. તેણે પસિન્દુ સૂરિયાબંડારા અને રમેશ મેન્ડિસને આઉટ કર્યા હતા.રવીન્દ્ર જાડેજાએ બોલિંગ બાદ બેટિંગમાં પણ ઉપયોગી પ્રદર્શન કર્યું હતું. ભારત એક સમયે 174 રન પર 4 વિકેટ ગુમાવી ચૂક્યું હતું. અહીંથી જાડેજાએ માનવ સુથાર સાથે મળીને ઈનિંગ્સને સંભાળી. 7 ચોગ્ગાની મદદથી 117 બોલમાં 63 રન બનાવ્યા બાદ જાડેજા રિટાયર્ડ હર્ટ થયો હતો, જેથી અન્ય બેટ્સમેનોને પણ પ્રેક્ટિસ કરવાની તક મળી શકે.ભારતની બેટિંગનું મુખ્ય આકર્ષણ દેવદત્ત પડિક્કલ રહ્યો. તેણે સદી ફટકારીને ગોલ ટેસ્ટ મેચમાં નંબર-3 પોઝિશન માટે પોતાનો દાવો મજબૂત કર્યો હતો. પડિક્કલની સદી અને નીચલા ક્રમ તરફથી મળેલા યોગદાનના દમ પર ભારતીય ટીમે બીજા દિવસે 6 વિકેટે 357 રન બનાવ્યા હતા.

# "વિરાટ એક અનુકરણીય વ્યાવસાયિક છે": લક્ષ્મણે કોહલીની પ્રશંસા કરી



બેંગલુરુ: ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) ના વડા VVS લક્ષ્મણે રવિવારે મહાન ભારતીય બેટ્સમેન વિરાટ કોહલીની એક અનુકરણીય વ્યાવસાયિક અને રોલ મોડેલ તરીકે પ્રશંસા કરી. તેમણે ભાર મૂક્યો કે કોહલી સતત પોતાના માટે ખૂબ જ ઉચ્ચ ધોરણો નક્કી કરે છે અને દર વખતે જ્યારે તે રમે છે ત્યારે તેને પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે, યુવા ક્રિકેટરો અને સાથી ખેલાડીઓને તેનું અનુકરણ કરવા પ્રેરણા આપે છે. ‘મને લાગે છે કે તેમાં કોઈ શંકા નથી કે વિરાટ એક અનુકરણીય વ્યાવસાયિક છે. અને તે પોતાના માટે જે ધોરણો નક્કી કરે છે તે કંઈક એવું છે જેનો તે પ્રયાસ કરે છે અને દર વખતે જ્યારે તે (કોઈ પણ ટીમ માટે) રમે છે ત્યારે તે ધોરણો પૂર્ણ કરે છે,‘ લક્ષ્મણે રવિવારે બેંગલુરુમાં એક પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારોને કહ્યું. ‘અને તેથી જ તે એક મહાન રોલ મોડેલ છે. અને મને લાગે છે કે ઘણા યુવાનો અથવા ખેલાડીઓ તેનું અનુકરણ કરવા માંગે છે,‘ તેમણે ઉમેર્યું. ભારતની વધતી જતી ઈજાઓની યાદી પર તપાસ વચ્ચે લક્ષ્મણે BCCI સેન્ટર ઓફ એક્સેલન્સનો પણ બચાવ કર્યો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈજાઓ ક્રિકેટરના કારકિર્દીનો અનિવાર્ય ભાગ છે અને કહ્યું કે પ્રાથમિકતા ખેલાડીઓનું કાળજીપૂર્વક નિરીક્ષણ અને સંચાલન હોવી જોઈએ, CoE ને દોષ આપવા અથવા બલિનો બકરો શોધવાને બદલે. ઘણા મુખ્ય ખેલાડીઓ હાલમાં ઈજાઓનો સામનો કરી રહ્યા છે, જેમાં જસપ્રીત બુમરાહ, સાઈ સુધરસન, હર્ષિત રાણા, નીતિશ કુમાર રેડ્ડી અને વોશિંગ્ટન સુંદર ફિટનેસની ચિંતાઓનો સામનો કરી રહ્યા છે.

‘CoE ફક્ત એક પુનર્વસન કેન્દ્ર નથી. ક્રિકેટરોને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવામાં મદદ કરવા માટે તેના માટે મોટી ભૂમિકાઓ ભજવવાની છે,‘ લક્ષ્મણે કહ્યું. લક્ષ્મણે CoE ખાતે રમતગમત વિજ્ઞાન અને દવાના વડા (SSM) ના ખાલી પદ વિશે પણ વાત કરતા કહ્યું કે BCCI ને આ ભૂમિકા માટે યોગ્ય ઉમેદવાર શોધવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. તેમણે કહ્યું કે આ પદ માટે માત્ર કદ અને અનુભવ જ નહીં પરંતુ ભારતીય ક્રિકેટરો અને તેમની જરૂરિયાતોની સમજ પણ જરૂરી છે. ‘નીતિન (પટેલ) ગયા પછી, અમે તેમના જૂતા ભરી શક્યા નહીં. બધું જ સંમત થયું; એન્ડ્રુ (લીપસ) કૌટુંબિક કારણોસર પાછળ હટી ગયો,‘ લક્ષ્મણે કહ્યું.

# ટીમમાં કોને રમાડવો હવે એ પણ પ્રશ્ન!

# 13 ખેલાડીઓની ઈજા BCCI માટે માથાનો દુ:ખાવો બની

(એજન્સી) નવી દિલ્હી | તા 09

શ્રીલંકા સામે 15 ઓગસ્ટથી શરૂ થતી ટેસ્ટ શ્રેણી પહેલાં ભારતીય ટીમને મોટો ઝટકો લાગ્યો છે. બુમરાહ, હાર્દિક, ગિલ સહિત કુલ 13 ખેલાડીઓ ઈજાગ્રસ્ત થતાં BCCIના બેંગલુરુ સ્થિત ‘સેન્ટર ઓફ એક્સેલન્સ’માં ‘ઈન્જરી ઈમરજન્સી’ જેવો માહોલ સર્જાયો છે. દેવદત્ત પડિક્કલના શતક છતાં, કેપ્ટન સહિત અનેક ખેલાડીઓની ઈજાઓએ ટીમ મેનેજમેન્ટની ચિંતા વધારી છે. આ અંગે BCCI સચિવ દેવજીત સાઈકિયા CoEની મુલાકાત લેશે.

15 ઓગસ્ટથી શરૂ થતી શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ મેચ પહેલાં ભારતીય ક્રિકેટ ટીમમાં મોટો આંચકો આવ્યો છે. ડાબોડી બેટ્સમેન સાઈ સુદર્શન ઈજાના કારણે શ્રેણીમાંથી બહાર થયા બાદ એવા અહેવાલો સામે આવ્યા છે કે જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યા અને કેપ્ટન ગિલ સહિત કુલ 13 મહત્ત્વના ખેલાડીઓ ઈજાઓ સામે ઝઝૂમી રહ્યા છે. વર્તમાન પરિસ્થિતિને જોતાં ભારતીય ટીમમાં ‘ઈન્જરી ઈમરજન્સી’ જેવો માહોલ સર્જાયો છે અને બેંગલુરુ સ્થિત BCCI નું ‘સેન્ટર ઓફ એક્સેલન્સ’ (CoE) કોઈ નાના હોસ્પિટલમાં ફેરવાઈ ગયું હોય તેવી સ્થિતિ ઊભી થઈ છે.શ્રીલંકા સામે વૉર્મ-અપ મેચમાં દેવદત્ત પડિક્કલના શાનદાર શતક, કે.એલ. રાહુલના 40 અને રવીન્દ્ર જાડેજાના 63 રનની મદદથી ટીમે મજબૂત પ્રદર્શન તો કર્યું છે, પરંતુ કેપ્ટન શુભમન ગિલ સહિત અનેક ખેલાડીઓની ઈજાઓએ ટીમ મેનેજમેન્ટની ચિંતા વધારી દીધી છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ની રેસમાં ટકી રહેવા માટે ભારત માટે આગામી 9 ટેસ્ટમાંથી 7 માં જીત મેળવવી અનિવાર્ય છે.અહીં નોંધનીય છે કે, 2025 ના પ્રારંભમાં નિતિન પટેલના રાજીનામા બાદથી



## ઈજાગ્રસ્ત ખેલાડીઓની યાદી અને વિગતો:

પીટીઆઈ (PTI) ના અહેવાલ અનુસાર, વિવિધ ઇજાઓને કારણે ભારતીય ટીમ નીચે મુજબના મુખ્ય ખેલાડીઓથી વંચિત થઈ છે:

જસપ્રીત બુમરાહ: ઘૂંટણમાં સોજો, સાઇ સુદર્શન: ડાબા પગના અંગૂઠામાં ઇજા, હર્ષિત રાણા અને નીતિશ કુમાર રેડ્ડી: હેમસ્ટ્રિંગની સમસ્યા, વોશિંગ્ટન સુંદર: ક્વાડ્રિસેપ્સ ઇજા, આકાશ દીપ: પીઠના નીચલા ભાગમાં સ્ટ્રેસ ફ્રેક્ચર (લાંબા સમયથી બહાર), વ્હાઇટ-બોલ સ્પેશિયાલિસ્ટ્સ: હાર્દિક પંડ્યા (ક્વાડ્રિસેપ્સ), વરુણ ચક્રવર્તી (હેમસ્ટ્રિંગ) અને પ્રિન્સ યાદવ (હેમસ્ટ્રિંગ)

CoE ના સ્પોર્ટ્સ સાયન્સ વિભાગમાં કોઈ કાયમી હેડ નથી, જેના કારણે સ્પોર્ટ્સ સાયન્સ ટીમ પર કામનું ભારણ અત્યંત વધી ગયું છે.એક પછી એક ખેલાડીઓ ઈજાગ્રસ્ત થવાની ઘટનાઓ ગંભીર બનતાં BCCI એક્શનમાં આવ્યું છે. બોર્ડના સેક્રેટરી દેવજીત સાઈકિયા રવિવારે ‘સેન્ટર ઓફ એક્સેલન્સ’ (CoE) ખાતે ક્રિકેટ હેડ વીવીએસ લક્ષ્મણ સાથે ખાસ મુલાકાત કરશે અને ખેલાડીઓના રિહેબ તથા રિકવરી પ્રક્રિયાની રૂબરૂ સમીક્ષા કરશે.આ બેઠકમાં મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને ચીફ સિલેક્ટર અજિત અગરકર ઓનલાઈન જોડાશે કે નહીં તે અંગે હજુ સ્પષ્ટતા નથી. એવા પણ અહેવાલો છે કે CoE અને સિલેક્શન કમિટી વચ્ચે ખેલાડીઓની ફિટનેસ અને રિટર્ન ટાઈમલાઈનને લઈને મતભેદો રહ્યા છે, અને કેટલીકવાર પૂરી ફિટનેસ મેળવ્યા વિના જ ખેલાડીઓને રિલીઝ કરી દેવામાં આવ્યા હોવાના સવાલો ઊભા થયા છે.

# CoE પુનર્વસન કેન્દ્ર નથી: વધતી જતી ઈજાઓની ચિંતાઓ વચ્ચે VVS લક્ષ્મણ

બેંગલુરુ: ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) ના વડા VVS લક્ષ્મણે જણાવ્યું હતું કે આ સુવિધા ફક્ત ઈજાગ્રસ્ત ખેલાડીઓના પુનર્વસન કરતાં વધુ વ્યાપક જવાબદારી ધરાવે છે અને ઈજાઓને રોકવા અને તેનું સંચાલન કરવામાં દેખરેખ પ્રણાલીના મહત્વ પર ભાર મૂક્યો હતો. બેંગલુરુમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, લક્ષ્મણે કહ્યું કે ઈજાઓ એ રમતવીરની કારકિર્દીનો અનિવાર્ય ભાગ છે અને જ્યારે ખેલાડીઓ આંચકો અનુભવે છે ત્યારે દોષ સોંપવાનો ઈનકાર કર્યો હતો. “CoE પુનર્વસન કેન્દ્ર નથી. BCCI દ્વારા આપવામાં આવેલી મોટી જવાબદારી અને આદેશ છે,” લક્ષ્મણે કહ્યું. “ઈજાઓ કોઈપણ ખેલાડીની કારકિર્દીનો અભિન્ન ભાગ છે. તેથી જ દેખરેખ પ્રણાલી ખૂબ જ મહત્વપૂર્ણ છે. અને અમે દોષ શબ્દનો ઉપયોગ કરતા નથી; પછી અમે બલિના બકરા શોધવાનો પ્રયાસ કરીશું,” તેમણે ઉમેર્યું. ઈજાઓના તાજેતરના તબક્કા અંગે ચિંતાઓ વચ્ચે, BCCI સચિવ દેવજીત સૈકિયા રવિવારે લક્ષ્મણને મળ્યા અને પુનર્વસન અને ઈજા-વ્યવસ્થાપન કાર્યક્રમની સમીક્ષા કરી. સુવિધા. સૈકિયાએ BCCI પ્રમુખ મિથુન મનહાસ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે પ્રેસ કોન્ફરન્સમાં પણ હાજરી આપી હતી. લક્ષ્મણે CoE ખાતે સ્પોર્ટ્સ સાયન્સ એન્ડ મેડિસિનના વડા (SSM) ના ખાલી પદ વિશે પણ વાત કરતા કહ્યું કે BCCI ને આ પદ માટે યોગ્ય ઉમેદવાર શોધવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે કહ્યું કે આ પદ માટે માત્ર કદ અને અનુભવ જ નહીં પરંતુ ભારતીય ક્રિકેટરો અને તેમની જરૂરિયાતોની સમજ પણ જરૂરી છે.“નીતિન (પટેલ) ગયા પછી, અમે તેમનું સ્થાન બદલી શક્યા નહીં. બધું જ સંમત થયું હતું; એન્ડ્રુ (લીપસ) પારિવારિક કારણોસર પાછળ હટી ગયો,” લક્ષ્મણે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું. તેમણે ઉમેર્યું કે BCCI એ આ પદ માટે પાંચ ઉમેદવારોની પસંદગી કરી હતી, પરંતુ અગ્રણી ઉમેદવાર, એક ઓસ્ટ્રેલિયન જેનું નામ તેમણે જાહેર કર્યું ન હતું, તે આખરે બેંગલુરુ સ્થળાંતર ન કરી શકે તે નક્કી કર્યા પછી પાછો હટી ગયો. “અમે પાંચ ઉમેદવારોને શોર્ટલિસ્ટ કર્યા; નંબર 1 ઓસ્ટ્રેલિયન હતો, તેનું નામ આપી શકાતું નથી. તે અચાનક પાછળ હટી ગયો, અને કહ્યું કે તે બેંગલુરુ જઈ શકતો નથી. તે સલાહકાર ભૂમિકા નથી. તમે ઇચ્છો છો કે તે વ્યક્તિ ત્યાં હોય. તે રોજિંદા દેખરેખ છે,” લક્ષ્મણે કહ્યું. લક્ષ્મણે વધુમાં કહ્યું કે SSM ના વડાની ગેરહાજરીમાં, CoE ના વર્ટિકલ હેડ્સ જવાબદારીઓ સંભાળવા માટે આગળ આવ્યા છે.” અન્ય એક વ્યાવસાયિક, ઓલ બ્લેક્સના વડા... તેમણે સંમતિ આપી અને પાછળ હટી ગયા. તે પદ ભરવા માટે, ફક્ત કદ અને અનુભવ જ નહીં, પરંતુ ભારતીય ક્રિકેટરોની સમજ મહત્વપૂર્ણ છે. SSM ના વડાનું પદ ભરાતું ન હોવાથી, વર્ટિકલ હેડ્સ આગળ આવ્યા છે,” તેમણે કહ્યું. આ ટિપ્પણીઓ વચ્ચે આવે છે. CoE ના ઈજા-વ્યવસ્થાપન કાર્યક્રમ અંગે ચિંતા વધી રહી છે.

### રશિયા પાસેથી ક્રૂડ-ગેસની ખરીદી બદલ ભારત સહિતના પાંચ દેશો પર ટેરિફનો કોરડો વિંઝાશે

# ભારત પર ટ્રમ્પનો 100 ટકા ટેરિફ હાથવેંતમાં

## બિલ અમેરિકન સેનેટમાં 86-11ના જંગી બહુમતથી પસાર, હવે 31 ઓગસ્ટે પ્રતિનિધિ સભામાં રજૂ કરાશે

**રશિયા પાસેથી ક્રૂડ-ગેસ ખરીદતા ભારત સહિત પાંચ દેશો પર 100% ટેરિફ લાદવા અમેરિકન સેનેટમાં બિલ 86-11ના જંગી બહુમતીથી પસાર થયું છે. 31 ઓગસ્ટે પ્રતિનિધિ સભામાં રજૂ કરાશે. આ બિલનો ઉદ્દેશ્ય રશિયાને યુક્રેન યુદ્ધમાં મળતી આર્થિક મદદ રોકવાનો છે. જોકે, કેટલાક દેશોને મુક્તિ મળી શકે છે.**

વોશિંગ્ટન : રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને ગેસની ખરીદી કરતા દેશોને દંડ કરવા માટે તેમના પર ૧૦૦ ટકા ટેરિફ નાંખવા માટેનું એક બિલ અમેરિકન સેનેટમાં જંગી મતોથી પસાર થઈ ગયું છે. આ બિલ હવે ૩૧ ઓગસ્ટે યુએસ પ્રતિનિધિ સભામાં રજૂ કરાશે ત્યાર પછી ટ્રમ્પના હસ્તાક્ષરથી તે કાયદો બની જશે. આ બિલનો આશય ભારત અને ચીન સહિતના દેશોને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને ગેસની ખરીદી કરતા રોકવાનો છે. પશ્ચિમી દેશોનું માનવું છે કે રશિયા સાથેના વેપારથી યુક્રેનમાં યુદ્ધમાં રશિયન પ્રમુખ પુતિનને મદદ મળી રહી છે.

યુક્રેન સામે રશિયાનું યુદ્ધ રોકવા માટે રશિયા પર નવા સેકન્ડરી પ્રતિબંધો અંગેનું એક બિલ અમેરિકન સેનેટમાં ૮૬ વિ. ૧૧ના જંગી બહુમતથી પસાર થઈ ગયું છે. આ બિલનું નામ બદલીને લિન્ડસે ઓ. ગ્રાહમ સેન્કશનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬ કરાયું છે. આ બિલ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને ગેસ ખરીદતા ટોચના પાંચ આયાતકાર દેશો પર ૧૦૦ ટકા ઈમ્પોર્ટ ડ્યુટી નાંખવાની સત્તા આપે છે. જોકે, આ બિલ પસાર થવાનો અર્થ એ નથી કે અમેરિકા ભારત પર ૧૦૦ ટકા



ટેરિફ નાંખશે.

આ બિલ કેટલાક દેશોને રાહત પણ આપે છે, જેના હેઠળ રશિયાના કુદરતી ગેસની આયાત ૧૫ ટકાથી ઓછી હોય અને રશિયાની ગેસની ખરીદી સતત ઘટાડતા હોય તેવા દેશોને ટેરિફમાંથી મુક્તિની પણ જોગવાઈ છે. આ જોગવાઈના પગલે રશિયા પાસેથી કુદરતી ગેસ ખરીદતા ફ્રાન્સ, હંગેરી, બેલ્જિયમ, જાપાન જેવા દેશોને રાહત મળે તેવી શક્યતા છે.

હાલમાં ચીન, ભારત, અઝરબૈજાન, હંગેરી અને સ્લોવાકિયા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને ગેસના ટોચા પાંચ આયાતકાર દેશ છે. રશિયા પર અમેરિકા સહિત પશ્ચિમી દેશોના પ્રતિબંધો છતાં ભારતે રશિયા પાસેથી વિક્રમી પ્રમાણમાં ક્રૂડ ઓઈલની ખરીદી ચાલુ રાખી છે. રશિયા પર પ્રતિબંધો ઉપરાંત આ બિલ ઈરાન સેન્કશન એક્ટ ઓફ ૧૯૯૬ની સમય મર્યાદાને ૨૦૩૧ સુધી લંબાવવાની પણ મંજૂરી આપે છે. સૂચિત કાયદા હેઠળ અમેરિકા ઈરાનના ઊર્જા ક્ષેત્રોમાં રોકાણ કરતી કંપનીઓ પર દંડ કરશે.

અમેરિકન સેનેટમાં પસાર થયેલા આ બિલનો અન્ય એક આશય રશિયાની સાથે પ્રમુખ વ્લાદિમીર પુતિન, રશિયાના ઉદ્યોગપતિઓ અને નાણાકીય સંસ્થાઓ પર પણ આર્થિક પ્રતિબંધ મૂકવાનો છે. આ બિલને અમેરિકાના બંને પક્ષો રિપબ્લિકન અને ડેમોક્રેટિક બંનેનું સમર્થન હતું. રશિયાને યુક્રેન યુદ્ધમાં આર્થિકરીતે સદ્ધર થતું રોકવા માટે લિન્ડસે ગ્રાહમે આ બિલ સેનેટમાં રજૂ કર્યું હતું. પરંતુ કીવના પ્રવાસ પછી અચાનક જ ૧૧ જુલાઈએ ગ્રાહમનું મોત થઈ ગયું હતું. લિન્ડસેના મોત બાદ રિપબ્લિકન અને ડેમોક્રેટ બંને પક્ષોએ આ બિલને આગળ વધાર્યું હતું અને ગ્રાહમની બેઠક પર તેમનાં બહેન ડાર્લિન ગ્રાહમની નિમણૂક કરી હતી. સેનેટમાં આ બિલ પસાર થયા પછી ડાર્લિને કહ્યું કે, આ બિલ રશિયાના અર્થતંત્રને મજબૂત કરનારા દેશોને આકરા નિર્ણય લેવા મજબૂર કરશે. તેમણે અમેરિકા સાથે વેપાર કરવા અને રશિયા પાસેથી સસ્તુ ક્રૂડ ઓઈલ ખરીદવામાંથી એક માર્ગ પસંદ કરવાની ફરજ પડશે.

### માત્ર ગ્લોબલ પોલિસી નહીં ચાલે, ભારતીય કાયદા માનવા જ પડશે: કેન્દ્ર સરકારની મેટાને કડક ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી | તા 09

મેટાને ભારતમાં પોતાના પ્લેટફોર્મ ચલાવવા માટે માત્ર તેની ગ્લોબલ પોલિસી પર નિર્ભર રહેવાની પરવાનગી આપવામાં આવશે નહીં. તેણે ભારતીય કાયદાઓનું પણ પાલન કરવું પડશે. મેટા અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) વચ્ચે થયેલી બેઠકો બાદ સરકારી સૂત્રોએ આ વાત સ્પષ્ટ કરી છે. જોકે, અધિકારીઓએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે, સરકારે મેટાને તેના એલ્ગોરિધમમાં સંપૂર્ણ ફેરફાર કરવાનો કોઈ નિર્દેશ આપ્યો નથી.

સરકારનો મુખ્ય ભાર એ વાત પર છે કે, મેટાની કન્ટેન્ટ પોલિસી, પ્લેટફોર્મ ગાઈડલાઈન્સ અને મોડરેશન સિસ્ટમ ભારતીય કાયદાઓને અનુરૂપ હોય. અધિકારીઓનું કહેવું છે કે, ભારતમાં કન્ટેન્ટ મોડરેશન માટે સ્થાનિક ઈનપુટ વધારવાની જરૂર છે. ખાસ કરીને ભારતીય ભાષાઓ અને સાંસ્કૃતિક બાબતોને સમજવી જરૂરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિદેશમાં કામ કરતી ટીમો ઘણીવાર ભારતના સ્થાનિક અને સાંસ્કૃતિક સંદર્ભને સંપૂર્ણ રીતે સમજી શકતી નથી. તેથી સરકાર મેટા પાસેથી માત્ર ભરોસો નહીં, પરંતુ નક્કર ફેરફારો ઈચ્છે છે. બાળકોના જાતીય શોષણ સાથે જોડાયેલા કન્ટેન્ટ (CSAM)ને લઈને સરકારે અત્યંત કડક વલણ અપનાવ્યું છે.

## News Brief

### અમેરિકા ધાક ધમકી બંધ નહીં કરે ત્યાં સુધી હોર્મુઝ નહીં ખોલીએ: ઈરાન



વોશિંગ્ટન : ઈરાનના પોલિટબ્યૂરો જેવા એકમ સુપ્રીન નેશનલ સિક્યોરિટી કાઉન્સિલે જણાવ્યું હતું કે અમેરિકા તેની વર્તણૂક સુધારશે નહીં ત્યાં સુધી હોર્મુઝ નહીં ખોલીએ. આ નવી માંગના કારણે હોર્મુઝ જળમાર્ગનું સંચાલન કરવા માટે ચાલતી મંત્રણા પર હવે સંકટના વાદળ ઘેરાયા છે. ઈરાનનું કહેવું હતું કે ફક્ત યુદ્ધનો અંત જ નથી લાવવાનો ભવિષ્યમાં પણ અમેરિકા ક્યારેય ધમકી ન આપે તેમ કરવાનું છે.ઈરાનની કાઉન્સિલના સેક્રેટરી મોહમ્મદ બાઘેર જે શક્તિશાળી રિવોલ્યુશનરી ગાર્ડના કમાન્ડર પણ છે. તેમણે જણાવ્યું હતું કે અમેરિકાએ હવે પછી ક્યારેય ઈરાનને ધમકીઓ નહીં આપવાની. ઈરાન અને આ વિસ્તારમાં તેના સહયોગીઓ સાથેના યુદ્ધનો અંત આવે. અમેરિકાએ ઈરાનીયન બંદરોની કરેલી ઘેરાબંધી ઉઠાવી દેવાય. આ વિસ્તારમાંથી તેનું લશ્કર દૂર કરાય. ઈરાનને થયેલા નુકસાનનું વળતર અપાય અને તેના પરના પ્રતિબંધો દૂર કરાય તથા તેની સ્થગિત થયેલી એસેટ્સ મુક્ત કરાય. ઈરાનની આ માંગો અંગે અમેરિકા તરફથી હજી સુધી કોઈ પ્રતિસાદ મળ્યો નથી.

અબુધાબીની સરકારી માલિકીની કંપની એડનોક ઓઈલ એન્ડ ગેસની માલિકીનું જહાજ હોર્મુઝી ખાડીમાંથી પસાર થતુ હતુ ત્યારે તેના પર હુમલો કરવામાં આવ્યો છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ઈરાને કોમર્સિયલ શિપિંગ પર હુમલો કરવાની તેની વ્યૂહરચનાના ભાગરુપે આ હુમલો કર્યો હતો. કંપનીએ જણાવ્યું હતું કે શનિવારે થયેલા હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. યુદ્ધ શરુ થયા પછી હોર્મુઝમાંથી પસાર થતાં ડઝનેક જહાજો પર ઈરાન હુમલો કરી ચૂક્યું છે. આ ઉપરાંત દિવસના અંત ભાગમાં ઓમાનના ખાસાબ ટાઉન નજીકથી જતાં જહાજ પર હુમલો થયો હતો અને તેના કારણે તેમા આગ લાગી હતી, પરંતુ જહાજ અને ક્રૂ બંને સલામત છે. ઈરાન અને ઓમાન વચ્ચે હાલમાં હોર્મુઝની ખાડીનું સંચાલન કરવા વાટાઘાટ ચાલી રહી છે.ઈરાન ભલે તેની શરતો ટ્રમ્પ પાસેથી મનાવવામાં સફળ થાય અને પોતે જીતી ગયા હોય તેમ માનતું હોય, પરંતુ વાત સાવ પૂરી પણ થઈ ગઈ નથી. તેમને લાગે છે કે અમે ટ્રમ્પને ઘેરી લીધા છે, પરંતુ આ વ્યૂહરચનાના ભારે જોખમ પણ છે. જો ટ્રમ્પને પોતાની આગવી મર્યાદાઓ છે અને નવેમ્બ્રમાં વચગાળાની ચૂંટણી છે તો ઈરાનને પણ ઘરઆંગણે પડકારો કંઈ ઓછા નથી.ઈરાન જાણે છે કે અમેરિકા પાસે તેના મિસાઈલોને રોકતા એડવાન્સ્ડ ઈન્ટરસેપ્ટરનો જથ્થો ખૂટી પડવાના આરે છે. આ સિવાય ટ્રમ્પે છેડેલું યુદ્ધ અમેરિકામાં એકદમ બિનલોકપ્રિય છે. તેઓ જાણે છે કે જ્યાં સુધી હોર્મુઝની ખાડી બંધ રહેશે ત્યાં સુધી ક્રૂડ ઓઈલ-ગેસના ભાવ ઊંચા રહેશે અને તેના કારણે અમેરિકન અર્થતંત્ર પર દબાણ જળવાશે. જ્યારે તેમને ઊંચા ભાવનો ફાયદો મળશે. ઈરાનીયનો સારી રીતે જાણે છે કે હોર્મુઝ ખોલાવવું હોય તો અમેરિકા માટે તે ગ્રાઉન્ડ ઓપરેશન વગર શક્ય નથી. આ માટે મોટાપાયા પર અમેરિકન લશ્કરની જરુર પડે.

### કેનેડા માં હિમાંશી ખુરાનાની હત્યા પાર્ટનર અબ્દુલે કરી હતી? ટોરોન્ટો પોલીસે કરી ધરપકડ. 7 મહિનાથી હતો ફરાર

કેનેડા : કેનેડાના ટોરોન્ટોમાં ભારતીય મૂળની 30 વર્ષીય મહિલા હિમાંશી ખુરાનાની હત્યા કેસમાં પોલીસે આરોપીની ધરપકડ કરી છે. હત્યાના લગભગ સાત મહિના બાદ ફરાર મુખ્ય આરોપી અને મૃતક મહિલાના પાર્ટનર 32 વર્ષીય અબ્દુલ ગફૂરીને ટોરેન્ટો એરપોર્ટથી ધરપકડ કરી લેવામાં આવી છે. તી માહિતી અનુસાર ગયા વર્ષે 20 ડિસેમ્બરે હિમાંશી ખુરાનાનો મૃતદેહ ટોરોન્ટોમાં તેના નિવાસસ્થાનેથી મળી આવ્યો હતો. ટોરેન્ટો પોલીસે આ ઘટનાને ઘરેલુ હિંસાના કારણે થયેલી હત્યા તરીકે વર્ગીકૃત કરી હતી. જોકે, હિમાંશીના પાર્ટનર અબ્દુલ ગફૂરી જે ટોરોન્ટોનો રહેવાસી છે. પોલીસને ફર્સ્ટ-ડિગ્રી મર્ડરના આરોપમાં વોન્ટેડ હતો. શનિવારે જારી કરાયેલા એક નિવેદનમાં પોલીસે જણાવ્યું હતું કે શુક્રવારે ટોરોન્ટો એરપોર્ટ પર તેની ધરપકડ કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય પોલીસ એજન્સીઓની મદદથી, કેનેડિયન પોલીસે આરોપીની ધરપકડ કરી અને તેના પર ફર્સ્ટ-ડિગ્રી મર્ડરનો આરોપ મૂક્યો.19 ડિસેમ્બર, 2025 ના રોજ રાત્રે હિમાંશી ખુરાનાની હત્યા કરવામાં આવી હતી. ટોરોન્ટો પોલીસે આશરે 10:41 વાગ્યે સ્ટ્રેચન એવન્યુ અને વેલિંગ્ટન સ્ટ્રીટ વેસ્ટ વિસ્તારમાંથી મહિલાના ગુમ થવાનો અહેવાલ મેળવ્યો હતો અને ત્યારબાદ શોધખોળ શરૂ કરી હતી. બીજા દિવસે સવારે 6:30 વાગ્યે, તે જ વિસ્તારના એક ઘરમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. હિમાંશી ખુરાનાના મૃત્યુ પર ઊંડો શોક વ્યક્ત કરતા, ટોરોન્ટોમાં ભારતીય કોન્સ્યુલેટે જણાવ્યું હતું કે તે તેના પરિવારને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડી રહી છે.

### અધિકારીઓને ફસાવવા માટે હનીટ્રેપનો સહારો

## પાકિસ્તાનના નિશાના પર કેમ છે ભારતીય વાયુસેના? સામે આવ્યું નવું ડિજિટલ હનીટ્રેપ મોડેલ!

પાકિસ્તાન : ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર પર સાથીદારના મોબાઈલ ફોનમાં ડેટા-સ્ટીલિંગ સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવાનો આરોપ છે. જાસૂસીનો ઈતિહાસ સદીઓ જૂનો છે. પરંતુ પાકિસ્તાને જાસૂસી કરવા માટે ઘૃણાસ્પદ યુક્તિઓનો આશરો લીધો છે. તે ભારતીય અધિકારીઓને હનીટ્રેપમાં ફસાવે છે. અધિકારીઓને ખ્યાલ આવે ત્યાં સુધીમાં, તેઓ પહેલાથી જ એવી દલદલમાં ફસાઈ ગયા હોય છે. જ્યાંથી છટકી જવું અત્યંત મુશ્કેલ હોય છે. ઘણીવાર, અધિકારીઓ બ્લેકમેલનો ભોગ પણ બને છે. આ પહેલી વાર નથી જ્યારે પાકિસ્તાને કોઈ ભારતીય અધિકારીને હની-ટ્રેપમાં ફસાવ્યો હોય. એક દાયકા પહેલા સુધી, ફેસબુકને જાસૂસી માટે સૌથી શક્તિશાળી સાધન માનવામાં આવતું હતું. સુરક્ષા એજન્સીઓએ વારંવાર એવા કિસ્સાઓ શોધી કાઢ્યા છે જ્યાં નકલી મહિલા પ્રોફાઈલનો ઉપયોગ કરીને સંરક્ષણ કર્મચારીઓને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલવામાં આવતી હતી. જેમ જેમ મિત્રતા વિકસિત થતી ગઈ, તેમ તેમ તે વ્યક્તિગત વાતચીતમાં ફેરવાઈ ગઈ, અને કેઝ્યુઅલ વાતચીત દ્વારા સંવેદનશીલ માહિતી એકત્રિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ઘણા કિસ્સાઓમાં, પૈસા અને સંબંધો બંનેને પ્રલોભન તરીકે ઓફર કરવામાં આવ્યા હતા. 2018 માં સોશિયલ મીડિયાના ઉદય પછી, તે જાસૂસી નેટવર્ક ચલાવતા લોકો ફેસબુકથી અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ખાસ કરીને ઈન્સ્ટાગ્રામ પર ગયા. આ સાથે, હનીટ્રેપ પદ્ધતિ પણ બદલાઈ ગઈ છે.

### સાઉદી અરેબિયાની ગણતરીઓ ઊંધી પડી?

## પાકિસ્તાનના 'ઈસ્લામિક નાટો' માં મોટું ટ્વિસ્ટ, ઈરાન મુદ્દે સાઉદીને તૂર્કિયેનો મોટો ઝટકો!

તૂર્કિયે : સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને તૂર્કિયે વચ્ચે તાજેતરમાં જ રચાયેલા નવા સંરક્ષણ જોડાણમાં એક મોટો રાજદ્વારી વળાંક આવ્યો છે. મક્કામાં હસ્તાક્ષર કરાયેલા સંયુક્ત સંરક્ષણ કરાર બાદ તૂર્કિયેના વિદેશ મંત્રી હાકાન ફિદાનના તાજેતરના નિવેદને આ જોડાણના વાસ્તવિક સ્વરૂપ પર સવાલો ઊભા કરી દીધા છે. તૂર્કિયે સ્પષ્ટ કર્યું છે કે આ કરાર ઈરાન કે અન્ય કોઈ દેશ વિરુદ્ધ નથી અને એક દેશ પર હુમલો એ ત્રણેય પર હુમલો ગણાશે નહીં.શુક્રવારે સાઉદી અરેબિયાના પવિત્ર શહેર મક્કામાં સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, તૂર્કિયેના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન અને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે એક ઐતિહાસિક સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.ઓઈલ સમૃદ્ધ સાઉદી અરેબિયા, પરમાણુ શક્તિ ધરાવતું પાકિસ્તાન અને નાટોમાં બીજી સૌથી મોટી સેના ધરાવતા તૂર્કિયેના આ જોડાણને વિશ્લેષકો "ઈસ્લામિક નાટો" તરીકે ઓળખાવી રહ્યા હતા. આ કરાર હેઠળ મુખ્ય બાબત એ માનવામાં આવતી હતી કે જો કોઈ એક સભ્ય દેશ પર હુમલો થાય તો તે ત્રણેય દેશો પરનો હુમલો ગણાશે. તાજેતરના પ્રાદેશિક સંઘર્ષમાં ઈરાન દ્વારા ખાડી દેશોમાં આવેલા અમેરિકી લશ્કરી મથકોને નિશાન બનાવીને કરવામાં આવેલા મિસાઈલ હુમલાઓ બાદ સાઉદી અરેબિયા પોતાની સુરક્ષાને લાઈનઅપ કરવા માંગતું હતું. એવું માનવામાં આવતું હતું કે આ ત્રિપક્ષીય કરાર ઈરાન તરફથી મળતી ધમકીઓ સામે સાઉદીને મજબૂત કવચ પૂરું પાડશે. પરંતુ તૂર્કિયેના વલણે સાઉદી માટે આંચકાજનક સ્થિતિ સર્જી છે.તૂર્કિયેની સરકારી સમાચાર એજન્સી 'અનાડોલુ'ને આપેલા ઈન્ટરવ્યુમાં વિદેશ મંત્રી હાકાન ફિદાને સ્પષ્ટતા કરી હતી કે આ કરાર હેઠળ કોઈ ચોક્કસ દેશને દુશ્મન માનવામાં આવ્યો નથી. તેમણે જણાવ્યું હતું કે, 'અમારી પાસે લેખિતમાં એવું કંઈ નથી જે કોઈ સામાન્ય ખતરાને વ્યાખ્યાયિત કરતું હોય.

# મોટી દુર્ઘટના ટળી! રન-વે પર સામસામે આવ્યા બે વિમાન, સિડનીમાં 100થી વધુ મુસાફરોના જીવ તાંતણે બંધાયા

(એજન્સી) સિડની | તા 09

સિડની ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રવિવારે સવારે મોટી દુર્ઘટના ટળી. ટેકઓફની તૈયારી કરી રહેલા જેટસ્ટારના A320 અને કતર એરવેઝના બોઈંગ 777 વિમાન રનવે પર એકબીજાની અત્યંત નજીક આવી ગયા હતા. જેટસ્ટારના પાયલટે ઈમરજન્સી બ્રેક લગાવતા 100થી વધુ મુસાફરોનો આબાદ બચાવ થયો. એક ક્રૂ મેમ્બર ઈજાગ્રસ્ત થયા, મુસાફરો સુરક્ષિત છે. ATSB અને ATC દ્વારા તપાસ શરૂ કરાઈ છે.




સિડની ઈન્ટરનેશનલ એરપોર્ટના રનવે પર રવિવારે સવારે એક મોટી વિમાન દુર્ઘટના થતાં થતાં રહી ગઈ. ટેકઓફની તૈયારી કરી રહેલા જેટસ્ટારની એરબસ A320 અને કતર એરવેઝનું બોઈંગ 777 વિમાન અચાનક એકબીજાની અત્યંત નજીક આવી ગયા હતા. જોકે, ટક્કરની સ્થિતિ ઊભી થતાં જેટસ્ટારના પાયલટે તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી દીધી હતી, જેનાથી 100થી વધુ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

આ ઘટના સવારે લગભગ 7 વાગ્યે બની હતી, જ્યારે જેટસ્ટારની ફ્લાઈટ JQ 402 ગોલ્ડ કોસ્ટ માટે ઉડાન ભરવા ટેક્સીવે પર આગળ વધી રહી હતી. તે જ સમયે કતર એરવેઝના વિમાનને ટગ એટલે કે વિમાનને ખેંચવા વાળા વાહન દ્વારા ક્રોસિંગ ટેક્સીવે પરથી લઈ જવામાં આવી રહ્યું હતું. અચાનક બ્રેક લાગવાના કારણે પ્લેનમાં ઝટકો લાગ્યો હતો, જેના લીધે જેટસ્ટારના કેબિન ક્રૂનો એક સભ્ય ઈજાગ્રસ્ત થયો હતો, જેને તબીબી સારવાર આપવી પડી હતી. રાહતની વાત એ હતી કે, કોઈ પણ મુસાફરને ઈજા પહોંચી નથી.ઓસ્ટ્રેલિયન ટ્રાન્સપોર્ટ સેફ્ટી બ્યુરો (ATSB) અને એર ટ્રાફિક કંટ્રોલ (ATC)એ આ ગંભીર બેદરકારીની તપાસ શરૂ કરી દીધી છે. પ્રાથમિક તપાસ અનુસાર કતર એરવેઝના પ્લેનને ખેંચનારા ટગ ઓપરેટરથી ATCના નિર્દેશોનું પાલન કરવામાં ચૂક થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઘટના બાદ આ ફ્લાઈટ રદ કરીને તમામ મુસાફરોને બીજી ફ્લાઈટ દ્વારા રવાના કરવામાં આવ્યા હતા.

### હજુ 7669 સામે લટકતી તલવાર


# કેનેડાએ ચાલુ વર્ષે છ મહિનામાં 3,323 ભારતીયોને ઘરભેગા કર્યા

કેનેડા : કેનેડાએ 2026ના પ્રથમ છ મહિનામાં 3,323 ભારતીયોને ડિપોર્ટ કર્યા છે. આમ ભારતીયોને પરત મોકલવામાં તેણે છેલ્લા છ વર્ષનો રેકોર્ડ વટાવી દીધો હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. કેનેડા બોર્ડર સર્વિસીઝ એજન્સી (સીબીએસએ)ના ડેટા મુજબ ચાલુ વર્ષે ડિપોર્ટ કરાયેલા ભારતીયોની સંખ્યા 2025ના આખા વર્ષમાં ડિપોર્ટ કરાયેલા 3,779 ભારતીયોના 88 ટકાએ પહોંચી ચૂકી છે.આ ડેટા એવા સમયે આવ્યો છે જ્યારે કેનેડા ઈમિગ્રેશન સિસ્ટમને મજબૂત બનાવી રહ્યુ છે અને કામચલાઉ રહેવાસીઓની સંખ્યા ઘટાડી રહ્યુ છે. તેમા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને કામચલાઉ વિદેશી કામદારોનો સમાવેશ થાય છે. કેનેડા મહદ અંશે ભારતીયોને ડિપોર્ટ કરે છે, તેનું કારણ તેઓના દ્વારા ઈમિગ્રેશનના નિયમોનું ન કરાતું પાલન છે, આ ઉપરાંત તે ભારતીયોના આશ્રયના કે નિરાશ્રિતના દાવા નકારે છે, તેની સાથે વિઝા ઓવરસ્ટેઝ અને વિઝા ફ્રોડ સ્કેમમાં પણ ભારતીયો હોવાથી તેમને પરત મોકલે છે. 2026ના પ્રથમ છ ભાગમાં ડિપોર્ટ કરવામાં આવેલા ભારતીયો ટોચ પર છે તો છેલ્લા પાંચ વર્ષમાં થયેલા સરેરાશ ડિપોર્ટેશનમાં મેક્સિકો ટોચ પર આવે છે અને ભારતીયો બીજા નંબરે આવે છે. આ પહેલા ભારતીયોએ 2020માં ટોપ કર્યુ હતુ, જ્યારે 1,424 ભારતીયોને કેનેડામાંથી ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. 2021માં 603, 2022માં 786, 2023માં 1,1332 અને 2024માં 2004 ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હોવાનું સીબીએસએના આંકડા જણાવે છે.

સીબીએસએ ડિપોર્ટેશન માટેના કારણો દર્શાવતો ડેટાબેઝ અલગ રાખ્યો છે,પરંતુ તેની પાસે કન્ટ્રીવાઈઝ બ્રેકઅપ નથી. ભારતીયોએ કેનેડાની રીમૂવલ ઈન્વેન્ટરીમાં પણ ટોચ પર છે, હજી પણ 7,669 લોકો ડિપોર્ટેશનની રાહમાં હોવાનું સીબીએસએના આંકડાએ જણાવ્યું છે. કેનેડાએ રિમૂવલ ઓર્ડર માટે ત્રણ બ્રોડ કેટેગરી રચી છે. આ ડિપાર્ચર ઓર્ડર મુજબ આદેશ મળ્યાના 30 દિવસની અંદર વ્યક્તિએ સ્વૈચ્છિક ધોરણે કેનેડા છોડી દેવુ જરુરી હશે, જો તે નહીં કરે તો તેનો ડિપોર્ટેશન ઓર્ડર ફાટશે. આ એક્સ્લુઝન ઓર્ડરમુજબ વ્યક્તિ નિયત સમયગાળા સુધી કેનેડા પરત ફરી શકતી નથી. આ સમયગાળો એકથી લઈને પાંચ વર્ષ સુધીનો હોઈ શકે છે. તેના પર કાયમી ધોરણે રીએન્ટ્રી પર પ્રતિબંધ મૂકી દેવાય છે, સિવાય કે વ્યક્તિએ કેનેડિયન સરકાર પાસેથી મંજૂરી મેળવી હોય. ચાલુ વર્ષે અમેરિકાએ જાન્યુઆરીથી 22 જુલાઈ દરમિયાન 1,273 ભારતીયોને ઘરભેગા કર્યા.

# અમેરિકામાં નોકરી ગુમાવનારા વિદેશીઓએ તુરંત દેશ છોડવો પડશે

વોશિંગ્ટન : વોશિંગ્ટનથી મળતા અહેવાલ મુજબ, અમેરિકામાં H-1B સહિતના ઉચ્ચ કુશળ વિદેશી કર્મચારીઓ (જેમાં ભારતીયો બહુમતીમાં છે) માટે ટ્રમ્પ સરકારે 60 દિવસનો ગ્રેસ પિરિયડ સમાપ્ત કરવાની દરખાસ્ત કરી છે. નોકરી છૂટતા જ દેશ છોડવાની ફરજ પડશે. આ નિયમ લાગુ થતા હજારો ભારતીય પ્રોફેશનલ્સના ભવિષ્ય પર મોટો પ્રભાવ પડશે અને તેમને તાત્કાલિક અમેરિકા છોડવું પડશે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળમાં સત્તા પર આવતાની સાથે જ ઈમિગ્રન્ટ્સની મુશ્કેલીઓ વધારવાનું શરૂ કર્યું છે. આ જ શ્રેણીમાં હવે ઉચ્ચ કુશળ વિદેશી કર્મચારીઓ કે જેમાં ભારતીયો બહુમતીમાં હોય છે તેમના માટે ટ્રમ્પ સરકારે નોકરી છૂટતાની સાથે જ દેશ છોડવો પડે તેવી સ્થિતિ ઊભી કરવાની તૈયારી હાથ ધરી છે. હોમલેન્ડ સિક્યોરિટી વિભાગે એચ-1બી અને અન્ય કાયદાકીય નોન-ઈમિગ્રન્ટ્સ વિદેશી કર્મચારીઓને નોકરી છૂટયા પછી મળતો 60 દિવસનો ગ્રેસ પિરિયડ ખતમ કરવા માટે ટ્રમ્પ સરકારે વિચારણા હાથ ધરી છે. અમેરિકામાં સૂચિત દરખાસ્ત વ્હાઈટ હાઉસની




ઓફિસ ઓફ ઈન્ફર્મેશન એન્ડ રેગ્યુલેટરી અફેર્સને સમીક્ષા માટે મોકલાઈ છે. આ નિયમ હજુ કાયદો બન્યો નથી. જોકે, તે કાયદો બની જશે તો એચ-1બી સહિત ઉચ્ચ કુશળતા ધરાવતા વિદેશી કર્મચારીઓએ નોકરી ગુમાવ્યા પછી તાત્કાલિક અમેરિકા છોડી જવાની ફરજ પડશે.અમેરિકામાં એચ-1બી સહિતના ઉચ્ચ કુશળ પ્રોફેશનલ્સમાં ભારતીયોની સંખ્યા સૌથી વધુ હોવાથી ટ્રમ્પ સરકારના આ નિર્ણયની એચ-1બી વિઝાધારક સહિતના ભારતીય પ્રોફેશનલ્સ પર સૌથી વધુ પડવાની ભીતિ સેવાઈ રહી છે.

હાલ અમેરિકામાં નોકરી કરતા ઈમિગ્રન્ટ્સને નોકરી ગુમાવ્યા પછી નવી નોકરી, નવા સ્પોન્સર શોધવા, વિઝા સ્ટેટસ બદલવા અથવા દેશ છોડવાની તૈયારી કરવા માટે 60 દિવસનો સમય મળે છે.આ ગ્રેસ પિરિયડ 2017માં લાગુ ડીએચએસ નિયમથી આવ્યો હતો, જેના હેઠળ વિદેશી કર્મચારી અને તેના પર નિર્ભર લોકોને નવી નોકરી શોધવાના સમય સુધી અમેરિકામાં કાયદેસર રોકાણની મંજૂરી મળતી હતી. આ સુવિધાનો લાભ ઈ-1, ઈ-2, ઈ-3, એચ-1બી, એચ-1બી1, એલ-1, ઓ-1 અને ટીએન જેવા નોન ઈમિગ્રન્ટ વિઝાધારકોને મળતો હતો.

ટ્રમ્પ સરકાર સંબંધિત પ્રસ્તાવ સ્વીકારી લેશે તો બધા જ પ્રકારની શ્રેણીના પ્રોફેશનલ્સ અને વિદેશી કામદારો માટે મોટી મુશ્કેલી ઊભી થશે. નોકરી ગુમાવવા અથવા વિપરિત પરિસ્થિતિઓમાં નોકરી છોડવાના સંદર્ભમાં તેમણે તાત્કાલિક અમેરિકા છોડવું પડશે.અમેરિકા છોડવા માટે જરૂરી વ્યવસ્થા માટે તેમને કેટલા દિવસનો સમય મળશે તે પણ હજુ સ્પષ્ટ નથી. અમેરિકામાં હજારો ઉચ્ચ કુશળ પ્રોફેશનલ્સ વર્ષોથી રહે છે, ઘર ખરીદ્યા છે, ટેક્સ ચૂકવ્યા છે, બાળકોને અમેરિકાની સ્કૂલોમાં ભણાવ્યા છે અને કારકિર્દી બનાવી છે.

# સંસદ દ્વારા માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ ડેવલપમેન્ટ (એમેન્ડમેન્ટ) બિલ, 2026 પસાર કરવામાં આવ્યું

અમદાવાદ | માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ ડેવલપમેન્ટ (એમેન્ડમેન્ટ) બિલ, 2026, 3જી ઓગસ્ટ, 2026 ના રોજ રાજ્યસભા દ્વારા પસાર કરાયા બાદ 7મી ઓગસ્ટ, 2026 ના રોજ લોકસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ ડેવલપમેન્ટ એક્ટ (MSMED એક્ટ) 2006 માં અધિસૂચિત કરવામાં આવ્યો હતો અને તેણે પોતાના અમલીકરણના 20 વર્ષ પૂરા કર્યા છે. વર્ષો જતાં, ટેકનોલોજીકલ પ્રગતિ, આઈટી સક્ષમ પ્રણાલીઓના ઉદ્ભવ અને બદલાતા કાનૂની પરિદ્રશ્યને કારણે એમએસએમઈ લેન્ડસ્કેપમાં ઝડપી ફેરફારો જોવા મળ્યા છે, જેણે એમએસએમઈના વિકાસને સુગમ બનાવવા માટે MSMED એક્ટમાં સુધારો કરવાની જરૂરિયાત ઊભી કરી હતી. ઉદ્યમ (Udyam) પર નોંધાયેલા એમએસએમઈની સંખ્યા 01.04.2023 ના રોજ 1.65 કરોડ હતી જે વધીને હવે 9.16 કરોડ થઈ ગઈ છે. એમએસએમઈ ક્ષેત્ર 40 કરોડથી વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે અને તેને ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ ગણવામાં આવે છે.

MSMED એક્ટમાં આ સુધારા એમએસએમઈ ક્ષેત્રના વિકાસને સંચાલિત કરતા કાનૂની માળખાને મજબૂત કરવા, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં સુધારો કરવા, ગેર-ગુનાહિતકરણ (decriminalisation) દ્વારા સાનુકૂળ વ્યાવસાયિક વાતાવરણ ઊભું કરવા, એમએસએમઈના પ્રોત્સાહન માટે સંસ્થાકીય પદ્ધતિઓ પૂરી પાડવા અને સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો દ્વારા સામનો કરવામાં આવતા વિલંબિત ચુકવણીના મુદ્દાઓને ઉકેલવા માટે કરવામાં આવ્યા છે.

MSMED એક્ટમાં કરવામાં આવેલા સુધારાની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે:

બદલાતા એમએસએમઈ પરિદ્રશ્ય સાથે એક્ટને સુસંગત બનાવવા: 'પ્લાન્ટ/ મશીનરીમાં રોકાણ' અને 'ટર્નઓવર' ના દ્વિ માપદંડના આધારે એમએસએમઈ વર્ગીકરણને એક્ટમાં સામેલ કરવામાં આવ્યું છે. આ બિલ એમએસએમઈ માટે ડિજિટલ, મફત અને સ્વૈચ્છિક નોંધણી પ્લેટફોર્મ તરીકે ઉદ્યમ નોંધણી પોર્ટલને કાયમી ધોરણ પૂરું પાડે છે. એમએસએમઈ માટે નોંધણી સ્વૈચ્છિક છે.

વિલંબિત ચુકવણીઓને સંબોધવાની પદ્ધતિને મજબૂત કરવા અને એમએસઈ (MSEs) માટે આર્બિટ્રલ એવોર્ડ્સના અમલીકરણની જોગવાઈ કરવા: આ સુધારો ઓનલાઈન વિવાદ નિવારણની જોગવાઈ કરે છે જેથી એમએસઈ તેમના વિવાદોને સમયસર અને ખર્ચ-અસરકારક રીતે ઉકેલવામાં સક્ષમ બને. જો ડિDirectory, એવોર્ડ અથવા ઓર્ડરને બાજુ પર રાખવાની અરજી છ મહિનાથી વધુ સમયથી બાકી હોય તો તે અદાલતોને સૂક્ષ્મ અને નાના ઉદ્યોગ સપ્લાયર્સને એવોર્ડ કરાયેલી રકમના ઓછામાં ઓછા પચાસ ટકા ચુકવણી કરવાનો આદેશ આપવા માટે ફરજિયાત બનાવે છે.

વિલંબિત ચુકવણીના વિવાદોનો ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવા: આ સુધારો વિલંબિત ચુકવણીના વિવાદોનો ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવા માટે સમયમર્યાદા રજૂ કરે છે. સુધારેલી જોગવાઈઓ હેઠળ, MSEFCs અથવા મધ્યસ્થતા સેવા પ્રદાતાએ, જે પણ હોય તે, પ્રથમ હાજરી માટે નિશ્ચિત તારીખથી નેવું દિવસના સમયગાળામાં મધ્યસ્થતા પૂર્ણ કરવી જરૂરી છે. ત્યારબાદ, MSEFCs એ મધ્યસ્થતા સમાપ્ત થયાની તારીખથી ત્રીસ દિવસના સમયગાળામાં મામલાને આર્બિટ્રેશન માટે મોકલવો જરૂરી છે. ત્યારબાદ, MSEFCs અથવા વૈકલ્પિક વિવાદ નિવારણ સેવાઓ પૂરી પાડતી કોઈ સંસ્થા કે કેન્દ્રએ, જે પણ હોય તે, પ્લીડિંગ્સ પૂર્ણ થયાની તારીખથી નેવું દિવસના સમયગાળામાં એવોર્ડ આપવો જરૂરી છે.

લેણાંની વસૂલાતને મજબૂત કરવા: સુધારેલા એક્ટ હેઠળ, કલમ 18 હેઠળ ફેસિલિટેશન કાઉન્સિલ દ્વારા, અથવા મધ્યસ્થતા સેવા પ્રદાતા કે કોઈ વૈકલ્પિક વિવાદ નિવારણ સંસ્થા દ્વારા કરવામાં આવેલી કોઈ પણ મધ્યસ્થતા સમાધાન કરાર અથવા આર્બિટ્રલ એવોર્ડ ખરીદનારની અસ્કયામતો જ્યાં આવેલી હોય તે અધિકારક્ષેત્રના ડિસ્ટ્રિક્ટ કલેક્ટર, ડેપ્યુટી કમિશનર અથવા કોઈ અધિસૂચિત સત્તાધિકારી દ્વારા 'જમીન મહેસૂલના બાકી લેણાં' તરીકે વસૂલ કરી શકાય છે.

એમએસએમઈને ઝડપી ચુકવણી સુગમ બનાવવા: તમામ સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસ (CPSEs) એ એમએસએમઈ પાસેથી માલ અને સેવાઓની ખરીદી માટે ટ્રેડ રિસિવેબલ્સ ડિસ્કાઉન્ટિંગ સિસ્ટમ પ્લેટફોર્મ (TReDS) દ્વારા ઈન્વોઈસનું સેટલમેન્ટ કરવાનું રહેશે. આ સુધારો રાજ્યોને તેમના પીએસઈ (PSEs) ને TReDS દ્વારા ઈન્વોઈસ સેટલમેન્ટનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવા માટે સક્ષમ પદ્ધતિ પણ પૂરી પાડે છે. એ નોંધવું યોગ્ય છે કે TReDS વધારાની તરલતા પૂરી પાડવા અને એમએસએમઈને સમયસર ચુકવણી સુનિશ્ચિત કરવા માટે એક સંસ્થાકીય પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે. TReDS પર ઈન્વોઈસ ડિસ્કાઉન્ટિંગનું પ્રમાણ 2022-23 માં રૂ. 40,000 કરોડથી વધીને 2025-26 માં રૂ. 3.47 લાખ કરોડ થયું છે. CPSEs દ્વારા ઈન્વોઈસ સેટલમેન્ટના ફરજિયાત રૂટિંગથી એમએસએમઈના ચુકવણીના પ્રશ્નો વધુ હળવા થશે.

લવચીકતા લાવવા અને રાજ્યો માટે માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝિસ ફેસિલિટેશન કાઉન્સિલ (MSEFC) ની રચના નક્કી કરવા માટે સક્ષમ જોગવાઈઓ બનાવવી જેથી વધુ MSEFCs ની રચના થઈ શકે: MSEFCs ની રચનાને તર્કસંગત બનાવવામાં આવી છે જેથી રાજ્ય સરકારો એમએસઈને ચૂકવવાપાત્ર રકમ અંગેના વિવાદોના ઝડપી નિકાલ માટે બહુવિધ MSEFCs ની સ્થાપના કરી શકે. આ સુધારો રાજ્ય સરકારોને MSEFCs માટે નિયમો બનાવવાની સત્તા પણ આપે છે.

ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વધારવા અને એમએસએમઈ ઈકોસિસ્ટમમાં ટ્રસ્ટ-આધારિત નિયમનો લાવવા: આ સુધારો ગેર-ગુનાહિતકરણની જોગવાઈ કરે છે અને દોષસિદ્ધિ-આધારિત દંડને ક્રમિક નાગરિક દંડ (graded civil penalties) સાથે બદલે છે. અગાઉ, MSMED એક્ટ હેઠળ, નોંધણી ન કરાવવા અથવા માહિતી પૂરી ન પાડવા બદલ દોષસિદ્ધિ અને દંડની જોગવાઈ હતી. હવે, એક્ટની સુધારેલી જોગવાઈઓ હેઠળ, ક્ષતિગ્રસ્ત જોગવાઈઓને ગેર-ગુનાહિત કરવામાં આવી છે. ખોટી માહિતી આપવાના કિસ્સામાં, પ્રથમ કિસ્સામાં ચેતવણી જારી કરવામાં આવશે, અને બીજા તથા ત્યારપછીના કિસ્સામાં દંડ લાદવામાં આવશે. ખરીદદારો દ્વારા વાર્ષિક હિસાબોમાં વ્યાજ સાથેની અણચૂકવેલી રકમનો ખુલાસો ન કરવા બદલ દોષસિદ્ધિ અને દંડને સ્થાને પ્રથમ કિસ્સામાં ચેતવણી, બીજા કિસ્સામાં દંડ અને ત્રીજા તથા ત્યારપછીના કિસ્સામાં આકરો દંડ રાખવામાં આવ્યો છે. તે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન આપે છે અને ટ્રસ્ટ-આધારિત નિયામક વાતાવરણને ઉત્તેજન આપે છે.

આ સુધારાઓ વિકસિત ભારત @2047 ના વિઝન પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને અનુરૂપ છે. સમાવેશી, ટકાઉ અને રોજગાર-લક્ષી આર્થિક વૃદ્ધિ હાંસલ કરવા માટે એક જીવંત એમએસએમઈ ક્ષેત્ર ચાવીરૂપ છે. MSMED એક્ટનો સુધારો એન્ટરપ્રાઈઝિસના ઔપચારિકીકરણને વેગ આપશે, એમએસએમઈના સ્કેલ-અપ માટે માર્ગ પૂરો પાડશે, જેથી તેઓ વિકાસના ચેમ્પિયન બની શકશે. આનાથી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ પણ વધશે અને પાલન (compliance) ને પ્રોત્સાહન મળશે.

## નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે 9 થી 17 ઓગસ્ટ, 2026 સુધી 'હર ઘર તિરંગા' ઝુંબેશનું અવલોકન કરશે



માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) 9 ઓગસ્ટ થી 17 ઓગસ્ટ, 2026 સુધી 'હર ઘર તિરંગા' ઝુંબેશનું અવલોકન કરશે, જે ભારત સરકારની પહેલને અનુરૂપ છે, જે નાગરિકોને તેમના ઘરે રાષ્ટ્રધ્વજ ફરકાવવા અને તિરંગા સાથે વ્યક્તિગત અને ભાવનાત્મક જોડાણ કેળવવા માટે પ્રોત્સાહિત કરે છે. ભારત સરકાર દ્વારા 2022 માં 'આઝાદી કા અમૃત મહોત્સવ' ના નેજા હેઠળ 'હર ઘર તિરંગા' ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય નાગરિકોને તેમના ઘરે ગર્વથી રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરીને દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાની ભાવનાની ઉજવણીમાં ભાગ લેવા માટે પ્રેરણા આપવાનો હતો.દર વર્ષે, NFR 'હર ઘર તિરંગા' ઝુંબેશનું ખૂબ જ ઉત્સાહ સાથે અવલોકન કરે છે, દેશભક્તિની ભાવનાને પ્રોત્સાહન આપે છે અને સક્રિય જાહેર ભાગીદારીને પ્રોત્સાહિત કરે છે. આ પરંપરાને ચાલુ રાખીને, NFR આ વર્ષે ફરી એકવાર તેના અધિકારક્ષેત્રમાં આ ઝુંબેશનું પાલન કરશે. રેલ્વે અધિકારીઓ અને કર્મચારીઓને આ ઝુંબેશમાં સક્રિયપણે ભાગ લેવા અને તેમના પરિવારો તેમજ જનતાને ઝુંબેશ દરમિયાન તેમના ઘરો પર ગર્વથી રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે પ્રેરણા આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. રેલ્વે ઓફિસો અને સંસ્થાઓ પર ધ્વજવંદન સમારોહનું આયોજન કરવામાં આવશે, જ્યારે રાષ્ટ્રીય ગૌરવના પ્રતીક તરીકે અગ્રણી રેલ્વે સ્ટેશનો અને અન્ય મહત્વપૂર્ણ રેલ્વે પરિસરને તિરંગાના રંગોથી પ્રકાશિત કરવામાં આવશે.ઝુંબેશના ભાગ રૂપે, NFR 'હર ઘર તિરંગા' ના સંદેશને ફેલાવવા માટે રેલ્વે સ્ટેશનો, કચેરીઓ અને અન્ય સંસ્થાઓ પર જાગૃતિ અને આઉટરીચ પ્રવૃત્તિઓની શ્રેણી હાથ ધરશે. મુખ્ય રેલ્વે સ્ટેશનો પર જાહેર સંબોધન પ્રણાલી દ્વારા રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ' ના વાદન સાથે વાદન કરવામાં આવશે, અને એકતા અને રાષ્ટ્રવાદની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે યોગ્ય દેશભક્તિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

## પાટી-માટીની પેનથી એન્ડ્રોઇડ ફોન સુધીની સફર

### ૭૬ વર્ષીય લુહાર હાજી આદમ અબ્દુલ્લાની કહાનીમાં સાત દાયકાના બદલાતા સમયની ઝલક

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)



એક સમય હતો જ્યારે ગામડાંમાં ભણતા બાળકોના હાથમાં પાટી અને માટીની પેન જોવા મળતી હતી. શિક્ષણની સુવિધાઓ મર્યાદિત હતી અને ટેકનોલોજી તો સામાન્ય માણસની કલ્પનાથી પણ દૂર હતી. પરંતુ સમય બદલાયો અને આજે એ જ પેઢી સ્માર્ટફોન, ઈન્ટરનેટ તથા સોશિયલ મીડિયાના યુગની સાક્ષી બની છે.

દેશલપર (ગુંતલી) ગામના ૭૬ વર્ષીય વડીલ લુહાર હાજી આદમ અબ્દુલ્લા આ બદલાતા સમયની જીવંત તસવીર સમાન છે. તેમના જણાવ્યા મુજબ, બાળપણમાં તેમણે માત્ર ત્રણ ચોપડી સુધી અભ્યાસ કર્યો હતો. એ સમયના સંસ્મરણોમાં પાટી અને માટીની પેનથી લખવાનું શીખેલા દિવસો આજે પણ જીવંત છે.

પરંતુ સમયની સાથે જીવનમાં પણ અનેક પરિવર્તનો આવ્યા. આજે આ જ વડીલના હાથમાં એન્ડ્રોઈડ સ્માર્ટફોન જોવા મળે છે. તેઓ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા માધ્યમોનો ઉપયોગ કરીને આધુનિક યુગ સાથે જોડાયેલા રહે છે. મોબાઈલની સ્ક્રીન પર તેમની આંગળીઓ ફરતી જોઈને જાણે બે અલગ-અલગ યુગ એક જ તસવીરમાં સમાઈ જતા હોય તેવું લાગે છે.

પાટી અને માટીની પેનથી શરૂ થયેલી સફર આજે એન્ડ્રોઈડ ફોન અને ઈન્ટરનેટ સુધી પહોંચી છે. એક તરફ મર્યાદિત શિક્ષણ અને સાધનોનો સમય, તો બીજી તરફ દુનિયાની માહિતી આંગળીના એક સ્પર્શે મળી રહે તેવો ડિજિટલ યુગ– આ બંને વચ્ચેની સફર તેમણે પોતાની આંખે જોઈ છે.

હાજી આદમ અબ્દુલ્લાની આ કહાની માત્ર ટેકનોલોજી અપનાવવાની નથી, પરંતુ સમય સાથે બદલાવ સ્વીકારવાની અને નવી વસ્તુ શીખવાની ભાવનાની કહાની છે. ઉંમર વધે ત્યારે માણસ નવી વસ્તુ શીખવાનું બંધ કરી દે છે એવી માન્યતાને પણ તેમનું જીવન ખોટી સાબિત કરે છે.

## ધારી ગીર પૂર્વ ડિવિઝનમાં બદલીનો વિવાદ ગાંધીનગર પહોંચ્યો : વન કર્મચારી મંડળે મુખ્ય વન સંરક્ષક સમક્ષ કરી રજૂઆત

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ધારી ગીર પૂર્વ વન વિભાગમાં કર્મચારીઓની બદલીને લઈને થયેલો વિવાદ હવે ગાંધીનગર સુધી પહોંચ્યો છે. ગીર પૂર્વ વન વિભાગની ધારી કચેરીમાં મંજૂર મહેકમ અને બદલીના નિયમોની અવગણના કરીને સિનિયર કારકુન ડી.એસ. જાદવની હેડક્વાર્ટર બહાર બદલી કરવામાં આવી છે અને તેમની જગ્યાએ જુનિયર કર્મચારીને કામગીરી સોંપાઈ હોવાનો આક્ષેપ ગુજરાત રાજ્ય વન કર્મચારી મંડળ દ્વારા કરવામાં આવ્યો છે.નિયમોના ભંગનો આક્ષેપ વહીવટી સરળતાના નામે કરાયેલી આ બદલી વહીવટી નિયમો અને માર્ગદર્શક સિદ્ધાંતો સાથે સુસંગત નથી તથા ગુજરાત સિવિલ સર્વિસીસ રૂલ્સનો ભંગ કરે છે. મંડળે બદલીનો હુકમ તાત્કાલિક રદ કરી મૂળ જગ્યા પર ફરજ સોંપવા માંગ કરી છે.આઉટસોર્સિંગ અને ટી.એ. બિલનો વિવાદ મંજૂર જગ્યાઓ હોવા છતાં કાયમી કર્મચારીઓને અન્યત્ર મોકલી આઉટસોર્સિંગથી કામગીરી કરાવવા સામે પણ રોષ છે. આ ઉપરાંત આશરે ૨૫ જેટલા નાના વર્ગના વન રક્ષકોના ટી.એ. (TA) બિલ લાંબા સમયથી મંજૂર ન થયા હોવાના આક્ષેપ સાથે લેખિત રજૂઆત કરાઈ છે.કર્મચારીને માનસિક ત્રાસ આપ્યાનો આક્ષેપ બદલી બાદ કર્મચારીને મૂળ જગ્યાએ હાજર થવા નોટિસ આપી માનસિક ત્રાસ આપવાનો આક્ષેપ થયો છે.

## જૂનાગઢમાં જરૂરિયાતમંદ પરિવારજનોને અનાજ કરિયાણાની કીટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું.

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા.૯. તા. ૦૯/૦૮/૨૬ ને રવિવારના રોજ અગિયારસના દિવસે સવારે 10 વાગ્યે જલારામ ભક્તિ ધામ મંદિર, ઝાંઝરડા બાયપાસ રોડ ખાતે જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા દાતાઓના સહયોગથી અતિ જરૂરિયાતમંદ પરિવારજનોને અનાજ કરિયાણાની કીટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. જેમાં ગિરનારી ગ્રુપના સભ્યશ્રીઓએ પોતાની સેવાઓ આપેલ હતી તેમ શ્રી સંજયભાઈ બુહેચા એ એક યાદીમાં જણાવ્યું છે.

## બરફવર્ષા વચ્ચે અડગ હિંમત: પાલનપુરના કૈલાશ જાનીએ માઉન્ટ યુનમ શિખર સર કર્યું



પાલનપુર | પાલનપુરના પક્ષીપ્રેમી, વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર અને પ્રકૃતિ સંરક્ષણ ક્ષેત્રે સક્રિય કૈલાશ જાનીએ સાહસ અને અડગ મનોબળનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં તા. ૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ૨૦,૦૪૯ ફૂટ (૬,૧૧૧ મીટર) ની ઊંચાઈ ધરાવતા માઉન્ટ યુનમ શિખરનું સફળતાપૂર્વક આરોહણ કરી ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. શિખર પર પહોંચીને તેમણે ભારતનો રાષ્ટ્રધ્વજ તિરંગો લહેરાવી પાલનપુર અને બનાસકાંઠાનું ગૌરવ વધાર્યું છે.પર્વતારોહણ દરમિયાન સતત બરફવર્ષા અને અત્યંત પડકારજનક હવામાન વચ્ચે પણ કૈલાશ જાનીએ હિંમત ગુમાવ્યા વિના પોતાના લક્ષ્ય તરફ આગળ વધવાનું ચાલુ રાખ્યું હતું. ઊંચાઈ વધવાની સાથે ઓક્સિજનનું પ્રમાણ ઘટવું, ઠંડી અને બરફથી ઢંકાયેલો માર્ગ જેવા પડકારો વચ્ચે અડગ મનોબળ અને સાહસના બળે તેમણે આખરે માઉન્ટ યુનમના શિખર સુધી પહોંચીને પોતાના અભિયાનને સફળ બનાવ્યું હતું. કૈલાશ જાની પાલનપુર અને ઉત્તર ગુજરાતમાં મુખ્યત્વે પક્ષી નિરીક્ષક, વાઈલ્ડલાઈફ તથા બર્ડ ફોટોગ્રાફર અને પક્ષી સંરક્ષણ ક્ષેત્રે સક્રિય પ્રકૃતિપ્રેમી તરીકે જાણીતા છે. તેઓ લાંબા સમયથી પાલનપુર સહિત બનાસકાંઠા અને ઉત્તર ગુજરાતના વિવિધ વિસ્તારોમાં પક્ષીઓનું નિરીક્ષણ, ફોટોગ્રાફી અને દસ્તાવેજીકરણ કરતા આવ્યા છે. બાલારામ-અંબાજી વન્યજીવ અભયારણ્ય સહિતના વિસ્તારોમાં પણ તેમણે પક્ષીઓ અંગે નોંધપાત્ર નિરીક્ષણો કર્યા છે.પાલનપુર નજીક જોવા મળેલા દુર્લભ ગોલ્ડન ઈગલ અંગેના વૈજ્ઞાનિક દસ્તાવેજીકરણમાં પણ કૈલાશ જાની સહલેખક રહ્યા છે. આ નોંધ ગુજરાતના પક્ષીજગત માટે વિશેષ મહત્વ ધરાવે છે. આ ઉપરાંત ગોલ્ડન ઈગલ દ્વારા કેટલ ઈગ્રેટનો શિકાર કરવાના પાલનપુરના મહત્વપૂર્ણ નિરીક્ષણના પ્રકાશિત લેખમાં પણ તેમનું યોગદાન રહ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં ઈજિપ્શિયન વલ્ચરની સ્થાનિક વસ્તીના અંદાજ માટે યોજાયેલા પક્ષી ગણતરી કાર્યક્રમના સંચાલનમાં પણ તેઓ જોડાયેલા રહ્યા છે.પ્રકૃતિ અને પક્ષીઓ પ્રત્યેના લગાવ સાથે હવે પર્વતારોહણના ક્ષેત્રમાં પણ કૈલાશ જાનીએ પોતાની સાહસિકતા પુરવાર કરી છે. સતત બરફવર્ષા અને મુશ્કેલ પરિસ્થિતિઓ સામે હાર ન માની ૬,૧૧૧ મીટરની ઊંચાઈએ પહોંચીને દેશનો તિરંગો લહેરાવવાની તેમની સિદ્ધિ સાહસ, સંકલ્પ અને લક્ષ્ય પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની છે.

## Gen-Zને ગેરમાર્ગે દોરવાની કોશિશ થઈ:મારા માટે પદ મહત્ત્વપૂર્ણ નહોતું; વડાપ્રધાન મોદી સાથે ચર્ચા કર્યા બાદ મેં રાજીનામું આપ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 09 | દેશના પૂર્વ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને શનિવારે જણાવ્યું હતું કે NEET પેપર લીકના વિરોધ પ્રદર્શન દરમિયાન Gen Zને ભટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.ભુવનેશ્વરની GM યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સંબોધિત કરતા પ્રધાને તેમના રાજીનામા પર પહેલીવાર ખુલીને વાત કરી. તેમણે કહ્યું કે તેમણે પીએમ મોદીને મળીને કેન્દ્રીય મંત્રી પરિષદમાંથી રાજીનામું આપવાની ઓફર કરી હતી.તેમણે કહ્યું, "ભારતમાં દર વર્ષે ઓછામાં ઓછા 2 કરોડ બાળકો જન્મે છે. છેલ્લા 10 વર્ષમાં 20 કરોડ બાળકો જન્મ્યા છે. તેમની આકાંક્ષાઓ છે અને તેઓ ભારતને 'વિશ્વ ગુરુ' બનાવશે. મારા માટે મંત્રીપદ મહત્વનું નહોતું.ઉલ્લેખનીય છે કે દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શનના 35 દિવસ પછી પ્રધાને 25 જુલાઈએ શિક્ષણ મંત્રીના પદ પરથી રાજીનામું આપ્યું હતું.નવીન પટનાયક પર નિશાન સાધ્યું- પ્રધાને ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી અને BJD અધ્યક્ષ નવીન પટનાયક પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે BJD કાર્યકર્તાઓના પ્રદર્શન અને તેમના નારા લગાવવાથી તેઓ પરેશાન નથી.તેમણે કહ્યું, "મેં ઓડિશાના 4.5 કરોડ લોકોનું માથું ક્યારેય શરમથી ઝુકવા દીધું નથી. જ્યાં સુધી હું જીવતો છું, ત્યાં સુધી મારા પર મુકાયેલા વિશ્વાસને તોડીશ નહીં અને એવું કોઈ કામ નહીં કરું, જેનાથી ઓડિશાના ગૌરવ અને સ્વાભિમાનને ઠેસ પહોંચે."

## રાજુલા-પીપાવાવ વચ્ચે મધરાતે માલગાડી પાટા પરથી ઉતરી, રેલવે વ્યવહાર થંભ્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લામાંથી પસાર થતા મહત્વપૂર્ણ પીપાવાવ રેલવે રૂટ પર રાજુલા સ્ટેશન નજીક મધરાતે એક માલગાડી અચાનક પાટા પરથી નીચે ઉતરી જતાં અકસ્માત સર્જાયો હતો.ટ્રેનની સ્થિતિ પીપાવાવ બંદર તરફથી ખાલી હાલતમાં આવી રહેલી માલગાડી રાજુલા સ્ટેશન નજીક પહોંચતા આ દુર્ઘટના બની હતી. તંત્રની કામગીરી બનાવની જાણ થતાં જ રેલવે તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને રેલવે પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. સાવચેતીના ભાગરૂપે આ રૂટ પરનો રેલવે વ્યવહાર તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યો છે.રાહત કામગીરી પાટા પરથી ઉતરી ગયેલી માલગાડીને ફરી પાટા પર ચઢાવવા માટે ક્રેન સહિતની સાધનસામગ્રી ઘટનાસ્થળે પહોંચાડી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે.જાનહાનિ આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ હોવાના અહેવાલો નથી. અકસ્માતનું કારણ જાણવા તપાસ: માલગાડી કયા ચોક્કસ કારણોસર પાટા પરથી ઉતરી ગઈ તે અંગે હજુ સુધી સ્પષ્ટતા થઈ નથી. રેલવે વિભાગ દ્વારા ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે. પીપાવાવ બંદર સાથે જોડાયેલો આ રેલવે રૂટ માલ પરિવહનની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ છે, જેનાથી પશ્ચિમ રેલવેને કરોડો રૂપિયાની આવક થાય છે.



### અચાનક પ્લેનની ઊંચાઈ ઘટી અને આંચકા આવ્યા, તપાસમાં પાયલોટ નિષ્ફળ

## મુસાફરો ઈજાગ્રસ્ત થયા અને છત સાથે ભટકાયા! એર ઈન્ડિયાનો પાયલોટ નશામાં હતો, ડોપ ટેસ્ટમાં ફેલ: રિપોર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા 09

ફુકેટથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં અચાનક ટર્બ્યુલન્સ અનુભવાયું હતું. તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો કે ફ્લાઈટના 2 પાયલોટમાંથી 1 પાયલોટ ડોપ ટેસ્ટમાં નાપાસ થયો છે. આ ઘટના બાદ બંને પાયલોટને ફરજ પરથી હટાવી દેવાયા છે. DGCA દ્વારા આ સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. એર ઈન્ડિયાએ સત્તાવાર ટિપ્પણી કરવાનું ટાળ્યું છે. ફુકેટથી નવી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની એક ફ્લાઈટમાં રસ્તામાં અચાનક ભારે ટર્બ્યુલન્સ (આંચકા) અનુભવાયા હતા. આ ઘટના બાદ સામે આવેલા એક ચોંકાવનારા અહેવાલે એવિએશન સેક્ટરમાં મોટો ખળભળાટ મચાવી દીધો છે. મીડિયા અહેવાલો અનુસાર, ઘટના બાદ જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે ફ્લાઈટના પાયલોટ 'ડોપ ટેસ્ટ'માં નાપાસ થયો હોવાનું સામે આવ્યું છે.મીડિયા અહેવાલો મુજબ, થાઈલેન્ડના ફુકેટથી નવી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ હવામાં અચાનક પોતાની ઊંચાઈ ગુમાવી દીધી હતી, જેના કારણે વિમાનમાં સવાર મુસાફરો ભારે ડરના ઓથાર હેઠળ આવી ગયા હતા. મળતી માહિતી મુજબ, પ્લેનના બે પાયલટોમાંથી એક પાયલોટ ફ્લાઈટ પૂરી થયા પછી કરવામાં આવેલા ડોપ ટેસ્ટમાં ફેલ થયો છે.આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક અસરથી બંને પાયલટોને રોસ્ટર પરથી દૂર કરી દેવામાં આવ્યા છે.



વિમાનની ઊંચાઈમાં અચાનક થયેલા ઘટાડા અંગેની સંપૂર્ણ તપાસ પૂરી ન થાય ત્યાં સુધી બંને પાયલટો કોઈ ફ્લાઈટ ઉડાડી શકશે નહીં. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સૂત્રો અનુસાર, આ સમગ્ર મામલાની તપાસ દેશની સર્વોચ્ચ એવિએશન વોચડોગ DGCA દ્વારા કરવામાં આવી રહી છે. DGCAની તપાસના આધારે નક્કી કરવામાં આવશે કે આ કેસની વધુ તપાસ 'એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો'ને સોંપવી કે નહીં.બીજી તરફ, આ દાવાઓ અને અહેવાલો અંગે પ્રતિક્રિયા આપતાં એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે તેઓ આ મામલે સત્તાવાર ટિપ્પણી કરવાની સ્થિતિમાં નથી, કારણ કે ફ્લાઈટ પછીના ડોપ સ્ક્રીનિંગના રિપોર્ટ્સ અને તારણો હજુ સુધી તેમની સાથે શેર કરવામાં આવ્યા નથી.

### ભાજપ સાંસદ પર રાજકીય પ્રભાવનો દુરુપયોગ કરવાનો આરોપ

## ભાજપ સાંસદ મુકેશ રાજપૂત સંપત્તિના વિવાદમાં ફસાયા, 87 લોકો સામે FIR, મારપીટ-લૂંટનો આરોપ

(એજન્સી) નવી દિલ્હી | તા 09

ફર્રુખાબાદના ભાજપ સાંસદ મુકેશ રાજપૂત સહિત 87 લોકો સામે MP-MLA કોર્ટના આદેશથી FIR નોંધાઈ છે. કાસગંજના સહાવર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ કેસમાં સંપત્તિ વિવાદને લઈ મારપીટ, લૂંટ અને રમખાણો ભડકાવવાના ગંભીર આરોપો છે. સાંસદના પરિવારજનો, સુરક્ષા ગાર્ડ્સ અને સહયોગીઓ પણ આરોપી છે. પોલીસે તપાસ શરૂ કરી છે. ફર્રુખાબાદના ભાજપ સાંસદ મુકેશ રાજપૂત સંપત્તિ વિવાદમાં ફસાઈ ગયા છે. ભાજપ સાંસદ સહિત 87 લોકો સામે FIR નોંધવામાં આવી છે. MP-MLA કોર્ટના આદેશ બાદ દાખલ કરવામાં આવેલા આ કેસમાં સંપત્તિ વિવાદને લઈને મારપીટ, લૂંટ અને રમખાણો ભડકાવવા જેવા ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. આ મામલે સાંસદના પરિવારના સભ્યો, સુરક્ષા ગાર્ડ્સ અને સહયોગીઓના નામ પણ સામેલ છે.કાસગંજ જિલ્લાના સહાવર પોલીસ સ્ટેશનમાં 7 સપ્ટેમ્બર



2025ના રોજ બનેલી એક ઘટનાના સંબંધમાં આ FIR નોંધવામાં આવી છે. જેમાં સાંસદ મુકેશ રાજપૂતના બહેન રીના અને તેમના સાસરિયાઓ સામેલ હતા. રીનાના સાસરિયાઓએ ફરિયાદ નોંધાવતા એવો આરોપ લગાવ્યો છે કે મુકેશ રાજપૂતે પોતાના રાજકીય પ્રભાવનો દુરુપયોગ કરીને આ વિવાદમાં પોતાના બનેવીને તેમના જ ઘરમાંથી બહાર કાઢી મૂક્યા હતા. એટલું જ નહીં, તેમની દુકાન પર બળજબરીપૂર્વક કબજો કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો.ફરિયાદીઓએ આરોપ લગાવ્યો છે કે, પોતાના બનેવીને ઘરમાંથી કાઢી મૂક્યા બાદ, રાજપૂતે તેમના ઘર અને દુકાન પર કબજો કરવા માટે કેટલાક લોકોને મોકલ્યા હતા અને મારપીટ, લૂંટ તથા રમખાણો કરવાનો પ્રયાસ કર્યો હતો.પરિવાર તરફથી એવો દાવો કરવામાં આવ્યો છે કે, તેઓ આ ઘટનાની ફરિયાદ કરવા માટે સ્થાનિક પોલીસ અને વહીવટી અધિકારીઓ પાસે પણ ગયા હતા, પરંતુ કોઈએ FIR ન નોંધી. ત્યારબાદ તેમને MP-MLA કોર્ટના દ્વાર ખટખટાવવા પડ્યા હતા. હવે આ મામલે સુનાવણી હાથ ધર્યા બાદ કોર્ટે FIR નોંધવાનો આદેશ આપ્યો છે.

સહાવર પોલીસે મુકેશ રાજપૂત સહિત 37 નામજોગ આરોપીઓ અને 50 અજ્ઞાત લોકો સામે રમખાણો, મારપીટ, લૂંટ અને અન્ય ગુનાઓ સંબંધિત કેસ નોંધ્યો છે. કાસગંજ પોલીસ અધિક્ષક એ.પી. સિંહે જણાવ્યું કે, 'તપાસ દરમિયાન જે પણ પુરાવા સામે આવશે તેના આધારે કાર્યવાહી કરવામાં આવશે.' કોર્ટના આદેશ બાદ સહાવર પોલીસ સ્ટેશનમાં આ મામલે FIR નોંધવામાં આવી છે અને સમગ્ર કેસની તપાસ કરવામાં આવી રહી છે.

## 9 જિલ્લામાં વરસાદની 30% થી વધુ ઘટથી ચિંતાની સ્થિતિ

અમદાવાદ | ચાલુ ચોમાસાની ઋતુમાં ગુજરાતમાં અત્યાર સુધીમાં સરેરાશ 25 ઈંચ સાથે મોસમનો કુલ 70 ટકા વરસાદ નોંધાયો છે. જોકે, રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં વરસાદનું અસમાન વિતરણ ચિંતાનો વિષય બન્યું છે. હાલમાં પણ રાજ્યના 14 જિલ્લાઓમાં વરસાદની ઘટ જોવા મળી રહી છે, જેમાંથી 9 જિલ્લાઓમાં તો 30 ટકાથી પણ વધુ વરસાદી ઘટ નોંધાતા ખેડૂતો અને તંત્રની ચિંતામાં વધારો થયો છે.


# સિટી એક્સપ્રેસ

MONDAY 10 AUGUST-2026

AHMEDABAD


## ગરીબાઈની ચરમસીમા, ગુજરાતના રૂ.38 કરોડ લોકો મફત અનાજ પર નિર્ભર

અમદાવાદ | રાજ્ય સરકાર દ્વારા આર્થિક વિકાસ અને માથાદીઠ આવકમાં વધારો થયો હોવાના મોટા-મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિક ચિત્ર તદ્દન વિપરીત અને ચિંતાજનક જોવા મળી રહ્યું છે. સરકાર પોતાની નિષ્ફળતા છુપાવીને લાજવાને બદલે ગાજી રહી છે. ગરીબી વધવાને સરકાર સિદ્ધિ ગણાવી રહી છે. તાજેતરમાં કેન્દ્ર સરકારના એક રિપોર્ટમાં થયેલા આંકડાઓ રાજ્યની કથળતી આર્થિક સ્થિતિ અને ગરીબાઈની ચરમસીમા તરફ સ્પષ્ટ ઈશારો કરે છે.





# એક દિવસ બ્રેક બાદ ફરી કૂવાનું પાણી હિલોળા લેવા લાગ્યું

મોરબી | મોરબીના વીરપરડા ગામે કુવામાં હિલોળા લેતા પાણીનું રહસ્ય દિવસે ને દિવસે ઘેરું બનતું જાય છે. છેલ્લાં 7 દિવસનો અભ્યાસ કરતાં અલગ જ પેટર્ન સામે આવી રહી છે. 7 ઓગસ્ટ શુક્રવાર આખો દિવસ કૂવાનું પાણી શાંત રહ્યું હતું, જ્યારે 8 ઓગસ્ટ શનિવારે બપોર પછી ફરી પાણી હિલોળા લેવા લાગ્યું હતું. બીજી તરફ ભૂસ્તરશાસ્ત્રીઓનું એક તારણ એવું પણ છે કે કૂવાથી 15 કિમી દૂર દરિયો હોવાથી તેની ભરતી-ઓટની મૂવમેન્ટ કૂવામાં જોવા મળી રહી છે.

2 ઓગસ્ટ બાદથી કૂવામાં પાણીની મૂવમેન્ટનું એનાલિસીસ કરીએ તો સવારે પાણી શાંત રહે છે પણ બપોરના 1 વાગ્યા પછી ધીમે ધીમે મૂવમેન્ટ શરૂ થાય છે. બપોરના 3 વાગ્યા બાદથી પાણી જોરદાર હિલોળા લેવા લાગે છે. સાંજના 7 વાગતા પાણી ફરી શાંત થઈ જાય છે. 2 ઓગસ્ટથી લઈને 6 ઓગસ્ટ સુધી આ પેટર્ન જોવા મળી હતી. જોકે 7 ઓગસ્ટ શુક્રવાર આખો દિવસ પાણી શાંત રહ્યું હતું. આ દિવસે બપોર પછી પણ કોઈ મૂવમેન્ટ જોવા મળી નહોતી. એ દિવસે લોકોએ પાણીમાં ધૂબાકા પણ માર્યા હતા. પણ બીજા દિવસ 8 ઓગસ્ટ શનિવાર બપોર પછી ફરી પાણીમાં હલચલન શરૂ થયું હતું.

જીતુભાઈનું કહેવું હતું કે આ વિજ્ઞાનનો વિષય છે, તેમાં અંધશ્રદ્ધા ન જોડવી જોઈએ. એટલા માટે જ અમે કૂવામાં કાલે નાહયા હતા.

બીજી તરફ મોરબી કલેક્ટરે આ અંગે તપાસનો આદેશ આપ્યો હતો. ત્યાર બાદ રાજકોટ ભૂસ્તર વિભાગની ટીમે સ્થળની મુલાકાત લીધી હતી. ગુજરાત વોટર રિસોર્સ ડેવલોપમેન્ટ કોર્પોરેશન(GWRDC)ના રાજકોટના ભૂસ્તરશાસ્ત્રી મિતુલ ઘેટીયાએ જણાવ્યું કે, અમે સવારે 8 વાગ્યે આવ્યા ત્યારે પાણીમાં કોઈ મૂવમેન્ટ નહોતી. 11.30 થયા ત્યારે ધીમે ધીમે મૂવમેન્ટ થઈ હતી.

ઘેટીયાએ કહ્યું કે, આ કૂવાથી દરિયો 15 કિમી દૂર છે, માટે પ્રાથમિક તારણ એવું લાગી શકે કે દરિયાની ભરતી-ઓટ સાથે કૂવાનું કનેક્શન છે. આ મૂવમેન્ટ માટે જવાબદાર બીજું કોઈ એક્ટિવ સ્ટ્રક્ચર જાણવા મળ્યું નથી. આસપાસ સામાન્ય રીતે 20 મીટર ત્રિજ્યાના કૂવા છે, જ્યારે આ કૂવાની ત્રિજ્યા 33 મીટર છે અને 18 મીટર ઊંડાઈ છે અને નીચે સુધી કોંક્રીટની દીવાલ છે, માત્ર તળિયું જ ખુલ્લુ છે. આ પણ એક પ્રાથમિક કારણ હોઈ શકે.

વોટર રિસર્ચ ટીમના અધિકારી વી.એમ.ગરવાએ કહ્યું કે, કૂવાનું વોટરલેવલ, ઊંડાઈ અને પહોળાઈ ચેક કરી છે. કૂવાની પહોળાઈ વધારે છે અને અંદર સુધી સિમેન્ટ કોન્ક્રીટથી બાંધેલો છે, આના કારણે પાણીનું હલનચલનનું પ્રાથમિક અનુમાન છે. કૂવાના પાણીનું સેમ્પલ લઈને રાજકોટની લેબમાં એનાલિસીસ કરીશું. આ કૂવાથી અડધો કિમી દૂરના કુવામાં વોટર લેવલ સહિત ચેક કર્યું તો ત્યાં પાણી સ્થિર છે.

# ધાબા પર ચાલતી વિદ્યાર્થિનીને સિક્યોરિટી ગાર્ડે ગળું દબાવી દુષ્કર્મ આચર્યું

**અમદાવાદના આનંદનગર PGમાં ઇન્ટિરિયર ડિઝાઇનિંગની વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. 6-7 દિવસ પહેલાં જ નોકરીએ લાગેલા યુપીના સિક્યોરિટી ગાર્ડ ધર્મસિંહ રામશંકરસિંહ સિંહે રાત્રે ધાબા પર ગયેલી વિદ્યાર્થિનીના ગળે વાયરનો ટૂંપો દઈ દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે આરોપીની ધરપકડ કરી કડક કાર્યવાહી હાથ**




અમદાવાદ | અમદાવાદના આનંદનગર વિસ્તારમાં આવેલા એક પેઈંગ ગેસ્ટ (PG)માં રહેતી ઈન્ટિરિયર ડિઝાઈનિંગનો અભ્યાસ કરતી વિદ્યાર્થિની પર સિક્યોરિટી ગાર્ડ દ્વારા દુષ્કર્મ આચવામાં આવ્યું હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે. માત્ર છ-સાત દિવસ પહેલાં જ નોકરી પર રખાયેલા ઉત્તર પ્રદેશનો આરોપી રાત્રિના સમયે ધાબા પર ચાલવા ગયેલી વિદ્યાર્થિનીના ગળે વાયરનો ટૂંપો દઈને દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે આ મામલે આરોપીની ધરપકડ કરી લીધી છે અને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારની એક સોસાયટીમાં સિક્યોરિટી ગાર્ડ દ્વારા જ વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચરવામાં આવ્યાની ગંભીર ઘટના સામે આવી છે. ધાબા પર ચાલવા ગયેલી વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચરવા મામલે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી ધર્મસિંહ રામશંકરસિંહને હેબતપુર વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે.ભોગ બનનાર વિદ્યાર્થિની રાત્રિના સમયે સોસાયટીના ધાબા ચાલવા પર ગઈ હતી. આ દરમિયાન સોસાયટીનો સિક્યોરિટી ગાર્ડ ત્યાં પહોંચી ગયો હતો અને ધાબાનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. ત્યારબાદ આરોપીએ વિદ્યાર્થિનીનું વાયરથી ગળું દબાવી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું અને વિદ્યાર્થિની ધાબા પર જ લોક કરીને આરોપી ફરાર થઈ ગયો હતો. ઘટના બાદ યુવતીએ મદદ માટે બૂમાબૂમ કરતાં નીચે રહેતા મકાનમાલિકો ઉપર દોડી આવ્યા હતા અને દરવાજો ખોલી પોલીસને જાણ કરી હતી.

બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસ, LCB ઝોન-7 અને ક્રાઈમ બ્રાન્ચ સહિતની 10થી વધુ ટીમો બનાવી આખા વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સીસીટીવી ફુટેજ ચકાસ્યા બાદ મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે આરોપી ધરમસિંહને હેબતપુર પાસેથી ઝડપી લીધો હતો. પકડાયેલો આરોપી ધરમસિંહ મૂળ ઉત્તર પ્રદેશના હરદોઈનો વતની છે અને છેલ્લા ચાર વર્ષથી અમદાવાદમાં અવારનવાર આવી અલગ-અલગ જગ્યાએ સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો.

# જુહાપુરા-મક્તમપુરામાં પાણી-ગટર મુદ્દે કોંગ્રેસના કોર્પોરેટર સાથે ઝપાઝપી

અમદાવાદ | અમદાવાદના જુહાપુરા-મક્તમપુરા વોર્ડમાં પાણી અને ગટરની સમસ્યા અંગે રજૂઆત કરવા આવેલા લોકોમાંથી બે શખસે કોંગ્રેસના કોર્પોરેટર હાજી અસરાર બેગ અને મહિલા કોર્પોરેટર નૂરજહાં દિવાન સાથે ઉગ્ર બોલાચાલી કરી ઝપાઝપી કરી હતી. આ દરમિયાન 'તને છોડીશ નહીં' કહી જાનથી મારી નાખવાની ધમકી અપાતાં મામલો વેજલપુર પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

મક્તમપુરા વોર્ડના કોર્પોરેટર હાજી અસરાર બેગ, સાથી કોર્પોરેટર હિતેન્દ્ર પીઠડીયા અને મહિલા કોર્પોરેટર નૂરજહાં દિવાન વોર્ડ ઓફિસ ખાતે હાજર હતા. આ સમયે ફતેવાડી વિસ્તારના સ્થાનિકો પાણી અને ગટરની સમસ્યા મુદ્દે રજૂઆત કરવા આવ્યા હતા. રજૂઆત દરમિયાન મુનાફ શેખ અને મોહમ્મદ સિદ્દીક નામના બે શખ્સે 'તમે માત્ર વાતો કરો છો, કોઈ નિરાકરણ લાવતા નથી' તેમ કહી હોબાળો મચાવ્યો હતો.

કોર્પોરેટરોએ તેમને શાંતિથી વાત કરવા વિનંતી કરી છતાં બંને શખ્સો વધુ ઉશ્કેરાઈ ગયા હતા અને મહિલા કોર્પોરેટર સહિત સૌ સાથે ગાળાગાળી કરી ઝપાઝપી પર ઉતરી આવ્યા હતા. તેમણે જાનથી મારી નાખવાની ધમકી આપતાં પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરાઈ હતી. ઘટનાસ્થળે પહોંચેલી વેજલપુર પોલીસે કોર્પોરેટરની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરમાં 17 વર્ષની સગીરા પર દુષ્કર્મ, અતિશય રક્તસ્રાવથી મોત

ગાંધીનગર | ગાંધીનગરના કલોલ તાલુકાની 17 વર્ષની સગીરા પર પેથાપુરના 22 વર્ષીય પ્રેમી દિશાંત ઉર્ફે દીપ શર્માએ હોટલ કેપિટલમાં દુષ્કર્મ આચરતા સગીરાનું મોત થયું છે. પ્રેમીના અત્યાચારના કારણે ગુપ્ત ભાગેથી અતિશય રક્તસ્રાવ થતાં સગીરાના આંતરડા અને કિડનીમાં ગંભીર ઈન્ફેક્શન ફેલાઈ ગયું હતું. ચાર હોસ્પિટલ બદલ્યા બાદ પણ ત્રણ દિવસથી બેભાન હાલતમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાધા બાદ સગીરાનું મોત નીપજ્યું છે.

PI અંકુર દેસાઈએ કહ્યું કે, આરોપીને રાઉન્ડ અપ કર્યો. પ્રાથમિક તપાસમાં દુષ્કર્મની ઘટના સેક્ટર 16ના એક ગેસ્ટ હાઉસમાં બની હોવાનું સામે આવ્યું છે. ફોરેન્સિક ટીમને સાથે રાખી પેનલથી પોસ્ટમોટમ કરવામાં આવ્યું છે.

પરિવારે આખી રાત દીકરીને શોધી, સવારે આરોપીના પિતા માણસો સાથે ઘરે પહોંચ્યાં મૃતક સગીરાના પરિવારજનોએ આક્રોશ સાથે જણાવ્યું કે, અમારી દીકરીની દોઢ વર્ષ અગાઉ સગાઈ થઈ હતી. છઠ્ઠી તારીખે દીકરી કોલેજ ગઈ હતી. બપોરે 1 વાગ્યે તેની સાથે વાતચીત થતા તે સરખેજ માસીના ઘરે જવાની હતી, પરંતુ સાત વાગ્યા સુધી તે પહોંચી ન હતી. અમે આખીરાત તેને શોધવામાં કાઢી હતી. બીજા દિવસે સવારના 5:30 વાગ્યે આરોપી દિશાંત ઉર્ફે દીપના પિતા ભરતભાઈ 10થી 12 લોકોને લઈને અમારા ઘરે આવ્યા હતા અને દીકરીને દિશાંત સાથે પ્રેમ સંબંધ હોવાનો દાવો કર્યો હતો.

અમને વધુમાં કહ્યું કે, દીકરીને આચંકી આવી હોવાથી સરગાસણ પગરવ હોસ્પિટલમાં દાખલ કરી. અમે ત્યાં પહોંચ્યા પછી ખબર પડી કે, દીકરી- જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે. ત્યાં સુધીમાં તો ભરતભાઈ (આરોપીના પિતા) સહિતના લોકો ત્યાંથી રવાના થઈ ગયા. આટલો ગંભીર બનાવ છતાં પગરવ હોસ્પિટલે પણ અમારા પહોંચ્યા પછી પોલીસને જાણ કરી હતી. આમાં હોસ્પિટલની પણ ગંભીર બેદરકારી છે. હોસ્પિટલમાંથી જ જાણવા મળ્યું કે, ભરતભાઈએ મારી દીકરીના વાલી બની એડમિટ કરાવી હતી.

જ્યારે પીડિતાના પિતાએ કહ્યું, આરોપીના પિતાએ સમાધાન કરી કેસ દબાવવા પૈસાની પણ ઓફર કરી હતી, અમારે પૈસા નહીં પણ ન્યાય જોઈએ છે.

## PCBએ ઘરમાં ચાલતા મોટા જુગારધામ પર રેડ કરી 7 જુગારીઓ પકડ્યા

અમદાવાદ | ચાંદખેડાના ખોડિયાર નગર હાઉસિંગ બોર્ડ ખાતે આવેલા મકાન નંબર 882/133ના પહેલા માળે વિક્રમસિંહ ઉર્ફે વિપુલ ઝાલા દ્વારા આ જુગારધામ ચલાવવામાં આવી રહ્યું હતું. સ્થાનિક ચર્ચા મુજબ, જુગારના દાવમાંથી એકત્ર થતી રકમમાંથી અલગ-અલગ પોલીસકર્મીઓને હપ્તા/ભરણ પહોંચાડવામાં આવતું હતું. 8 ઓગસ્ટના રોજ પીસીબીએ અચાનક પાડેલા દરોડામાં દાવ પરથી રોકડા 2,67,300, 8 મોબાઈલ ફોન, 3 ટુ-વ્હીલર તેમજ ગંજીપાના, લાઈટબિલ અને ગોદડી સહિત કુલ 5,64,300 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. રહેણાંક વિસ્તારના એક મકાનમાં આટલા મોટા પાયે જુગારધામ ધમધમતું હોય, તો સ્થાનિક પોલીસને કે તેના બીટ ઈન્ચાર્જને આ અંગે જાણ કેમ ન થઈ? જુગારના દાવની રકમમાંથી અલગ-અલગ પોલીસકર્મીઓને નિયમિત હપ્તા/ભરણ પહોંચાડવાની ચર્ચાઓ જો સાચી હોય.

# બે વખત મોકૂફ રહ્યા બાદ GPSCની પ્રિલિમિનરી પરીક્ષા યોજાઈ : 34 સંવર્ગની ભરતી માટે 50 હજારથી વધુ ઉમેદવાર, પરિણામ વહેલું જાહેર થાય તેવી ઉમેદવારોને આશા

અમદાવાદ | ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા વિવિધ વર્ગ-1 અને વર્ગ-2ની ભરતી માટે પ્રિલિમિનરી પરીક્ષા યોજવામાં આવી હતી. અગાઉ એક ઓગસ્ટે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ ભારે વરસાદના કારણે પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. જેમાં ફેરફાર કરીને આજે પરીક્ષા યોજવામાં આવી હતી. અલગ અલગ 34 સંવર્ગની ભરતી માટે 50 હજાર કરતા વધુ વિદ્યાર્થી પરીક્ષા આપી રહ્યા છે. પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા તમામ વ્યવસ્થા કરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો છે.

GPSC દ્વારા જાહેર કરાયેલા સુધારેલા કાર્યક્રમ મુજબ આજે 11થી બપોરે 12 વાગ્યા સુધી પરીક્ષા યોજાઈ હતી. જેમાં પશુ ચિકિત્સા અધિકારી, નર્સિંગ સેવા, મહિલા અને બાળ અધિકારી, જનરલ મેનેજર-ડેપ્યુટી જનરલ મેનેજર, મદદનીશ ઈજનેર, સંશોધન અધિકારી, ભૂસ્તરશાસ્ત્રી, એસ્ટેટ અધિકારી, લીગલ ઓફિસર, વેલ્યુએશન ઓફિસર, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી સહિત વિવિધ વર્ગ-1 અને વર્ગ-2ની જગ્યાઓ માટે પરીક્ષા યોજાઈ હતી.

ગુજરાત વહીવટી સેવા વર્ગ-1, ગુજરાત સિવિલ સર્વિસ વર્ગ-1 અને વર્ગ-2 તથા ગુજરાત મ્યુનિસિપલ ચીફ ઓફિસર સર્વિસ વર્ગ-2ની જગ્યાઓની ભરતીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેર અને ગ્રામ્યના 155 સેન્ટર પર 1580 બ્લોકમાં 37 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી.

પરીક્ષા કેન્દ્રો પર ઉમેદવારોને કોલ લેટર અને માન્ય ફોટો આઈડીની ચકાસણી બાદ પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રવેશ પહેલાં ઉમેદવારોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું, જેમાં કોલ લેટર પરની વિગતો અને ફોટો આઈડીમાં રહેલી માહિતીની ચકાસણી કરવામાં આવી હતી. સાથે જ ઉમેદવારો પાસે કોઈ મોબાઈલ ફોન, સ્માર્ટવોચ, ઈલેક્ટ્રોનિક ગેજેટ કે પરીક્ષામાં પ્રતિબંધિત અન્ય સામગ્રી છે કે નહીં તેની પણ તપાસ કરવામાં આવી હતી. પરીક્ષા દરમિયાન ગેરરીતિ ન થાય તે માટે કેન્દ્રો પર સુરક્ષાની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી.

કેશોદથી આવેલા ઉમેદવાર પ્રતીકસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, સિવિલ એન્જિનિયરિંગ, આસિસ્ટન્ટ એન્જિનિયરિંગ 4 અલગ અલગ સંવર્ગની પરીક્ષાઓ છે. આજે SMCમાં પણ મારી પરીક્ષા હતી. પરંતુ પરીક્ષાની તારીખ ચેન્જ થઈ હોવાથી બંને પરીક્ષા એક દિવસે યોજાઈ રહી છે. જેથી મેં GPSC પરીક્ષાને પ્રિયોરિટી આપી પરીક્ષા આપવા માટે આવ્યો છું. SMCમાં પણ ટેકનિકલ કેડરની સિવિલ એન્જિનિયરિંગની પરીક્ષા હતી. નોકરીની સાથે સાથે પરીક્ષાની પણ તૈયારી કરીએ છીએ.

વિજાપુરથી આવેલા ઉમેદવાર કૃણાલ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, આજે 50 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. નોકરી સાથે સાથે પરીક્ષા માટે તૈયારીઓ કરીએ છીએ જેથી ઘણું અઘરું થઈ જતું હોય છે. રાજકોટથી આવેલા ઉમેદવાર પરેશ પાનસુરીયાએ જણાવ્યું હતું કે, આજે 100 માર્ક્સની પ્રિલિમરી પરીક્ષા યોજાઈ રહી છે. છેલ્લા દોઢ વર્ષથી પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યો છું. અગાઉ પણ પરીક્ષા આપી હતી.

ગાંધીનગરથી આવેલા ઉમેદવાર ભીષ્મય સિન્હાએ જણાવ્યું હતું કે, જનરલ સ્ટડી પેપર માટે તૈયારીઓ પણ ખૂબ સારી કરી હતી. અગાઉ પણ GPSCની પરીક્ષા આપી હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ GPSC વહેલી તકે પરિણામ પણ જાહેર કરી દે તેવી અપેક્ષા રાખી રહ્યા છીએ. જો વહેલું પરિણામ જાહેર થાય તો આગળ શું કરવું તે વિદ્યાર્થીઓને ખ્યાલ આવી શકે.

# 10 ઓગષ્ટ, વિશ્વ સિંહ દિવસ: માનવ હુમલામાં સંડોવાયેલા સિંહોને રાખવા માટે આંબરડી સફારી પાર્કમાં ખાસ સીમિત ક્ષેત્ર બનાવવામાં આવશે...!

ગાંધીનગર | માનવ હુમલામાં સંડોવાયેલા સિંહોને ખાસ સીમિત ક્ષેત્રમાં રાખવા માટે ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. આંબરડી સફારી પાર્કમાં 100 હેક્ટર વિસ્તારમાં એક ખાસ સીમિત ક્ષેત્રના નિર્માણ માટે વન વિભાગ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે. માનવ હુમલામાં સંડોવાયેલા સિંહોને આ ક્ષેત્રમાં તેમની કુદરતી હેબિટેટ અંતર્ગત રાખવામાં આવશે. આંબરડી સફારી પાર્ક એ અમરેલી જિલ્લાના ધારીમાં સ્થિત ગીર સંરક્ષિત વિસ્તારનું આરક્ષિત જંગલ છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે સિહ સંરક્ષણ-સંવર્ધનની યોજનાઓ અને પ્રોજેક્ટ્સનું અસરકારક અમલીકરણ કર્યું છે. સિંહોની સુરક્ષા અને સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે 10 ઓગ્ષટે 'વિશ્વ સિંહ દિવસ' મનાવવામાં આવે છે.

આ વિષય અંગે અગ્રમુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ડૉ. જયપાલ સિંઘ, IFS દ્વારા જણાવ્યા અનુસાર, "માનવ હુમલામાં સંડોવાયેલા સિંહોને સીમિત ક્ષેત્રમાં રાખવા માટે આંબરડી સફારી પાર્કમાં ફેન્સિંગ કરીને તેમને અનુકૂળ વાતવરણ અંતર્ગત રાખવામાં આવશે. આ કામગીરી માટે જરૂરી સૂચનો આપવામાં આવ્યા છે અને તે અંગેની જરૂરી કામગીરી શરૂ કરવામાં આવી છે." મનુષ્યો અને વન્યજીવો વચ્ચે સંઘર્ષ ઘટાડવા, પ્રાણીઓને સુરક્ષિત રહેઠાણ ઉપલબ્ધ કરાવવા, જૈવિક સંતુલન જાળવવા અને પ્રજાતિઓના લાંબા ગાળાના સંરક્ષણ માટે વન વિભાગ દ્વારા સમયાંતરે વૈજ્ઞાનિક રીતે સ્થળાંતરની કામગીરી હાથ ધરવામાં આવે છે. વન્ય પ્રાણીઓના સ્થળાંતર પાછળ સામાન્ય રીતે અનેક કારણો જવાબદાર હોય છે. જ્યારે પ્રાણી ગામડાં કે વસ્તીવાળા વિસ્તારોમાં ઘૂસી જાય ત્યારે તેને સુરક્ષિત રીતે પકડીને જંગલમાં પાછું છોડવામાં આવે છે. આ ઉપરાંત, ઘાયલ કે બીમાર પ્રાણીઓની સારવાર માટે, વસ્તી નિયંત્રણ અને યોગ્ય રહેઠાણ (હેબિટેટ) પૂરું પાડવા માટે પણ સ્થળાંતર કરવામાં આવે છે. સિંહ અને દીપડાના કિસ્સામાં ઘણી વખત તેઓ ખેતરો કે રહેણાંક વિસ્તારોમાં ભટકી જતાં હોવાથી તેમને પકડીને સુરક્ષિત અભયારણ્ય કે જંગલ વિસ્તારમાં છોડવામાં આવે છે, જ્યારે મગરના કિસ્સામાં તળાવો કે નદીકિનારે વસ્તીની નજીક જોવા મળે ત્યારે તેમને સલામત જળાશયોમાં ખસેડવામાં આવે છે.

અમરેલી જિલ્લાના ધારી નજીક આવેલું આંબરડી સફારી પાર્ક ગુજરાતનું એક મહત્વપૂર્ણ વન્યજીવ પ્રવાસન કેન્દ્ર છે. આશરે 365 હેક્ટર વિસ્તારમાં વિસ્તરેલું આ પાર્ક ગીરના કુદરતી પર્યાવરણનો અનુભવ કરાવે છે. અહીં એશિયાટિક સિંહ ઉપરાંત દીપડો, ચિતલ, નીલગાય, ચિંકારા, મોર અને વિવિધ પક્ષીઓનું સંરક્ષણ કરવામાં આવે છે. વર્ષ 2017માં શરૂ થયેલું આંબરડી સફારી પાર્ક વન્યજીવ સંરક્ષણ અને પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ વધારવાના હેતુથી વિકસાવવામાં આવ્યું છે. આધુનિક સફારી સુવિધાઓ, હરિયાળું કુદરતી વાતાવરણ અને ગીરના વન્યજીવનનો નજીકથી અનુભવ કરવાની તક મળવાને કારણે દર વર્ષે મોટી સંખ્યામાં પ્રવાસીઓ અહીં મુલાકાત લે છે.

આ પાર્ક સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન આપવા સાથે અમરેલી જિલ્લામાં ઈકો-ટૂરિઝમના વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. પ્રાણીજગતમાં રૂચિ ધરાવતા પ્રવાસીઓ માટે આંબરડી સફારી પાર્ક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

# ગાંધીનગર LCBએ રાંધેજા પાસે કારમાંથી દારૂ ઝડપ્યો 5 લાખથી વધુના મુદ્દામાલ સાથે બુટલેગર પકડાયો

ગાંધીનગર | ગાંધીનગર LCBની ટીમે બાતમીના આધારે રાંધેજાથી કોલવડા જવાના માર્ગ પર આવેલા આશાપુરા માતાના મંદિર નજીક નેળિયામાંથી અર્ટીગા કારમાં ચાલતા દારૂના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે દારૂ-બિયરના જથ્થા સહિત કુલ રૂ. 5 લાખથી વધુના મુદ્દામાલ સાથે એક બુટલેગરને દબોચી લીધો છે.

LCBની ટીમ પેથાપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે નેળિયામાં સફેદ અર્ટીગા કારમાં દારૂ હોવાની બાતમી મળી હતી. ટીમે કારને ચારેય તરફથી ઘેરીને ડ્રાઈવર સીટ પર બેઠેલા પેથાપુરના 26 વર્ષીય પ્રદિપસિંહ વાઘેલાને ઝડપી લીધો હતો. કારમાં તપાસ કરતાં વચ્ચેની અને પાછળની સીટ પરથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો તથા બિયરના ટીન મળી રૂ.96 હજારથી વધુનો જથ્થો મળી આવ્યો હતો. ઝડપાયેલા આરોપીની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે આ દારૂનો જથ્થો ઈડરના મહાવીરસિંહ દેવડા નામના શખ્સે પેથાપુર ચોકડી સુધી પહોંચાડ્યો હતો,



જે રાંધેજાના પ્રતીકસિંહ વિહોલને ડિલિવર કરવાનો હતો. ડિલિવરી થાય તે પહેલાં જ પોલીસે દરોડો પાડી દારૂ, કાર અને મોબાઈલ મળી કુલ રૂ.5.04 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પેથાપુર પોલીસે દારૂ મોકલનાર મહાવીરસિંહ અને મંગાવનાર પ્રતીકસિંહ સામે પણ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...